અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


તારીખ : ૨૯ માર્ચ ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ અમાસ | અંક : ૨૬૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### ભારતીય દૂતાવાસે ઇમરજન્સી નંબર જાહેર કર્યો | ૧૨ મિનિટ બાદ ૬.૪ની તીવ્રતાનો આફ્ટરશોક અનુભવાયો

# મ્યાનમારમાં ૭.૭ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ

| (એજન્સી) મ્યાનમાર, તા.૨૮ |

શુક્રવારે (૨૮ માર્ચ) મ્યાનમારમાં આવેલા પ્રચંડ ભૂકંપને કારણે મ્યાનમારમાં મંડલે મસ્જિદમાં ૨૦ લોકોના મોત થયા છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભૂકંપના તીવ્ર આંચકાને કારણે મ્યાનમારના મંડલેમાં એક મસ્જિદ સંપૂર્ણપણે નાશ પામી હતી. જ્યારે આ ઘટના બની ત્યારે મસ્જિદની અંદર ઘણા લોકો હાજર હતા. બીએનઓના અહેવાલ મુજબ, મ્યાનમારમાં આવેલા ભૂકંપને કારણે અત્યાર સુધીમાં ૨૫ લોકોના મોત થયા છે. મ્યાનમારના ટુંગૂમાં પણ ૫ લોકોના મોત થયા છે. જ્યારે થાઈલેન્ડમાં આવેલા ભૂકંપને કારણે બેંગકોકમાં ડઝનબંધ લોકો ઘાયલ થયા છે. આ સમયગાળા દરમિયાન, ૪૩ લોકો ગુમ થયા છે. મ્યાનમારની સેનાએ દેશના મધ્ય ભાગના મોટા ભાગોમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી છે, જેમાં બીજા ક્રમનું શહેર મંડલે અને લશ્કર દ્વારા નિર્મિત રાજધાની નાયપીડોનો સમાવેશ થાય છે. સીએનએન અનુસાર, સાગાઈંગ, મંડલે, બાગો અને મેગવે પ્રદેશો તેમજ પૂર્વીય શાન રાજ્યમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. ચીન, થાઈલેન્ડ અને મ્યાનમારમાં આવેલા ભૂકંપ પછી, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં બહુમાળી ઈમારતની ટોચ પર બનેલા સ્વિમિંગ પૂલમાંથી પાણી પડી રહ્યું છે. પડોશી મ્યાનમારમાં આવેલા ભૂકંપ બાદ થાઈલેન્ડના વડા પ્રધાને બેંગકોકને 'ઈમરજન્સી ઝોન' જાહેર કર્યું છે. શહેરના ચતુચક પાર્ક વિસ્તારમાં એક ઈમારત ધરાશાયી થતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને શહેરમાં ભારે નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. પીએમ કાર્યાલયના એક નિવેદન અનુસાર, "વડાપ્રધાનએ ગૃહ મંત્રાલયને તાત્કાલિક બેંગકોકને કટોકટી ક્ષેત્ર જાહેર કરવા અને દેશના તમામ રાજ્યોને તેને કટોકટી તરીકે ધ્યાનમાં લેવા માટે જાણ કરવા સૂચના આપી છે જેથી જરૂર પડ્યે તાત્કાલિક જાહેર સહાય પૂરી પાડી શકાય."





નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ માહિતી આપી છે કે મ્યાનમારમાં બીજો ભૂકંપ શુક્રવારે રાત્રે ૧૨:૦૨ વાગ્યે આવ્યો હતો. આ ભૂકંપ પણ ખતરનાક હતો અને તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૦ માપવામાં આવી હતી. આ ભૂકંપનું કેન્દ્ર પણ પૃથ્વીની અંદર ૧૦ કિલોમીટર અંદર હતું.

## બેંગકોક અને થાઇલેન્ડમાં ભયાનક ભૂકંપ આવ્યો



| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

બેંગકોક અને થાઈલેન્ડના અન્ય વિસ્તારોમાં આવેલા શક્તિશાળી ભૂકંપ બાદ ભારતીય દૂતાવાસ સતત થાઈ સત્તાવાળાઓ સાથે સંપર્કમાં છે અને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. દૂતાવાસે જણાવ્યું છે કે અત્યાર સુધી કોઈપણ ભારતીય નાગરિકને સંડોવતા કોઈ અનિચ્છનીય ઘટનાના સમાચાર મળ્યા નથી, જે રાહતની વાત છે. થાઈલેન્ડમાં ભારતીય દૂતાવાસે ત્યાં રહેતા ભારતીય નાગરિકોને કોઈપણ કટોકટીના સંજોગોમાં તાત્કાલિક સહાયતા માટે એક ઈમરજન્સી નંબર જાહેર કર્યો છે. દૂતાવાસે સલાહ આપી છે કે જરૂર પડે તો ભારતીય નાગરિકો +૬૬ ૬૧૮૮૧૯૨૧૮ પર સંપર્ક કરી શકે છે.

### ચીનમાં આવ્યો ૭.૯ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ

બેઈજિંગની ભૂકંપ એજન્સી અનુસાર, ચીનના દક્ષિણ-પશ્ચિમ યુનાન પ્રાંતમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. શિન્હુઆ ન્યૂઝ એજન્સી અનુસાર, ચાઈના અર્થક્વેક નેટવર્ક સેન્ટરે જણાવ્યું હતું કે ભૂકંપની તીવ્રતા ૭.૯ માપવામાં આવી હતી. CENC એ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે યુનાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ચીનમાં આવેલા ભૂકંપ પહેલા મ્યાનમારમાં પણ ૭.૭ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. તેની અસર દક્ષિણ થાઈલેન્ડ સુધી અનુભવાઈ. રાજધાની બેંગકોકમાં, ઈમારતો ધ્રુજવાથી લોકો રસ્તાઓ પર દોડવા લાગ્યા. યુએસજીએસે જણાવ્યું હતું કે ભૂકંપ મ્યાનમારના સાગાઈંગ શહેરથી ૧૬ કિલોમીટર (૧૦ માઈલ) ઉત્તરપશ્ચિમમાં આવ્યો હતો. ચીનના રાજ્ય પ્રસારણકર્તા સીસીટીવીએ અહેવાલ આપ્યો છે કે મ્યાનમારની સરહદે આવેલા યુનાન પ્રાંતમાં એઝોઉ અને ગુઆંગશીના ભાગો સહિત અનેક સ્થળોએ ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા.

### મ્યાનમાર અને થાઈલેન્ડના ભૂકંપ પર મોદીની પ્રતિક્રિયા

| નવી દિલ્હી, તા.૨૮ |

મ્યાનમાર અને થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૭ માપવામાં આવી હતી, જે ખૂબ જ ઘાતક હતી. આ ભૂકંપ બાદ થાઈલેન્ડના ઘણા શહેરોમાં ઈમારતો ધ્રૂજવાના અને રસ્તાઓ પર તિરાડો પડવાના અહેવાલો છે. આ ભૂકંપ પછી, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચિંતા વ્યક્ત કરી અને સોશિયલ મીડિયા પર સંકટની આ ઘડીમાં અસરગ્રસ્ત દેશો સાથે ભારતની સંપૂર્ણ સંવેદના વ્યક્ત કરી. પીએમ મોદીએ પોતાના ટ્વીટમાં કહ્યું, "હું બધાની સુરક્ષા અને સુખાકારી માટે પ્રાર્થના કરું છું. ભારતે તમામ શક્ય મદદ આપવાનું વચન આપ્યું છે.

### કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરાયો

## કેન્દ્રીય કર્મચારીઓને સરકારે આપી ભેટ, મોંઘવારી ભથ્થામાં થયો વધારો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

કેન્દ્રીય કેબિનેટે શુક્રવારે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા (DA)માં ૨% વધારાને મંજૂરી આપી છે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં સરકારે આ મોટો નિર્ણય લીધો છે. આ વધારા સાથે હવે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોનું મોંઘવારી ભથ્થું (DA) અને પેન્શનરોની મોંઘવારી રાહત (DR) ૫૩% થી વધીને ૫૫% થઈ જશે. આ વધારો ૭મા પગાર પંચ હેઠળ કરવામાં આવ્યો છે. મોંઘવારી ભથ્થાના નવા દરો જાન્યુઆરીથી જૂન છમાસિક અને પછી જુલાઈથી ડિસેમ્બર છમાસિક માટે લાગુ પડે છે. સરકાર દ્વારા જાહેર કરાયેલ મોંઘવારી ભથ્થાનો લાભ માત્ર સરકારી કર્મચારીઓ અને જાહેર ક્ષેત્રના ઉપક્રમો એટલે કે સરકારી કંપનીઓમાં કામ કરતા લોકોને જ ઉપલબ્ધ છે. પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતા લોકોને આમાં કોઈ ફાયદો નથી મળતો.

કેન્દ્ર સરકારના કર્મચારીઓને વર્તમાન મોંઘવારી દર અને તેમના મૂળ પગારના આધારે મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે, જ્યારે પેન્શનરોને મોંઘવારી રાહત મળે છે. તેમનો ઉદ્દેશ્ય કર્મચારીઓ અને પેન્શનરો પર મોંઘવારીનો બોજ ઘટાડવાનો છે. સરકાર મોંઘવારી દરના આધારે વર્ષમાં બે વખત તેમાં ફેરફાર કરે છે. જો કોઈ કર્મચારીનો મૂળ પગાર ૧૮ હજાર રૂપિયા છે તો તેમાં ૨ ટકાનો વધારો કર્યા બાદ તેને દર મહિને ૩૬૦ રૂપિયાવધુમળશે. આરીતેએકવર્ષમાં ૪,૩૨૦ રૂપિયાની વધારાની આવક થશે. જ્યારે પેન્શનરનું બેઝિક પેન્શન ૯ હજાર રૂપિયા છે, તો ૨ ટકાના વધારા સાથે તેને દર મહિને ૧૮૦ રૂપિયા વધુ મળશે. એટલે કે તેને એક વર્ષમાં તેના પેન્શનમાં ૨,૧૬૦ રૂપિયાનો લાભ મળશે. મોંઘવારી ભથ્થું એ સરકારી કર્મચારીઓને વધતી મોંઘવારી અનુસાર તેમના મૂળભૂત પગારને સમાયોજિત કરવા માટે આપવામાં આવતી રકમ છે. દર ૧૦ વર્ષ પછી પગાર પંચમાં મૂળ પગાર નક્કી કરવામાં આવે છે, પરંતુ DA સમયાંતરે કર્મચારીઓના પગારમાં વધારો સુનિશ્ચિત કરે છે.

### સરકારે ૧૪ એપ્રિલના રોજ આંબેડકર જયંતિ પર જાહેર રજા ઘોષિત કરી

| નવી દિલ્હી, તા.૨૮ |

કેન્દ્ર સરકારે શુક્રવારે ડો. ભીમરાવ આંબેડકરની જયંતિ ૧૪ એપ્રિલના રોજ સમાજ અને સંવિધાનમાં તેમના યોગદાન બદલ જાહેર રજાની ઘોષણા કરી છે. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ અંગે ઘોષણા કરી કહ્યું કે, "સંવિધાનના શિલ્પકાર, સમાજમાં સમાનતાના નવા યુગની સ્થાપના કરનારા આપણા બાબા સાહેબ પૂજ્ય ડો. ભીમરાવ આંબેડકરજીની જયંતિ પર હવે રાજકીય રજા રહેશે."

### કાઠમંડુમાં અનેક સ્થળે દેખાવો

## નેપાળમાં રાજાશાહીની માંગ સાથે ભયંકર હિંસા: સેના રસ્તા પર ઉતરી

**થોડા દિવસ પહેલા પણ નેપાળના રાષ્ટ્રધ્વજ સાથે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર વીર વિક્રમ શાહની છબી સાથે વ્યાપક દેખાવો થયા હતા**

| (એજન્સી) નેપાળ, તા.૨૮ |

નેપાળમાં 'રાજાશાહી' સ્થાપવા મુદ્દે અને હિન્દુ રાજ્યનો દરજ્જો આપવાની માંગ મુદ્દે ભારે બબાલ શરૂ થઈ ગઈ છે. કાઠમંડુમાં સુરક્ષા કર્મચારીઓ અને રાજાશાહીના સમર્થકો વચ્ચે હિંસક અથડાણ થઈ છે. અહીં લોકો પર રસ્તા પર ઉતરી આવ્યા છે. આ ઉપરાંત પથ્થમારો અને આંગ ચાંપવાના બનાવો પણ શરૂ થઈ ગયા છે. થોડા દિવસ પહેલા પણ નેપાળના રાષ્ટ્રધ્વજ સાથે પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર વીર વિક્રમ શાહની છબી સાથે વ્યાપક દેખાવો થયા હતા.નેપાળમાં છેલ્લા કેટલાક દિવસોથી ફરી રાજાશાહીની માંગ તેજ થઈ ગઈ છે. ઘણા લોકો નેપાળને ફરી હિન્દુ રાષ્ટ્ર જાહેર કરીને જ્ઞાનેન્દ્ર શાહને રાજગાદી પર બેસાડવાની માંગ કરી રહ્યા છે. એવામાં આજે નેપાળમાં ઠેર ઠેર હિંસા જોવા મળી. બેકાબૂ ભીડે અનેક ઈમારતો અને વાહનોને આગના હવાલે કરી દીધા. મોટી સંખ્યામાં પોલીસ જવાનો ઈજાગ્રસ્ત હોવાની માહિતી મળી રહી છે.

### પાકિસ્તાન લઘુમતીઓના રક્ષણ માટે પગલાં લેતું નથી

## પાકિસ્તાન-બાંગ્લાદેશમાં હિંદુ કેટલા સુરક્ષિત? જયશંકરે સંસદમાં પોલ ખોલી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં હિન્દુઓ કેટલા સુરક્ષિત છે? ત્યાં લઘુમતીઓ પર કેવી રીતે અત્યાચાર થાય છે? વિદેશ મંત્રી એસ જયશંકરે સંસદમાં તેનો ડેટા રજૂ કર્યો. એસ જયશંકરે લોકસભામાં લઘુમતીઓ પર અત્યાચારનો ડેટા બતાવીને પાકિસ્તાન અને બાંગ્લાદેશનો પર્દાફાશ કર્યો. તેમણે કહ્યું કે અમે પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં લઘુમતી મુદ્દા પર નજર રાખીએ છીએ અને તેને ઉઠાવીએ છીએ. આ દરમિયાન તેમણે ઈન્દિરા ગાંધીનો ઉલ્લેખ કર્યો. પાકિસ્તાનમાં અલ્પસંખ્યકો પર થતા અત્યાચારો પર સંસદમાં બોલતા વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે ભારત આવી બાબતો પર ઝીણવટભરી નજર રાખે છે અને આ મુદ્દો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઉઠાવે છે. સંસદમાં, એસ જયશંકરે યુએનમાં ભારતના સ્ટેન્ડને પુનરાવર્તિત કરતી વખતે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા હતા, જ્યાં માનવાધિકારના ઉલ્લંઘન અને લઘુમતીઓ પરના અત્યાચારો માટે પાડોશી દેશનું નામ શરમમાં મુકવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રપતિ મૂર્મુ, વડાપ્રધાને બાંગ્લાદેશને રાષ્ટ્રીય દિનની શુભેચ્છા પાઠવી

## ભારત-બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં સંવેદના મહત્વની: વડાપ્રધાન મોદી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશના રાષ્ટ્રીય દિવસ નિમિત્તે વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસને પત્ર લખી શુભેચ્છાઓ પાઠવી હતી. વડાપ્રધાન મોદીએ પત્રમાં ૧૯૭૧ના મુક્તિ સંગ્રામનું ઐતિહાસિક મહત્વ દર્શાવી ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મજબૂત અને સ્થિર સંબંધો માટે પારસ્પારિક સંવેદનશીલતાના મહત્વ પર ભાર મુક્યો હતો. વડાપ્રધાને પોતાના પત્રમાં જણાવ્યું હતું કે, આપને તથા બાંગ્લાદેશના નાગરિકોને હું રાષ્ટ્રીય દિનની શુભેચ્છા પાઠવું છું. આ દિવસ આપણાં સહિયારા ઈતિહાસ અને બલિદાનનો પુરાવો છે. જેના પરિણામે આપણી દ્વિપક્ષીય



ભાગીદારીનો પાયો રચાયો હતો. બાંગ્લાદેશનો મુક્તિ સંગ્રામ આપણાં સંબંધોની દિવાદાંડી છે. આ ભાગીદારી અનેક ક્ષેત્રોમાં વિસ્તરણ પામી બંને દેશોના નાગરિકો માટે લાભદાયી નિવડી છે. શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિની આપણી સમાન આકાંક્ષાઓ તથા એકબીજાના હિતો પરત્વેની આપણી સંવેદનશીલતાના આધારે અમે આ ભાગીદારીને વધુ મજબૂત બનાવવા પ્રતિબદ્ધ છીએ. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ પણ બાંગ્લાદેશના તેમના સમકક્ષ મોહમ્મદ શાહબુદ્દિનને રાષ્ટ્રીય દિનની શુભેચ્છાઓ પાઠવી હતી. રાષ્ટ્રપતિ મૂર્મુએ લોકતાંત્રિક અને વિકાસશીલ બાંગ્લાદેશ માટે ભારતના સહયોગની ખાતરી આપી હતી. શેખ હસીનાના નેતૃત્વવાળી સરકારને સત્તામાંથી ખદેડી દેવાયાં બાદ ભારત અને બાંગ્લાદેશના સંબંધોમાં ખટરાગ પેદા થયો છે. સત્તામાંથી બેદખલ કરાયા બાદ શેખ હસીના પોતાનો જીવ બચાવવા ભાગીને ભારત આવી ગયા હતાં. સત્તા પલ્ટાને પગલે યુનુસની અધ્યક્ષતામાં વચગાળાની સરકાર રચાયા બાદ બાંગ્લાદેશમાં હિન્દુઓ પરના હુમલામાં અનેક ગણો વધારો થયો છે.

### મુંબઈ ઈન્ડિયન્સ ગુજરાત ટાઇટન્સ સામે આજે ટકરાશે

| અમદાવાદ, તા.૨૮ |

ક્રિકેટના મેદાન પર ફોર-સિક્સની તબાહી મચાવનાર સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હવે IPL 2025માં મુંબઈ ઈન્ડિયન્સની કપ્તાની કરવા માટે તૈયાર છે. હાર્દિક પંડ્યા છેલ્લી સિઝનમાં સ્લો ઓવર રેટના કારણે લાગેલા બેનના કારણે IPL 2025ના પહેલો મેચ રમી શક્યો ન હતો. હાર્દિક પંડ્યાની ગેરહાજરીમાં મુંબઈ ઈન્ડિયન્સ (MI)ને છેલ્લી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) સામે ૪ વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. કેપ્ટન હાર્દિક પંડ્યાની વાપસી બાદ મુંબઈ ઈન્ડિયન્સની ટીમને બેટિંગ અને બોલિંગમાં ઘણું સંતુલન મળશે. મુંબઈ ઈન્ડિયન્સે તેની આગામી મેચ શનિવારે ગુજરાત ટાઈટન્સ સામે રમવાની છે. આ મેચમાં હાર્દિક પંડ્યા કેપ્ટન તરીકે વાપસી કરશે. મુંબઈ ઈન્ડિયન્સે પ્રથમ અને બીજી મેચ વચ્ચે લગભગ એક અઠવાડિયાના અંતરાલ દરમિયાન જામનગરમાં થોડા દિવસો વિતાવ્યા હતા.

## આમિર ખાન યુ ટ્યૂબર બન્યો, પોતાની યુ ટ્યૂબ ચેનલ શરૂ કરી

| (એજન્સી) મુંબઈ, તા.૨૮ |

એક્ટર આમિર ખાન હવે યુ ટ્યૂબર બની ગયો છે. તેણે 'આમિર ખાન ટોકીઝ' નામની યુ ટ્યૂબ ચેનલ શરુ કરી છે. તેણે શરુઆતના કેટલાક વીડિયોમાં 'લગાન'નાં નિર્માણ વિશેની વાતો ઉપરાંત 'લાપત્તા લેડીઝ'માં તેના નિષ્ફળ ઓડિશનની વાતો શેર કરી છે. આ ચેનલના ઈન્ટ્રોડક્શન સ્ટુડિયોમાં આમિરે જણાવ્યુ હતું કે ફિલ્મોની નિર્માણ પ્રક્રિયા પાછળ પણ કેટલીક સ્ટોરીઝ હોય છે. આ સ્ટોરીઝ પોતે કોઈ મધ્યસ્થી વિના સીધા જ દર્શકો સાથે શેર કરવા માગે છે. આથી



તેણે આ યુ ટ્યૂબ ચેનલ ચાલુ કરી છે. તે આ ચેનલ દ્વારા પોતાની ફિલ્મ કારકિર્દીની વાતો જુદા જુદા એન્ગલથી રજૂ કરશે. આ ચેનલ પરથી આમિરની સુપરહિટ ફિલ્મ 'લગાન'નાં ભુજમાં થયેલાં શૂટિંગ વિશેની કેટલીય જાણી અજાણી વાતો શેર કરવામાં આવી છે. આ ફિલ્મમાં સેટ પર જ ડાયલોગ્સનું રેકોર્ડિંગ થયું હતું, આમિરે ક્રાઉડ કન્ટ્રોલ કરવામાં કેવી મહેનત કરી હતી, ચલે ચલો ગીતનાં લિરિક્સમાં જાવેદ અખ્તરે કેવા ફેરફારો સૂચવ્યા હતા, રિના દત્તાએ ફિલ્મના એક્ઝિક્યુટિવ પ્રોડ્યૂસર તરીકે કામ કર્યું હતું વગેરે કેટલીય વાતો આ વીડિયોમાં સમાવી લેવાઈ છે. એ જ રીતે આ ચેનલ પરથી આમિરે 'લાપત્તા લેડીઝ' માં ઈન્સ્પેક્ટરના રોલ માટે આપેલાં ઓડિશનનો વીડિયો પણ રીલિઝ કરાયો છે.

## જામનગરમાં કોંગ્રેસ સાંસદ સામે નોંધાયેલી FIR સુપ્રીમે કરી રદ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ |

કોંગ્રેસ સાંસદ ઈમરાન પ્રતાપગઢીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા પર કવિતા પોસ્ટ કરવા બદલ તેમની સામે જામનગરમાં નોંધાયેલ FIR રદ કરી દીધી છે. કવિતા સાથે જોડાયેલા આરોપો પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે મૂળભૂત અધિકારોનું રક્ષણ થવું જોઈએ. પોલીસે મૂળભૂત સુરક્ષાનું રક્ષણ કરવું જોઈએ. જસ્ટિસ અભય એસ ઓકા અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાની બેન્ચે આ નિર્ણય આપ્યો છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા પર સુપ્રીમ



કોર્ટે કહ્યું કે કવિતા, કલા અને વ્યંગ જીવનને અર્થપૂર્ણ બનાવે છે. કલા દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતા મહત્વપૂર્ણ છે. વિચારોનું સન્માન કરવું જોઈએ. ઈમરાન પ્રતાપગઢીએ FIR રદ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ગુજરાત પોલીસે ઈમરાન પ્રતાપગઢી વિરુદ્ધ FIR નોંધી હતી. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલી કવિતા અંગે એફઆઈઆર નોંધવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે તેના નિર્ણયમાં સ્પષ્ટ કર્યું છે કે બંધારણ મુજબ અભિવ્યક્તિની સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણો લાદી શકાય છે, પરંતુ નાગરિકોના અધિકારોને કચડી નાખવા માટે વાજબી પ્રતિબંધો ગેરવાજબી અને કાલ્પનિક ન હોવા જોઈએ. કવિતા, નાટક, સંગીત, વ્યંગ સહિતની કલાના વિવિધ સ્વરૂપો માનવ જીવનને વધુ અર્થપૂર્ણ બનાવે છે અને તેના દ્વારા લોકોને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપવી જોઈએ.

## ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા આજથી શરૂ થશે

। (એજન્સી) વડોદરા, તા.૨૮ ।

વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી લગભગ ૬ કિ.મી. સુધી ઉત્તર દિશામાં વહેતી હોવાથી ચૈત્ર મહિનામાં પંચકોશી ઉત્તરવાહિની પરિક્રમાનું વિશેષ માહાત્મ્ય છે. આ વર્ષે ૨૯મી માર્ચથી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા શરૂ થવા જઈ રહી છે, જે આગામી ૨૭મી એપ્રિલ એટલે કે લગભગ એક મહિના સુધી યોજાશે. નર્મદા પરિક્રમામાં જુદા જુદા રાજ્યોના ભક્તો મોટી સંખ્યામાં આવતા હોવાથી નર્મદા જિલ્લાના વહીવટીતંત્રએ ખાસ તૈયારી શરૂ કરી દીધી છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા નર્મદા પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો ભક્તો માટે ૩.૮૨ કરોડ રૂપિયાના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાના માર્ગમાં નર્મદા નદીના શહેરાવ ઘાટ, રેંગણ ઘાટ, રામપુરા ઘાટ અને તિલકવાડા ઘાટ આવેલ છે. આ તમામ ઘાટ પર મોટી સાઈઝના મંડપો, ખુરશી, બેરીકેડિંગ, લાઈટિંગ, ટૉયલેટ બ્લૉક, ચેન્જિંગ રૂમ, મેડિકલ બૂથ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, પોલીસ બૂથ માટે મંડપ, પીવાના પાણીની સુવિધા, સીસીટીવી કેમેરા, ચેતવણી બોર્ડ, ડી. જી. સેટ, સાઈનબોર્ડ્સ, પાર્કિંગ, યાત્રિકોને લાઈનમાં ઊભા રહેવા માટેની રેલિંગ, વોચ ટાવર, ફૂડ સ્ટોલ તથા સ્નાન માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ ઉપરાંત પરિક્રમા માર્ગ પર લાઈટિંગ, સાઈનેજિસ, કચરાપેટી, સીસીટીવી કેમેરા, સીનિયર સિટીઝન માટે બેઠક વ્યવસ્થા, ટોયલેટ યુનિટ, ઈમર્જન્સી કામગીરી માટે જેસીબી, હિટાચી, ક્રેન, દોરડા જેવી મશીનરી તથા વસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવી છે.

### અતીત અને આધુનિકતાના સમન્વયથી જ આપણે ભાવિ પેઢીનું ભવ્ય નિર્માણ કરી શકીશું : આચાર્ય દેવવ્રતજી

# રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયું ‘વિકસિત ભારત @2047ની દિશામાં શિક્ષક શિક્ષણનું રૂપાંતરણ’ વિષયક રાષ્ટ્રીય સંમેલન

### ઈચ્છા અને તૃપ્તિ વચ્ચેનું અંતર શ્રેષ્ઠતાપૂર્વક પાર કરવાનું પ્રશિક્ષણ એ જ સાચી કેળવણી : પ્રફુલભાઈ પાનસેરીયા

। (માહિતી બ્યુરો) ગાંધીનગર, તા.૨૮ ।

રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ, નવી દિલ્હી અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ’વિકસિત ભારત જ૨૦૪૭ની દિશામાં શિક્ષક શિક્ષણનું રૂપાંતરણ’ વિષયક રાષ્ટ્રીય સંમેલન યોજાયું છે. રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે આ રાષ્ટ્રીય સંમેલનનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે કહ્યું કે, અતીત અને આધુનિકતાના સમન્વયથી જ આપણે ભાવિ પેઢીનું ભવ્ય નિર્માણ કરી શકીશું. શિક્ષકોના પ્રશિક્ષણમાં મહત્વની ભૂમિકા નિભાવી રહેલી રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદના પશ્ચિમ ક્ષેત્રના છ રાજ્યો; છત્તીસગઢ, ગોવા, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન તથા કેન્દ્ર શાસિત પ્રદેશ; દાદરા, નગર હવેલી, દમણ અને દીવથી પધારેલા શિક્ષણવિદ્, નીતિ નિર્ધારણમાં મહત્વની ભૂમિકા



ભજવી રહેલા તજજ્ઞો અને ઉચ્ચ અધિકારીઓને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રમાં સૌ પથમ વખત શિક્ષણ ક્ષેત્રે આટલી ગંભીરતાપૂર્વક ચિંતન કરવામાં આવી રહ્યું છે. નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ વખતે અનુભૂતિ થઈ છે કે, ભારતની યુવા પેઢીને આપણે અત્યાર સુધી શિક્ષણ નહીં માત્ર માહિતી જ આપી રહ્યા છીએ. આ દિશામાં હવે અત્યંત ગંભીરતાપૂર્વક ચિંતન શરૂ થયું છે તે ભારતનું સૌભાગ્ય છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સ્વયં પણ શિક્ષક-આચાર્ય છે. ૩૦ વર્ષો સુધી તેમણે બાળકો ભણાવ્યા છે. બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનમાં શિક્ષણવિદોને સંબોધતાં તેમણે કહ્યું કે, નવી શિક્ષણ નીતિ અને વિકસિત ભારતજ૨૦૪૭; આ બંને મિશનનો મૂળ ઉદ્દેશ્ય એવા રાષ્ટ્રનું નિર્માણ કરવાનો છે જ્યાં સૌ સુખી અને આનંદિત હોય અને આપણે ભારતના નાગરિકો ગરીમાપૂર્ણ જીવન જીવીએ. સમજદાર એ છે જે જમાના સાથે પોતાની જાતને બદલે છે. આપણે વર્તમાન સમાજની આવશ્યકતા અનુસાર આપણી યુવા પેઢીને તૈયાર કરવાની છે.શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, સમાજની રચનામાં શિક્ષકની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. જો શિક્ષક પોતાની જવાબદારી સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક નિભાવે, તો તે રાષ્ટ્ર નિર્માણમાં પણ મહત્વની ભૂમિકા ભજવી શકે. પરંતુ જો શિક્ષક પોતે જ જ્ઞાનના દીપકની જેમ પ્રકાશિત ન થાય, તો તે બીજાને પ્રકાશ કેવી રીતે આપશે ? તેમણે કહ્યું કે, જો એક શિક્ષક નશો કરે, ધૂમ્રપાન કરે, અથવા અસત્ય બોલે, તો તેના શિષ્યો તેની પાસેથી શું શીખશે? પ્રખ્યાત માનસશાસ્ત્રી સિગમંડ ફ્રોઈડનું કહેવું છે કે, બાળક ભાષણથી નહીં, પરંતુ અવલોકનથી શીખે છે. તે તેના ગુરુના આચરણ, પહેરવેશ, વાતચીત અને વ્યવહારથી પ્રભાવિત થાય છે. પરંતુ આપણે ઘણીવાર આ વિચારીને ભૂલ કરી બેસીએ છીએ કે બાળક કંઈ સમજી શકતું નથી. હકીકતમાં, બાળકનું મગજ એક કોરા કાગળની જેમ હોય છે, જેમાં જે લખાય, તે ઊંડાઈથી છપાઈ જાય છે. રાષ્ટ્રીય શિક્ષણ શિક્ષા પરિષદએ આવા શિક્ષકોના નિર્માણ માટે એક શક્તિશાળી અભિયાન ચલાવવું જોઈએ. એ સુનિશ્ચિત કરવું જોઈએ કે શિક્ષક શું શીખવે, કેવી રીતે શીખવે, શું બોલે, શું ખાય, શું વિચારે અને શાનું ચિંતન કરે. જ્યારે આ દિશામાં મજબૂત કાર્ય થશે, ત્યારે રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા આપમેળે શરૂ થઈ જશે.

## ગાંધીનગરમાંથી રૂા. ૮.૨૩ લાખ પડાવનાર લૂંટેરી દુલ્હન ઝડપાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

ગાંધીનગરમાંથી લૂંટરી દુલ્હન ઝડપાઈ. ચિલોડા પોલીસે કેટરર્સની ફરિયાદને પગલે તાત્કાલિક પગલાં લેતા લૂંટ ચલાવનાર લૂંટેરી દુલ્હનને ગણતરીના કલાકોમાં ઝડપી લીધી. પોલીસ તપાસમાં લૂંટેરી દુલ્હન મુંબઈની હોવાનું સામે આવ્યું છે. પોલીસે લૂંટેરી દુલ્હનને લઈને વધુ તપાસ કરતાં સામે આવ્યું કે આ મહિલાએ અમદાવાદમાં અગાઉ પણ અનેક વરરાજાને લગ્નની માયાજાળમાં ફસાવી લૂંટ ચલાવી હતી. ચિલોડા પોલીસે ઝડપેલ લૂંટેરી દુલ્હને ગાંધીનગરના કેટરર્સ સાથે લગ્ન કર્યા હતા. કેટરર્સ સાથે લગ્ન કરી દુલ્હન બનનાર મહિલાએ તેની પાસે મદદ કરવા રૂપિયાની માગણી કરી. મહિલાએ લગ્ન કર્યા હોવાથી યુવક પણ તેને મદદ કરવા તત્પર થયો. યુવકે પોતાની જમા કરેલ બચતના લાખો રૂપિયા મહિલાને આપ્યા. મહિલાને પૈસા મળ્યા બાદ લાંબા સમય સુધી તેની કોઈ ભાળ ના મળતા યુવક ચિંતિત થયો. યુવકે અનેક વખત મહિલાને ફોન કર્યા પણ તેનો ફોન સ્વીચઓફ જ આવતો.

મહિલા સાથે સંપર્ક ના થતા કેટરીંગના કામ કરતા યુવકને છેતરપિંડી થઈ હોવાનું લાગ્યું. યુવકે વધુ સમય પસાર ના કરતાં ચિલોડા પોલીસમાં મહિલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે તાજેતરમાં તેણે જે મહિલા સાથે લગ્ન કર્યા હતા તે ૮.૨૩ લાખ રૂપિયા લઈ ફરાર થઈ ગઈ છે. ચિલોડા પોલીસે યુવકની ફરિયાદના પગલે કાર્યવાહી કરતાં મહિલાને શોધવા ચક્રો ગતિમાન કર્યા. આખરે પોલીસને સફળતા મળી અને ફરિયાદ મળ્યાના ૪૮ કલાકની અંદર ચિલોડા પોલીસે લૂંટેરી દુલ્હનને ઝડપી પાડી.

### ખોટી માહિતી આપવી કે ચુકવણી ન કરવી હવે પડશે મોંઘી

# સ્ટેમ્પ ડ્યુટી સંબંધિત નિયમોમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો

### સંસ્થા સ્ટેમ્પ ડ્યુટી ભરવામાં બેદરકારી બતાવે છે અથવા ખોટી માહિતી આપે છે, ૨૦૦ રૂપિયાના દંડની જગ્યાએ સીધો ૧ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

સ્ટેમ્પ ડ્યુટી સંબંધિત નિયમોમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. જો કોઈ વ્યક્તિ કે સંસ્થા સ્ટેમ્પ ડ્યુટી ભરવામાં બેદરકારી બતાવે છે અથવા ખોટી માહિતી આપે છે, તો હવે તેને અગાઉના ૨૦૦ રૂપિયાના દંડની જગ્યાએ સીધો ૧ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે.

ગુજરાત સરકાર દ્વારા સ્ટેમ્પ એક્ટ હેઠળના જોગવાઈઓમાં ફેરફાર કરી હવે કાયદા અનુસાર દંડની રકમમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. નવા નિયમો અનુસાર સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં વિલંબ કે ચૂકવણી નહી કરનારને અગાઉ ૨૦૦ નો દંડ લાગતો હતો, જે હવે ૧ લાખ સુધી વધી શકે છે. તેમજ જો કોઈ વ્યક્તિ દસ્તાવેજમાં ખોટી માહિતી આપે છે તો તે પણ દંડને પાત્ર ગણાશે. જેમા બે વર્ષ સુધી જેલવી સજાનો પણ સમાવેશ કરાયો છે.

જો મોટાપાયે ગેરરીતિ થાય તો માત્ર દંડ જ નહીં, ૨ વર્ષની જેલની સજાની પણ શક્યતા રહેશે. ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામા આવેલા ધ ગુજરાત સ્ટેમ્પ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૫માં કરવામાં આવનારો દંડ ૨૦૦ રૂપિયાથી વધારી ૧ લાખ સુધી કરી દેવાયો છે. આ જેમા ઓછામાં ઓછો ૧૦ હજારનો દંડ તો ભરવો જ પડશે. તેવી જોગવાઈ નવા સૂચિત સુધારા ખરડામાં દાખલ કરવામાં આવી છે.

કલમ ૬૨-કની, ૧,૨,૩માં કરવામાં આવેલી નવી જોગવાઈ પ્રમાણે કેટલાક કિસ્સામાં આ દંડની રકમ ૨૦૦ થી વધારીને ૫૦ હજાર પણ કરી દેવામાં આવી છે. તેમજ ઓછામાં ઓછી પેનલ્ટી ૧૦ હજાર કરી દેવાની ખરડામાં જોગવાઈ કરવામાં આવી છે. આ દંડની રકમમાં ઘટાડો કરવાની સત્તા કલેક્ટરને આપવામાં આવી છે. કલમ ૩૪ હેઠળ કરવા પાત્ર દંડ હાલની સરખામણીએ ૧૦ ગણો વધારી દેવામાં આવ્યો છે.

## કર્મચારીને ચેક રીટર્ન અંગેના કેસમાં એક વર્ષની જેલની સજા

। (એજન્સી) જામનગર, તા.૨૮ ।

જામનગરમાં મ્યુનિશિપલ કોર્પોરેશનમા વોટર વર્કસ શાખામા નોકરી કરતા વિક્રમ વાજસુર ગેરૈયાએ તેના મીત્ર પ્રવીણસિંહ દેવુભા વાઘેલાને તેની કાયદેસરની લેણી રકમ ચુકવવા આપેલો રૂ. ૩,૦૦,૦૦૦નો ચેક બાઉન્સ થતાં પ્રવીણસિંહએ જામનગર ચીફ.જ્યુડી.મેજી. ની કોર્ટમાં ચેક બાઉન્સ થવા અંગે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ કલમ ૧૩૮ હેઠળની ફરીયાદ નોંધાવી હતી.

જે કેસ જામનગરની સ્પેશીયેલ કોર્ટમાં ચાલી જતાં અદાલતે ફરીયાદીનો કેસ પુરવાર માની આટોપી કર્મચારીને એક વર્ષની સજા તથા ચેકની તારીખથી ૯ ટકા વ્યાજ સાથે ચેકની રકમની ચુકવણી કરવા હુકમ કર્યો છે. જે હુકમ થી નારાજ થઈ આરોપી વીક્રમભાઈ વાજસુરભાઈએ જામનગરની સેસન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી.

## રાજ્યમાં છેલ્લા ૨ વર્ષમાં ૫૦થી વધુ સરકારી શાળાઓ બંધ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૫૬ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ થઈ ગઈ છે. આ માહિતી ખુદ રાજ્ય સરકારે વિધાનસભામાં રજૂ કરી છે. સરકારે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાને કારણે આ શાળાઓ બંધ કરવી પડી છે.

પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો હતો કે છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી સરકારી શાળાઓ બંધ થઈ છે અને તેનાં કારણો શું છે. જેના જવાબમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે અમરેલીમાં ૬, અરવલ્લીમાં ૭, ભાવનગરમાં ૧, છોટા ઉદેપુરમાં ૩, ડાંગમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૯, ગીર સોમનાથમાં ૧, જામનગરમાં ૨, જુનાગઢમાં ૪, ખેડામાં ૨, કચ્છમાં ૩, મહેસાણામાં ૧, નવસારીમાં ૨, પંચમહાલમાં ૧, પોરબંદરમાં ૬, રાજકોટમાં ૩, સુરતમાં ૧ અને સુરેન્દ્રનગરમાં ૧ પ્રાથમિક સરકારી શાળા બંધ કરવામાં આવી છે.સરકારે આ શાળાઓ બંધ થવાનું મુખ્ય કારણ વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા અથવા શૂન્ય સંખ્યા ગણાવી છે. ઘણા વિસ્તારોમાં વિદ્યાર્થીઓની સંખ્યા એટલી ઓછી થઈ ગઈ હતી કે શાળા ચલાવવી આર્થિક રીતે પોસાય તેમ નહોતું. જેના કારણે સરકારને આ શાળાઓ બંધ કરવાનો નિર્ણય લેવો પડ્યો. સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા હંમેશાં ચર્ચાનો વિષય રહી છે. એવું માનવામાં આવે છે કે ખાનગી શાળાઓની સરખામણીમાં સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર નીચું હોય છે. આ જ કારણ છે કે આર્થિક રીતે નબળા વાલીઓ પણ દેવું કરીને પોતાના બાળકોને ખાનગી શાળામાં ભણાવવાનું પસંદ કરે છે. જોકે, ગરીબ પરિવારો માટે સરકારી શાળાઓ જ એકમાત્ર વિકલ્પ હોય છે.

પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારી શાળાઓની સ્થિતિ વધુ કથળી છે. જેના કારણે વાલીઓ સરકારી શાળાઓમાં પોતાના બાળકોને મોકલવાનું ટાળી રહ્યા છે. આના પરિણામે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે અને ઘણી શાળાઓ બંધ થવાના આરે આવી ગઈ છે.

ઘણા લોકો સરકારી શાળાઓમાં જ ભણ્યા છે અને તેઓ આજે જીવનમાં સફળ છે. આ દર્શાવે છે કે જો વિદ્યાર્થીઓ સમજણપૂર્વકનું શિક્ષણ મેળવે તો તેઓ પ્રગતિ કરી શકે છે, પછી ભલે તેઓ સરકારી શાળામાં ભણ્યા હોય કે ખાનગી શાળામાં. જોકે, આજે સરકારી શાળાનું નામ સાંભળતા જ લોકો તેમાં પોતાના બાળકોને ભણાવવા માટે ખચકાટ અનુભવે છે.

## ૧.૨૦ લાખના બે પટોળા ૧૫ મિનિટમાં લઈને મહિલા રફૂચક્કર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।


અમદાવાદમાં નવી જ ખુલેલી દુકાનના ઉદ્ઘાટનના દિવસે જ ચોરી થઈ હતી. જેમાં મોંઘાદાટ પાટણના પટોળાની ચોરીનો બનાવ બન્યો છે. આ બનાવની વિગચ મુજબ સોલામાં એક કપડાંની શોપના ઓપનિંગ સમયે મહેમાનોની ભીડ વચ્ચે ગ્રાહકના સ્વાંગમાં એક મહિલા આવી હતી. જે ૧૫ મિનિટમાં ૯૦ હજારનું પાટણનું અને ૩૦ હજારનું રાજકોટનું પટોળું ચોરી ફરાર થઈ ગઈ હતી. આ ચોરીની સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા CCTVમાં કેદ થઈ ગઈ હતી. આ મામલે દુકાનમાલિકે ફરિયાદ નોંધાવતાં પોલીસે CCTV ફૂટેજના આધારે આરોપીની શોધ શરૂ કરી છે. થલતેજ વિસ્તારમાં આવેલા સુરધારા સર્કલ નજીક સ્વીકાર ટેનામેન્ટમાં રહેતાં ઉર્વીબેન પટેલે સોલા પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ વિરુદ્ધ ૧.૨૦ લાખ રૂપિયાનાં પટોળાંની ચોરીની ફરિયાદ કરી છે. ઉર્વીબેન સંયુક્ત પરિવારમાં રહે છે અને સાયન્સસિટી રોડ પર આવેલા વ્રજ વેલેંટિયા બિલ્ડિંગમાં ધ્યાન ક્રિએશન લેડીઝ કપડાંની શોપ ધરાવીને ગુજરાન ચલાવે છે. તેમણે થોડા દિવસ પહેલાં ધ્યાન ક્રિએશનના નામે કપડાંની શોપ શરૂ કરી હતી, જેનું ઉદ્ઘાટન રાખ્યુ હતું. ઉદ્ઘાટન દરમિયાન સંખ્યાબંધ મહેમાનો તેમજ ગ્રાહકો આવ્યા હતા.

ઉર્વીબેન મહેમાનોને એટેન્ટ કરવામાં વ્યસ્ત હતાં, ત્યારે કોઈ અજાણી મહિલાએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતોબાદમાં ઉર્વીબેનની નજર રેક પર મૂકેલાં પાટણ અને રાજકોટનાં પટોળાં ઉપર ગઈ હતી. બન્ને પટોળાં ગાયબ થતાં ઉર્વીબેન ટેન્શનમાં આવી ગયાં હતાં અને તરત જ તેમના પરિવારને જાણ કરી દીધી હતી. ઉર્વીબેન અને તેમના પતિ અલ્પેશભાઈએ તરતજ પોલીસને જાણ કરી દીધી હતી. સમગ્ર ઘટના મામલે ઉર્વીબેન ૫ ટેલે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. આ સાથે દુકાનના CCTV ફૂટેજ ચેક કરતાં એક મહિલાની શંકાસ્પદ ગતિવિધિ જોવા મળી હતી. CCTV ફૂટેજમાં જોઈ શકાય છે કે દુકાનના ઉદ્ઘાટન સમયે મહિલા સફેદ કલરનું એક્ટિવા લઈને આવી હતી અને બાદમાં ખરીદી કરવાના બહાને શોપ માં એન્ટ્રી લીધી હતી. ગ્રાહકના સ્વાંગમાં ચહેરા પર દુપટ્ટો બાંધીને અંદાજિત ૪૦થી ૪૫ વર્ષની મહિલા દુકાનમાં આવી હતી અને પહેલા વિવિધ ડ્રેસો ચેક કર્યા હતા. બાદમાં બ્લેક ડ્રેસ કાઢ્યો હતો અને ખોલીને એ પોતાના શરીરની આગળ રાખીને ચેક કરતી હતી.

# વેજપુરની બહેનોની સફળતાની સુગંધ: સ્વસહાય જૂથની પ્રેરણાદાયી ગાથા








। (માહિતી બ્યુરો) વડોદરા ।

વડોદરા જિલ્લાના ડેસર તાલુકામાં આવેલું વેજપુર ગામ, જે અગાઉ શાંત અને સાદગીભર્યું જીવન જીવતું હતું, આજે એક પ્રેરણાસ્પદ ક્રાંતિનું સાક્ષી બન્યું છે. આ ગામની બહેનોએ એકજૂટ થઈ, મિશન મંગલમ યોજનાના આશ્રયે સ્વસહાય જૂથની રચના કરી અને પોતાના ભવિષ્યને નવો આયામ આપ્યો. આ યાત્રા શરૂ થઈ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ખાતું ખોલાવવાથી, જ્યાં દરેક બહેને માસિક રૂ. ૧૦૦ની નાનકડી બચતથી પોતાની આર્થિક સ્વતંત્રતાનો પાયો નાખ્યો. આ જૂથને મિશન મંગલમ યોજના હેઠળ રૂ. ૫,૦૦૦નું રિવોલ્વિંગ ફંડ, રૂ. ૬,૦૦,૦૦૦ની કેશ ક્રેડિટ અને રૂ. ૧,૫૦,૦૦૦નું CIF મળ્યું. આ નાણાકીય ટેકાએ બહેનોને પોતાની જરૂરિયાતો પૂરી કરવા આંતરિક ધિરાણની સુવિધા આપી. સમય જતાં, તેમણે ધિરાણની વસૂલાતનું કાર્ય પણ નિયમિત રીતે શરૂ કર્યું, જેનાથી જૂથની આર્થિક વ્યવસ્થા મજબૂત બની.

આ પછી, બહેનોએ સાથે મળીને આર્થિક પ્રવૃત્તિઓનું સ્વપ્ન સેવ્યું. ગામના રહેવાસી અને સખી મંડળના સભ્ય ઠાકોર ઈલાબેન વિજયસિંહે જણાવ્યું કે, અમે એન.આર.એલ.એમ.ના સ્ટાફના માર્ગદર્શનથી તેમણે આરસેટી દ્વારા વિવિધ તાલીમો હાંસલ કરી. ‘જય માતાજી સખી મંડળ’ની બહેનો અને અન્ય મંડળોની સખીઓએ એકઠા થઈને કૌશલ્યના નવા દ્વાર ખોલ્યા. આ તાલીમોમાંથી એક બહેને બી.સી. (બિઝનેસ કોરેસ્પોન્ડન્ટ)ની તાલીમ લીધી અને પોતાના ગામમાં બી.સી. પોઈન્ટ શરૂ કર્યું. જે -તે સમયે ગામના લોકો અમને રૂ. ૫૦૦૦ પણ આપવા તૈયાર ન હતા અને આજે હું દરેક લોકોને લોન ફાળવી રહી છું અને આજે મારી વાર્ષિક આવક ૪૫ હજાર જેટલી છે. જે બદલ હું કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર માની રહી છું. આ નાનકડી શરૂઆતે ગામમાં ધીમે ધીમે મોટું સ્વરૂપ લીધું. સખી મંડળની બહેનો અને ગામના અન્ય લોકો તરફથી મળેલા હૂંફાળા પ્રતિસાદથી પ્રોત્સાહિત થઈને તેમણે પોતાની કામગીરીને વિસ્તારી. આસપાસના પડોશીઓ, સગા-સંબંધીઓ અને પાસેનાં ગામોમાં પણ આ સેવાની સુગંધ ફેલાઈ. બી.સી. પોઈન્ટનું સંચાલન વધુ વ્યવસ્થિત બનાવવા, તેમણે બેંકોમાં અને ગામે-ગામ ફરીને પોતાની સેવાની જાહેરાત કરી. આના પરિણામે મળેલા સકારાત્મક પ્રતિસાદથી જૂથની દરેક બહેનના ઉત્સાહમાં અનેકગણો વધારો થયો. આ સફળતાની ગાથા અહીં અટકી નહીં. આ કાર્યથી પ્રેરાઈને અન્ય બહેનો પણ સ્વસહાય જૂથમાં જોડાઈ, આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા પોતાનું જીવન સુધારવા આગળ વધી. આમ, સંગઠનની શક્તિ અને સમર્પણથી આ બહેનોએ માત્ર આજીવિકા જ નહીં, પણ આર્થિક સ્વાવલંબન અને આત્મવિશ્વાસની નવી ઉડાન પણ મેળવી. આજે તેઓ જૂથનો ભાગ બનીને પગભર થયા છે અને પોતાના જીવનમાં સાચા અર્થમાં ખુશહાલીનો અનુભવ કરી રહ્યા છે. વેજપુરની આ બહેનોની કહાની એક ઉદાહરણ છે કે કેવી રીતે નાનકડા પગલાં અને સામૂહિક પ્રયાસો મોટા પરિવર્તનનું કારણ બની શકે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### હાલ કોઈ FIR દાખલ નહીં થાય । સુપ્રીમ કોર્ટે જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ કેસ નોંધવાની માંગ કરતી અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો

# કેશકાંડમાં જસ્ટિસ યશવંત વર્માને આંશિક રાહત મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સુપ્રીમ કોર્ટે કેશકાંડ પ્રકરણમાં દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ કેસ નોંધવાની માંગ કરતી અરજી પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે આ મામલાની તપાસ ઈન-હાઉસ કમિટી દ્વારા કરવામાં આવી રહી છે અને રિપોર્ટ આવ્યા બાદ દેશના મુખ્ય ન્યાયાધીશ (CJI) પાસે પગલાં લેવા માટે ઘણા વિકલ્પો છે. આવી સ્થિતિમાં આ અરજી પર વિચાર કરવો યોગ્ય નથી. જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બેન્ચે એડવોકેટ્સ મેથ્યુસ જે નેદુમપરા અને હેમાલી સુરેશ કુર્ને દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને સમય પૂર્વેની ગણાવી હતી. બેન્ચે કહ્યું, આંતરિક તપાસ ચાલુ છે. જો રિપોર્ટમાં કંઈપણ ખોટું જણાય તો FIR નોંધવા માટે નિર્દેશ આપવામાં આવી શકે છે અથવા મામલો સંસદમાં મોકલવામાં આવી શકે છે. આજનો સમય તેના પર વિચાર કરવાનો નથી. અન્ય કેસોનો ઉલ્લેખ કરતા વકીલ નેદુમપરાએ કહ્યું, જુઓ કેરળમાં શું થયું. POCSO કેસમાં એક નિવૃત્ત જજ પર આરોપો મૂકવામાં આવ્યા હતા અને પોલીસ આરોપીઓનું નામ પણ આપી શકી નથી. આરોપો ગંભીર હોવા છતાં. માત્ર પોલીસ જ તેની તપાસ કરી શકે છે. કોર્ટ તેની તપાસ કરી શકે નહીં. આના જવાબમાં જસ્ટિસ ઓકાએ કહ્યું, બંને ચુકાદાઓ વાંચો જે ઈન-હાઉસ તપાસ પ્રક્રિયા દર્શાવે છે. પ્રક્રિયા પછી, બધા વિકલ્પો ખુલ્લા છે. નેદુમપરાએ પછી દલીલ કરી, સામાન્ય માણસ પૂછે છે કે શા માટે ૧૪ માર્ચે કોઈ એફઆઈઆર નોંધવામાં આવી ન હતી, શા માટે કોઈ ધરપકડ કરવામાં આવી ન હતી, શા માટે કોઈ જપ્તી કરવામાં આવી ન હતી, શા માટે કોઈ ફોજદારી



કાયદો લાગુ કરવામાં આવ્યો ન હતો. આ કૌભાંડને બહાર પાડવામાં શા માટે એક સપ્તાહનો સમય લાગ્યો? કોલેજિયમે શા માટે કહ્યું નહીં કે તેની પાસે વીડિયો વગેરે છે. ખંડપીઠે કહ્યું, અમે અરજી જોઈ છે. આ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. હવે આંતરિક તપાસ ચાલી રહી છે. પરંતુ અમે આ તબક્કે દખલ કરી શકીએ નહીં અને પછી ભારતના મુખ્ય ન્યાયાધીશ માટે તમામ વિકલ્પો ખુલ્લા છે. નેદુમપરાએ જવાબ આપ્યો, સામાન્ય માણસ આ સમજી શકશે નહીં. પછી જસ્ટિસ ઓકાએ ટિપ્પણી કરી, તમારે સામાન્ય માણસને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ વિશે શિક્ષિત કરવું જોઈએ જે કાયદો બનાવે છે. આ પહેલા બુધવારે મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની બેન્ચે વકીલ નેદુમપરા દ્વારા અરજીનો ઉલ્લેખ કર્યા બાદ તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. નેદુમપારા અને અન્ય ત્રણ લોકોએ રવિવારે અરજી દાખલ કરી હતી જેમાં દિલ્હી પોલીસને આ કેસમાં એફઆઈઆર નોંધવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ મામલો ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે ૧૪ માર્ચે લ્યુટિયન્સ દિલ્હીમાં જસ્ટિસ વર્માના આવાસના સ્ટોર રૂમમાં આગ લાગી હતી, ત્યારબાદ ત્યાંથી મોટી માત્રામાં બળી ગયેલી નોટો મળી આવી હતી. આ ઘટનાએ ન્યાયતંત્રમાં હલચલ મચાવી દીધી છે અને હવે તેની તપાસમાં નવી ઘટનાઓ સામે આવી રહી છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ આ કેસની તપાસ માટે ત્રણ ન્યાયાધીશોની એક સમિતિની રચના કરી હતી, જેની અધ્યક્ષતા પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ શીલ નાગુ છે. આ સમિતિમાં હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ જી.એસ. સંધાવાલિયા અને કર્ણાટક હાઈકોર્ટના જજ જસ્ટિસ અનુ શિવરામન પણ સામેલ છે. આ સમિતિએ તાજેતરમાં જસ્ટિસ વર્માના નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી અને ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. ગુરુવારે, સમિતિએ દિલ્હી ફાયર સર્વિસના ડિરેક્ટર અતુલ ગર્ગની પણ પૂછપરછ કરી, જેનું નિવેદન નોંધવામાં આવ્યું.

---

**ન્યૂઝ બ્રિફ**

## ગાઝિયાબાદમાં ટૂંક સમયમાં જ રામાયણ પાર્ક બનાવાશે



। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૨૮ ।

ઉત્તર પ્રદેશને વધુ સારું રાજ્ય બનાવવા માટે પ્રતિબદ્ધ યોગી સરકાર ખાસ કરીને ગાઝિયાબાદના વિકાસ અને વિવિધ પ્રકારની માળખાકીય સુવિધાઓના નિર્માણ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સીએમ યોગીના વિઝનને એક મિશન તરીકે ધ્યાનમાં લેતા, ગાઝિયાબાદ ડેવલપમેન્ટ ઓથોરિટી (GDA) એપ્રિલથી રામાયણ પાર્ક, સંસ્કૃતિ દર્શન પાર્ક અને ગ્રીનવુડ પાર્કના નિર્માણ અને વિકાસ કાર્યની પ્રક્રિયા શરૂ કરવા જઈ રહી છે. ધાર્મિક પર્યટનમાં લોકોના વધતા વલણને ધ્યાનમાં રાખીને, યોગી સરકારે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના ગાઝિયાબાદ શહેરમાં એક પાર્ક બનાવવાનો નિર્ણય લીધો છે. રામાયણ પાર્કને રામાયણ આધારિત થીમ પાર્ક તરીકે વિકસાવવા માટે એક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. અહીં 5D મોશન ચેર થિયેટર અને મિરર હાઉસ બનાવવામાં આવશે, જ્યારે રામાયણ કાળના પાત્રોની વિવિધ કલાકૃતિઓ, જેમાં હોલોગ્રાફિક પ્રોજેક્શન, લાઈટ અને સાઉન્ડ શોનો સમાવેશ થાય છે.

## ઘાસચારા કૌભાંડમાં દોષિત લાલુ યાદવની સંપત્તિ જપ્ત કરાશે?



। (એજન્સી) પટણા, તા.૨૮ ।

બિહાર વિધાનસભાની ચૂંટણી નજીક આવતા રાજ્યનો રાજકીય માહોલ ગરમાઈ રહ્યો છે. આ દરમિયાન બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ કહ્યું છે કે, 'રાજ્ય સરકાર ચારા કૌભાંડ આચરનારાઓ પાસેથી ૯૫૦ કરોડ રૂપિયા વસૂલ કરાશે અને તેને સરકારી તિજોરીમાં જમા કરાવશે.' નોંધનીય છે કે, બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડી વડા લાલુ યાદવને ઘાસચારા કૌભાંડમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ કહ્યું, 'આ કોર્ટનો નિર્ણય હતો અને તેના આધારે કાર્યવાહી કરવામાં આવશે. લાલુ યાદવ હોય કે અન્ય કોઈએ કૌભાંડ કર્યું હોય, તેમની મિલકત જપ્ત કરવામાં આવશે અને કાર્યવાહી કરવામાં આવશે. આ કોર્ટનો નિર્ણય છે, સરકારનો નહીં. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે જો તેની સામે કાર્યવાહી કરવી પડશે તો સરકાર તેના પર કાર્યવાહી કરશે. ૨૮ વર્ષ થઈ ગયા, સુપ્રીમ કોર્ટે પણ સજા આપી છે. કોર્ટે મિલકત જપ્ત કરી છે. હવે તે જપ્ત કરવામાં આવશે અને પૈસા સરકારી તિજોરીમાં જમા કરવામાં આવશે.' ઘાસચારા કૌભાંડ સ્વતંત્ર ભારતના સૌથી મોટા ભ્રષ્ટાચાર કૌભાંડોમાંનું એક હતું. આ મામલો અવિભિજાતિ બિહાર (બિહાર + ઝારખંડ)માં પશુપાલન વિભાગ સાથે સંબંધિત હતો.

---

### નમાઝમાં કાળી પટ્ટી બાંધવાની અપીલ કરી

# નમાઝ પૂર્વે વક્ફ બિલના વિરોધમાં પર્સનલ લો બોર્ડે મુસ્લિમોને કરી અપીલ

### મુસ્લિમોની સૌથી મોટી સંસ્થા ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે નમાઝમાં કાળી પટ્ટી બાંધવાની અપીલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

મુસ્લિમોની સૌથી મોટી સંસ્થા ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે રમઝાનના અંતિમ શુક્રવારની નમાઝમાં કાળી પટ્ટી બાંધવાની અપીલ કરી છે. બોર્ડે દેશના તમામ મુસ્લિમોને વકફ બિલના વિરોધમાં કાળી પટ્ટી પહેરીને નમાઝ અદા કરવા જણાવ્યું છે. આ બિલના વિરોધમાં આવું કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભે, મુસ્લિમ પર્સનલ લો બોર્ડે એક વીડિયો જાહેર કર્યો છે અને ટ્વીટ કરીને પણ આવું કરવાનું કહ્યું છે. હાલમાં જ ઓલ ઈન્ડિયા મુસ્લિમ



પર્સનલ લો બોર્ડના આહ્વાન પર દિલ્હીમાં પણ વકફ બિલ વિરુદ્ધ મોટું પ્રદર્શન થયું હતું. પર્સનલ લૉ બોર્ડ સાથે જોડાયેલા ઘણા મૌલવીઓએ અપીલ કરી છે કે અલવિદા નમાઝ માટે જતી વખતે જમણા હાથ પર કાળી પટ્ટી પહેરવી જોઈએ. નમાઝ દરમિયાન કાળી પટ્ટી પહેરીને લીધેલા ફોટોગ્રાફ્સ પણ પાડો અને તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરો. અગાઉ આ બિલ વિરુદ્ધ સામાન્ય મુસ્લિમો પાસેથી અભિપ્રાય એકત્રિત કરવા માટે એક અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું. બોર્ડના અધ્યક્ષ મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહમાનીએ આ અંગે એક પત્ર પણ જારી કર્યો છે. તેમણે કહ્યું કે જંતર-મંતર અને પટનામાં મુસ્લિમોના ભારે વિરોધથી ભાજપના સહયોગી દળોમાં ખળભળાટ મચી ગયો છે. હવે ૨૯ માર્ચે વિજયવાડામાં મોટા વિરોધની તૈયારીઓ ચાલી રહી છે.

---

### મદ્રાસ હાઈકોર્ટે ધરપકડ પર લગાવી રોક

# સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાને મળી મોટી રાહત

### મદ્રાસ હાઈકોર્ટે સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાને ૭ એપ્રિલ સુધી વચગાળાના આગોતરા જામીન મંજૂર કર્યા

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

મદ્રાસ હાઈકોર્ટે સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાને ૭ એપ્રિલ સુધી વચગાળાના આગોતરા જામીન મંજૂર કર્યા છે. જણાવી દઈએ કે, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે વિરુદ્ધ કથિત અપમાનજનક ટિપ્પણી કરતાં મહારાષ્ટ્રમાં ભારે હોબાળો થયો હતો. જેમાં કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે, અરજદારે પોતાની અરજીમાં કહ્યું છે કે, 'તે મહારાષ્ટ્રની કોર્ટનો સંપર્ક કરી શકતા નથી... કારણ કે તેના જીવને જોખમ છે.'



મુંબઈની ખાર પોલીસે ૩૧ માર્ચે કુણાલ કામરાને સમન્સ મોકલ્યું હતું અને પૂછપરછ માટે હાજર રહેવા જણાવ્યું હતું. પોલીસ તરફથી આ બીજું સમન્સ છે. મદ્રાસ હાઈકોર્ટે વચગાળાના જામીન આપતાં કહ્યું કે, કુણાલ કામરાને કાયમી કાનૂની ઉપાય ન કરે, ત્યાં સુધી ધરપકડમાંથી રાહત આપવામાં આવશે. જણાવી દઈએ કે, શિવસેનાના ધારાસભ્ય મુરાજી પટેલે આ કેસ દાખલ કર્યો હતો. કામરાએ ટ્રાન્ઝિટ આગોતરા જામીનની અરજી કરી હતી, કારણ કે તેમને ડર હતો કે મુંબઈ પોલીસ તેમની ધરપકડ કરી શકે છે. કોર્ટે સ્વીકાર્યું કે, તેમની સામે પ્રથમ દ્રષ્ટિએ કેસ છે અને રાજકીય દબાણને કારણે તેમની સુરક્ષા પર જોખમ ઉભું થયું છે. મદ્રાસ હાઈકોર્ટે વચગાળાનું રક્ષણ આપતાં કહ્યું કે, કામરા કાયમી કાનૂની ઉપાયો ન લે ત્યાં સુધી તેમને ધરપકડથી રક્ષણ મળશે.

---

### ચંદ્રબાબુ નાયડુએ NDAનું ટેન્શન વધાર્યું

# નાયડુના વક્ફની મિલકતો અંગેના નિવેદનથી ભાજપની ચિંતા વધી

। (એજન્સી) અમરાવતી, તા.૨૮ ।

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ ગુરુવારે વિજયવાડામાં રાજ્ય સરકાર દ્વારા આયોજીત ઈફતાર પાર્ટીમાં વક્ફની મિલકતોની સુરક્ષા અને વંચિત મુસ્લિમ પરિવારોના ઉત્થાન માટે પોતાની સરકારની પ્રતિબદ્ધતા આપી હતી. રમજાનની શુભકામનાઓ આપતાં નાયડુએ મુસ્લિમ સમુદાયને ખાત્રી આપી કે તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) સરકારે હંમેશા વકફ મિલકતોનું રક્ષણ કર્યું છે, અને ભવિષ્યમાં પણ કરતી રહેશે. એ પછી રાજકીય ક્ષેત્રે વિવિધ અટકળો શરૂ થઈ ગઈ છે કે, શું ચંદ્રાબાબુ નાયડુ વક્ફ (સુધારા) બિલ ૨૦૨૪ પર કેન્દ્ર સરકારની મુશ્કેલીઓ વધારશે કે કેમ? હકીકતમાં ચંદ્રાબાબુની પાર્ટી ટીડીપી કેન્દ્રમાં એનડીએ સરકારનો મુખ્ય ઘટક પક્ષ છે. લોકસભામાં વક્ફ બિલ પસાર કરવા માટે ભાજપને ટીડીપીના સમર્થનની જરૂર પડશે. અને જો તેમાં ટીડીપી સમર્થનમાં નહીં ઉભી રહે, તો ભાજપ માટે આ બિલ પસાર કરવું મુશ્કેલ થઈ શકે છે. નાયડુએ સરકારી આદેશ-૪૩ (GO 43) સંબંધિત વિવાદ વિશે પણ વાત કરી હતી. જેના હેઠળ કાયદાકીય વિવાદોને વકફ બોર્ડ નિષ્ક્રિય કરી દેવામાં આવ્યું હતું. નાયડુએ કહ્યું, 'જ્યારે GO 43 રજૂ કરવામાં આવ્યું ત્યારે બિનજરૂરી વિવાદ ઉભો થયો. જ્યારે આખો મામલો કોર્ટમાં પહોંચ્યો ત્યારે વક્ફ બોર્ડની કામગીરી ખોરવાઈ ગઈ હતી.

જ્યારે અમારી સરકારે કાર્યભાર સંભાળ્યો, તો અમે આ આદેશ રદ્દ કરી લીધો અને વકફ મિલકતોનું રક્ષણ સુનિશ્ચિત કરીને બોર્ડનું પુનર્ગઠન કર્યું.'

મુખ્યમંત્રીએ મુસ્લિમોના આર્થિક સુધારણા માટે તેમના વહીવટીતંત્રના પ્રયાસો પર પણ ભાર મૂક્યો અને તેમની સરકાર દ્વારા લેવામાં આવેલા બજેટ ફાળવણી અને કલ્યાણકારી પહેલ પર વાત કરી હતી. નાયડુએ કહ્યું, 'ટીડીપીના કાર્યકાળ દરમિયાન મુસ્લિમ સમુદાયને ન્યાય મળ્યો છે અને હવે એનડીએના શાસનમાં તેમની સ્થિતિ વધુ સારી થશે. અમારી સરકારે લઘુમતી સમુદાયોના ઉત્થાન માટે ૨૦૨૫-૨૬ના બજેટમાં ૫,૩૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

---

# જગજીત સિંહ દલ્લેવાલે આખરે તોડ્યા ઉપવાસ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ખેડૂતોના આંદોલનમાં ચર્ચાનું કેન્દ્ર બનેલા જગજીત સિંહ દલ્લેવાલે પોતાના ઉપવાસ સમાપ્ત કર્યા છે. તેઓ છેલ્લા ૪ મહિના અને ૧૧ દિવસથી ભૂખ હડતાળ પર હતા. પંજાબ સરકારે સુપ્રીમ કોર્ટમાં આ અંગેની માહિતી આપી છે. કોર્ટમાં કહેવામાં આવ્યું કે ખેડૂત નેતા દલ્લેવાલે ઉપવાસ તોડ્યા છે. એમએસપી સહિત વિવિધ પગલાંની માગણીને લઈને દલ્લેવાલ ગયા વર્ષે નવેમ્બરથી ભૂખ હડતાળ પર હતા. દલ્લેવાલની હાલત છેલ્લા બે મહિનાથી નાજુક હતી. આ જ કારણ છે કે ખેડૂત નેતાઓ તેમને ઉપવાસ સમાપ્ત કરવા માટે કહી રહ્યા હતા. આખરે નેતાઓની મહેનત રંગ લાવી અને જગજીત સિંહ દલ્લેવાલે પાણી પીને પોતાના ઉપવાસ સમાપ્ત કર્યા હતા. તાજેતરમાં પંજાબ પોલીસે શંભુ બોર્ડર અને ખનૌરી પર ઉભેલા ખેડૂતોને હટાવ્યા હતા. આ સમય દરમિયાન પોલીસે જેસીબીનો ઉપયોગ કરીને રસ્તા પર લગાવેલા તંબુ અને અન્ય વસ્તુઓ હટાવવામાં આવી હતી. આ સાથે પંજાબ પોલીસે કહ્યું હતું કે આ કાર્યવાહી દરમિયાન લગભગ ૧૪૦૦ ખેડૂતોની અટકાયત કરવામાં આવી હતી.

---

# સોનું ફરી ૯૨૦૦૦ની રેકોર્ડ સપાટીએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઓટો ટેરિફની જાહેરાત તેમજ આગામી સપ્તાહે લાગુ થનારા રેસિપ્રોકલ ટેરિફ પ્રત્યેની અનિશ્ચિતતાઓ વચ્ચે કિંમતી ધાતુ બજાર તેજીમય બન્યું છે. વૈશ્વિક સ્તરે સોનાએ રેકોર્ડ ટોચ નોંધાવ્યા બાદ આજે સ્થાનિક બજારમાં પણ સોનું ઐતિહાસિક ટોચે પહોંચ્યું છે. અમદાવાદમાં સોનાની કિંમત આજે વધુ રૂ. ૫૦૦ ઉછળી નવી રૂ. ૯૨૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચી છે. ચાંદી પણ લાખેણી થયા બાદ આજે વધુ રૂ. ૧૦૦૦ વધી રૂ. ૧૦૧૦૦૦ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**એક્સપ્રેસન ઓફ ઇન્ટરેસ્ટ**

**મેડિકલ ડિપાર્ટમેન્ટ**

ટેન્ડર સૂચના સં : MD/SBI/173/LAB

**અમદાવાદની CGHS પેનલમાં સમાવિષ્ટ અને NABL દ્વારા માન્યતા પ્રાપ્ત ખાનગી પેથોલોજીકલ પ્રયોગશાળાઓ તરફથી એક્સપ્રેસન ઓફ ઇન્ટરેસ્ટ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, અમદાવાદ સ્થિત ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ સાબરમતી, અમદાવાદ, પશ્ચિમ રેલ્વેના મુખ્ય તબીબી અધિક્ષક, અમદાવાદમાં સ્થિત CGHS પેનલ્ડ અને NABL દ્વારા માન્યતા પ્રાપ્ત ખાનગી લેબોરેટરી પ્રયોગશાળાઓ પાસેથી EOI (ઇન્ટરેસ્ટ ઓફ એક્સપ્રેશન) આમંત્રિત કરે છે જેથી રેલવે લાભાર્થીઓને લેબોરેટરી સુવિધાઓ પૂરી પાડી શકાય. રેલવે સાથે પેથોલોજીકલ ટેસ્ટ આઉટસોર્સ કરવા માટે પેનલમાં સામેલ થવા માટે, બધી પલેબોરેટરી પૂર્વ-નિર્ધારિત પાત્રતા માપદંડોને પૂર્ણ કરવા અને નિયમો અને શરતો સ્વીકારવી આવશ્યક છે.

જો તમને રસ હોય, તો તમે નીચે આપેલા સરનામેથી ધોરણો/નિયમો અને શરતો/પરિશિષ્ટ I અને II ની વિગતો મેળવી શકો છો અથવા રેલવે વેબસાઇટ www.wr.indianrailways.gov.in પરથી ડાઉનલોડ કરી શકો છો અને તમારા સીલબંધ કવર સુપર સ્ક્રિબલ્ડ પર "CGHS-અમદાવાદ દરો મુજબ લેબોરેટરી પરીક્ષણો માટે EOI પરિશિષ્ટ-I અને પરિશિષ્ટ II માટે" મોકલી શકો છો.

કૃપા કરીને ઉપરોક્ત EOI 01/05/2025 ના રોજ 12.00 વાગ્યા સુધીમાં નીચેના સહીકર્તાને જમા કરો અને તે તે જ દિવસે 15.30 વાગ્યે ખોલવામાં આવશે. 355

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


---

# આંધ્રપ્રદેશમાં બર્ડ ફ્લૂના વાયરસના આઠ કેસ સામે આવતા તંત્ર એલર્ટ

। (એજન્સી) અમરાવતી, તા.૨૮ ।

આંધ્રપ્રદેશમાં બર્ડ ફ્લૂના વાયરસના આઠ કેસ સામે આવતા તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. વિશ્વ પશુ આરોગ્ય સંગઠન (WOAH) એ આજે (૨૮ માર્ચ) આઠ કેસની પુષ્ટી કરી છે. સંગઠને ભારતીય અધિકારીઓને ટાંકીને કહ્યું કે, આંધ્રના પૂર્વ ક્ષેત્રમાં કેસો નોંધાતા તકેદારીના પગલા શરૂ કરી દેવામાં આવ્યા છે. આ વાયરસના કારણે છ લાખથી વધુ મરઘીઓના મોત થયા છે. WHAHના રિપોર્ટમાં કહેવાયું છે કે, રાજ્યના અનેક મરઘા ફાર્મમાં વાયરસ ફેલાયો છે, જેના કારણે મરઘા ફાર્માના માલિકોએ તકેદારીના પગલા શરૂ કરી દીધા છે. બર્ડ ફ્લૂના વાયરસ H5N1 અત્યંત ચેપી અને જીવલેણ હોય છે. આ વાયરસ મરઘા માટે ખતરનાક છે અને તેના કારણે અનેક મરઘીના મોત થયા છે. એટલું જ સ્થાનિક કૃષિ પર પણ તેની અસર પડી છે. આ વાઈરસ પક્ષીઓ સાથે-સાથે મનુષ્યો માટે પણ ઘણો ઘાતક છે. બર્ડ ફ્લૂથી સંક્રમિત પક્ષીઓના સંપર્કમાં આવનારા જાનવર અને મનુષ્ય તેનાથી સંક્રમિત થઈ શકે છે. આ વાઈરસ એટલો ખતરનાક છે કે તેનાથી મોત પણ થઈ શકે છે. બર્ડ ફ્લૂ ઘણાં પ્રકારના હોય છે પરંતુ H5N1 પહેલો એવો એવિયન ઈન્ફ્લૂએંજા વાઈરસ છે, જે મનુષ્યોને સંક્રમિત કરે છે. તેનો પહેલો કેસ ૧૯૯૭માં હોંગકોંગમાં આવ્યો હતો. તે સમયે બર્ડ ફ્લૂના પ્રકોપથી પોલ્ટ્રી ફાર્મમાં સંક્રમિત મરઘીઓ સાથે જોડવામાં આવ્યો હતો. આ રોગ પ્રકૃતિક રીતે પક્ષીઓમાં હોય છે પરંતુ આ પાલતુ મુરઘીઓમાં સરળતાથી ફેલાઈ જાય છે. આ બિમારી સંક્રમિત પક્ષીના મળ, નાકના સ્ત્રાવ, મોં કે લાળ કે આંખમાંથી નિકળતા પાણીના સંપર્કમાં આવવાથી થાય છે.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**સમારકામ અને પુનર્વસન કાર્ય**

(૧) ટેન્ડર નંબર : M-ELS-VTA-25-26-Trans તારીખ 27.03.2025 (2) કામનું નામ : કન્વર્ઝન લોકોમોટિવના મેજર ઓવરહોલિંગ શેડ્યૂલ (TOH/IOH)માટે જાળવણી માટે WAP4/WAG7 લોકોમોટિવમાં 5400 KVA ટ્રાન્સફોર્મરમાં સ્પેરપાર્ટ્સનું સમારકામ અને પુનર્વસન (3) કામની અંદાજિત કિંમત : ₹84,19,600.00/- (4) ટેન્ડર દસ્તાવેજની કિંમત : શૂન્ય (5) અર્નેસ્ટ મની ડિપોઝીટ : ₹1,68,400/- (6) પૂર્ણતા સમયગાળો : 24 મહિના (7) ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ : 28/04/2025 ના 14:00 કલાક (8) વેબસાઇટ વિગતો : www.ireps.gov.in (9) ટેન્ડર આમંત્રણ આપનાર અધિકારી અને તેનું સંપૂર્ણ સરનામું : સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, ઇલેક્ટ્રિક લોકો શેડ વટવા, સિનિયર ડીએમઇ / ઇએલએસ / વીટીએનું કાર્યાલય, ઇલેક્ટ્રિક લોકો શેડ, વટવા, પશ્ચિમ રેલ્વે, અમદાવાદ, ગુજરાત - 382445 354

અમને લાઇક કરો: facebook.com/WesternRly


---

# હોસ્ટેલમાં લાગી ભીષણ આગ તો યુવતીઓએ બાલ્કનીમાંથી માર્યા કૂદકાં

। (એજન્સી) નોઈડા, તા.૨૮ ।

ગ્રેટર નોઈડાના નોલેજ પાર્ક-૩ વિસ્તારમાં આવેલી અન્નપૂર્ણા ગર્લ્સ હોસ્ટેલમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. હોસ્ટેલમાં ACના બ્લાસ્ટના કારણે આગ લાગી હતી અને ઝડપથી ફેલાઈ ગઈ હતી. અકસ્માત સમયે હોસ્ટેલમાં કેટલીક છોકરીઓ હાજર હતી, જેમણે કોઈક રીતે કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. આગની આ ઘટના દરમિયાન હોસ્ટેલના બીજા માળે બે વિદ્યાર્થીનીઓ ફસાઈ ગઈ હતી.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**પેસેન્જર ટ્રાન્સપોર્ટમાં પાર્સલ જગ્યા ભાડે આપવા માટે ઈ-હરાજી**

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝનથી દોડતી પેસેન્જર ટ્રેનોમાં પાર્સલ જગ્યા ભાડે આપવા માટે ઇ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. આ યાદી IREPS વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ છે -

| કેટલોગ નં. | કરારના પ્રકારો | કેટેગરી | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| Lease-ADI-06-25 | પાર્સલ | પાર્સલ-એસએલઆર અને પાર્સલ - પાર્સલ વાન | તમામ લોટ માટે ઇ-ઓક્શન તારીખ 17.04.2025 ના રોજ બપોરે 10:00 વાગ્યે શરૂ થશે. |

નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઇઝ વિગતો ઉપરોક્ત કેટલોગ નંબરો હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઓફ પિરિયડ 30 મિનિટનો છે. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટનો છે. લોટ મુજબ બંધ થવાનો સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે. 353

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

ઇ-ટેન્ડર સૂચના નંબર 36 વર્ષ 2024-2025 તારીખ: 26.03.2025

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | DRM-ADI-247-2024-25<br>પાલનપુર રેલવે કોલોની, કોલોની રોડ, ભૂગર્ભ ગટર, OH ટાંકી અને સમ્પમાં પાણી પુરવઠો પૂરો પાડવો અને વડનગર સ્ટેશન પર ટ્રેનોમાં પાણી પુરવઠા માટે કામચલાઉ સુવિધા ઉભી કરવી અને અન્ય સંબંધિત કામો. | 2,59,37,430.42 | 2,79,700.00 |
| 2 | DRM-ADI-248-2024-25<br>અમદાવાદના ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) ના અધિકારક્ષેત્ર હેઠળ સંવેદનશીલ સ્થળોએ આરસીસી બાઉન્ડ્રી વોલનું બાંધકામ અને અન્ય સંબંધિત કામો. | 3,74,97,339.05 | 3,37,500.00 |
| 3 | DRM-ADI-249-2024-25<br>ધ્રાંગધ્રા- રનિંગ ક્રૂ અને ગાર્ડમાં સુવિધાઓમાં સુધારો અને સ્ટાફ માટે આરામ સુવિધાઓની જોગવાઈ (સંયુક્ત ટેન્ડર). | 3,98,36,588.51 | 3,49,200.00 |
| 4 | DRM-ADI-250-2024-25<br>સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ટંગ રેલનું સમારકામ, ગંદકી દૂર કરવી, સ્લાઇડ ખુરશીઓનું વેલ્ડીંગ, પોઇન્ટ અને ક્રોસિંગની તૂટેલી પ્લેટોનું સમારકામ. | 1,05,54,035.9 | 2,02,800.00 |
| 5 | DRM-ADI-251-2024-25<br>સિનિયર DEN (NW) -અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ગાંધીધામ કોલોની ખાતે કર્મચારીઓ માટે રિપ્લેસમેન્ટ એકાઉન્ટ પર 03 યુનિટ ટાઇપ-III અને 01 યુનિટ નવા ટાઇપ-IV ક્વાર્ટર્સનું બાંધકામ. | 1,56,11,102.28 | 2,28,100.00 |
| 6 | DRM-ADI-252-2024-25<br>સિનિયર DEN (NW) -અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ગાંધીધામ કોલોની ખાતે કર્મચારીઓ માટે રિપ્લેસમેન્ટ એકાઉન્ટ પર ૧૨ યુનિટ ટાઇપ-II અને ૩ યુનિટ ટાઇપ-III ક્વાર્ટર્સનું બાંધકામ. | 4,54,63,891.53 | 3,77,300.00 |
| 7 | DRM-ADI-253-2024-25<br>સિનિયર DEN (NW) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ભીમાસરથી ગાંધીધામ વસાહતોના ચિરાઈમાં રિપ્લેસમેન્ટ એકાઉન્ટ પર ૧૬ યુનિટ ટાઇપ II ક્વાર્ટર્સનું બાંધકામ. | 4,45,47,207.29 | 3,72,700.00 |

ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય : તારીખ 22.04.2025 સમય 15:00 કલાકે ઓફિસ સરનામું : સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.) અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 ઇ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ : www.ireps.gov.in 352

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# તંત્રી લેખ...

## ભૂકંપને પગલે મ્યાનમાર-બેંગકોકમાં કાટમાળના ડુંગર

મ્યાનમારના સાગિંગ વિસ્તારમાં આજે સવારે ૭.૨ની તીવ્રતાના ભયાનક ભૂકંપે તબાહી મચાવી હતી. થાઈલેન્ડના બેંકૉક સુધી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. હજુ સુધી જાનહાનિના સચોટ આંકડા પ્રાપ્ત થયા નથી, પરંતુ ૨૫ લોકોના મોત અને ૪૩ લોકો ગુમ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. આ વિસ્તાર ભૂકંપીય ઝોન-૫માં આવે છે અને આગામી ૪૮ કલાક સુધી આંચકા આવી શકે છે. કાટમાળમાં ફસાયેલા લોકોની મદદ માટે રેડ ક્રોસ હેલ્પલાઈનનો સંપર્ક કરી શકો છો. શુક્રવારે મ્યાનમારમાં ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, ત્યારબાદ ૧૨ મિનિટ પછી ૬.૪ તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપના આંચકા થાઈલેન્ડ, ચીન અને ભારતના કેટલાક ભાગોમાં અનુભવાયા હતા. ભૂકંપનો આંચકો એટલો ભયાનક હતો કે ઈરાવદી નદી પર બનેલો ૧૨૦ વર્ષ જૂનો એવા બ્રિજ ધરાશાયી થયો હતો. આ બ્રિજ પરિવહન અને પર્યટન માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર હતો. થાઈલેન્ડમાં એરપોર્ટ પર લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ફલાઈટ પણ કેન્સલ થઈ છે. થાઈલેન્ડના વડાપ્રધાને ભૂકંપ બાદ બેંગકોંકમાં ઈમરજન્સી લાદી છે. થાઈલેન્ડ અને મ્યાનમારમાં અફરાતરફરીનો માહોલ સર્જાયો છે. અનેક ઈમારતો આંખના પલકારે જમીનદોસ્ત થઈ છે. અનેક લોકો ગુમ છે. USGS એ હજારો લોકોના મોતની આશંકા વ્યક્ત કરી છે. ભૂકંપનું કેન્દ્ર મ્યાનમારનું સાગિંગમાં હોવાનું જણાવાઈ રહ્યું છે. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીના અનુસાર રિક્ટર સ્કેલ પ્રમાણે ભૂકંપના પ્રથમ આંચકાની તીવ્રતા ૭.૭ જ્યારે બીજાની ૭.૨ હતી.

## પ્રધાનમંત્રી મોદી નાગપુરમાં માધવ નેત્રાલય પ્રીમિયમ સેન્ટરનો શિલાન્યાસ કરશે

### પ્રધાનમંત્રી મોદી બિલાસપુરમાં રૂ. ૩૩,૭૦૦ કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે, કાર્ય શરૂ કરાવશે અને રાષ્ટ્રને સમર્પિત કરશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૦ માર્ચનાં રોજ મહારાષ્ટ્ર અને છત્તિસગઢની મુલાકાત લેશે. તેઓ નાગપુર જશે અને સવારે ૯ વાગ્યાની આસપાસ તેઓ સ્મૃતિ મંદિરમાં દર્શન કરશે અને ત્યારબાદ દીક્ષાભૂમિની મુલાકાત લેશે. સવારે લગભગ ૧૦ કલાકે તેઓ નાગપુરમાં માધવ નેત્રાલય પ્રીમિયમ સેન્ટરનો શિલાન્યાસ કરશે અને એક જનસભાને સંબોધિત કરશે. બપોરે લગભગ ૧૨:૩૦ વાગ્યે તેઓ નાગપુરમાં સોલાર ડિફેન્સ એન્ડ એરોસ્પેસ લિમિટેડમાં યુએવી માટે લોઈટરિંગ મ્યુનિશન ટેસ્ટિંગ રેન્જ અને રનવે સુવિધાનું ઉદઘાટન કરશે. ઉપરાંત પ્રધાનમંત્રી બિલાસપુરનો પ્રવાસ ખેડશે અને બપોરે લગભગ ૩:૩૦ કલાકે તેઓ રૂ. ૩૩,૭૦૦ કરોડથી વધારેની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે, કાર્યનો પ્રારંભ કરાવશે અને દેશને સમર્પિત કરશે. તેઓ એક જનસભાને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી મહારાષ્ટ્રમાં, હિન્દુ નવા વર્ષની શરૂઆત નિમિત્તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રતિપદા કાર્યક્રમની સાથે સાથે પ્રધાનમંત્રી સ્મૃતિ મંદિરમાં દર્શન કરશે અને આરએસએસના સ્થાપક પિતાને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. તેઓ દીક્ષાભૂમિની મુલાકાત પણ લેશે અને ડૉ. બી. આર. આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે, જ્યાં તેમણે ૧૯૫૬માં તેમના હજારો અનુયાયીઓ સાથે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. પ્રધાનમંત્રી માધવ નેત્રાલય આઈ ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટરનાં નવા એક્સટેન્શન બિલ્ડિંગ માધવ નેત્રાલય પ્રીમિયમ સેન્ટરનો શિલાન્યાસ કરશે. વર્ષ ૨૦૧૪માં સ્થપાયેલી આ સંસ્થા નાગપુરમાં સ્થિત એક પ્રીમિયર સુપર-સ્પેશિયાલિટી ઓપ્થેલ્મિક કેર સુવિધા છે. આ સંસ્થાની સ્થાપના ગુરુજી શ્રી માધવરાવ સદાશિવરાવ ગોળવલકરની યાદમાં કરવામાં આવી હતી. આગામી પ્રોજેક્ટમાં ૨૫૦ બેડની હોસ્પિટલ, ૧૪ આઉટડોર પેશન્ટ ડિપાર્ટમેન્ટ્સ (ઓપીડી) અને ૧૪ મોડ્યુલર ઓપરેશન થિયેટર્સ હશે, જેનો ઉદ્દેશ લોકોને સસ્તી અને વિશ્વકક્ષાની આંખની સારસંભાળની સેવાઓ પ્રદાન કરવાનો છે. પ્રધાનમંત્રી નાગપુરમાં સૌર સંરક્ષણ અને એરોસ્પેસ લિમિટેડના દારૂગોળાનાં સાધનોની મુલાકાત લેશે. તેઓ નિઃશસ્ત્ર હવાઈ વાહનો (યુએવી) માટે નવનિર્મિત ૧૨૫૦ મીટર લાંબી અને ૨૫ મીટર પહોળી હવાઈ પટ્ટીનું ઉદઘાટન કરશે તથા લોઈટરિંગ મુનિશન અને અન્ય માર્ગદર્શિત શસ્ત્રોનું પરીક્ષણ કરવા માટે જીવંત શસ્ત્રો અને વોરહેડ ટેસ્ટિંગ સુવિધાનું ઉદઘાટન કરશે. પ્રધાનમંત્રી છત્તીસગઢમાં, માળખાગત વિકાસ અને સ્થાયી આજીવિકાને વધારવાની પોતાની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રધાનમંત્રી બિલાસપુરમાં વીજળી, ઓઈલ અને ગેસ, રેલ, રોડ, શિક્ષણ અને આવાસ ક્ષેત્રો સાથે સંબંધિત વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદઘાટન, શિલાન્યાસ અને લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી દેશભરમાં વીજ ક્ષેત્રની સુધારણા માટે પ્રતિબદ્ધ છે. તેને અનુલક્ષીને સસ્તી અને ભરોસાપાત્ર વીજળી પૂરી પાડવા અને છત્તીસગઢને વીજ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા માટે અનેક પગલાં લેવામાં આવશે. તેઓ બિલાસપુર જિલ્લામાં સ્થિત એનટીપીસીની સિપત સુપર થર્મલ પાવર પ્રોજેક્ટ સ્ટેજ- III (૧૮૮૦૦ મેગાવોટ)ની કિંમતની રૂ. ૯,૭૯૦ કરોડથી વધુની કિંમતની શિલારોપણ કરશે. આ પિટ હેડ પ્રોજેક્ટ ઉચ્ચ વીજ ઉત્પાદન કાર્યક્ષમતા સાથે અત્યાધુનિક અલ્ટ્રા-સુપરક્રિટિકલ ટેકનોલોજીની નવીનતમ સ્થિતિ પર આધારિત છે. તેઓ રૂ. ૧૫,૮૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં છત્તીસગઢ સ્ટેટ પાવર જનરેશન કંપની લિમિટેડ (સીએસપીજીસીએલ)નાં પ્રથમ સુપર ક્રિટિકલ થર્મલ પાવર પ્રોજેક્ટ (૨૮૬૬૦ મેગાવોટ)ની કામગીરી શરૂ કરશે. તેઓ રૂ. ૫૬૦ કરોડથી વધુના મૂલ્યની વેસ્ટર્ન રિજન વિસ્તરણ યોજના (ડબલ્યુઆરઈએસ) હેઠળ પાવરગ્રિડના ત્રણ પાવર ટ્રાન્સમિશન પ્રોજેક્ટ્સ પણ દેશને સમર્પિત કરશે. ભારતનાં ઉત્સર્જનનાં ચોખ્ખાં લક્ષ્યાંકોને અનુરૂપ હવાનાં પ્રદૂષણમાં ઘટાડો કરવા અને સ્વચ્છ ઊર્જા સમાધાનો પ્રદાન કરવા પ્રધાનમંત્રી કોરિયા, સુરજપુર, બલરામપુર અને સરગુજા જિલ્લાઓમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ)નાં સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (સીજીડી) પ્રોજેક્ટનું શિલારોપણ કરશે. તેમાં ૨૦૦ કિલોમીટરથી વધુ હાઈ પ્રેશર પાઈપલાઈન અને ૮૦૦ કિમીથી વધુ એમડીપીઈ (મીડિયમ ડેન્સિટી પોલિઈથિલિન) પાઈપલાઈન અને રૂ. ૧,૨૮૫ કરોડથી વધુના મલ્ટીપલ સીએનજી ડિસ્પેન્સિંગ આઉટલેટ્સ સામેલ છે. તેઓ રૂ. ૨૨૧૦ કરોડથી વધારેની કિંમતનાં ૫૪૦ કિલોમીટરનાં મૂલ્યનાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)નાં વિશાખ-રાયપુર પાઈપલાઈન (વીઆરપીએલ) પ્રોજેક્ટનું શિલારોપણ પણ કરશે.

**ભક્તિમણિ ત્યાંથી પ્રગટ થાય છે, પર્વતની ખાણમાંથી મણિ કોલસાને હીરા નીકળે છે, પરંતુ આ તો પ્રવાહ છે, અહીં મણિ નહીં પણ મોદ નીકળે છે**

# ગોદાવરી નદીના તટ પર વિનોદ-પ્રમોદ છે, અને ગોદાવરી ખુદ મોદની ખાણ છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જ્યારે બીજો વનવાસનો પ્રસંગ આવે છે જ્યારે પ્રભુ શ્રીરામ માતા સીતાને સમજાવે છે કે તેનું કર્તવ્ય અહીં રહી, સાસુની સેવા કરવાનું છે, વનમાં આવવા માટેનું નહીં! પરંતુ આપણે સૌ જાણીએ છીએ, તેમ સીતાજી ભગવાન રામ સાથે વનમાં જાય છે, પણ પાછળથી તેને ખૂબ જ પસ્તાવો થાય છે કે, મારા ભગવાને કહ્યું અને મેં તેની આજ્ઞા માની નહીં! આથી તે દરેક સાસુમા માટે એક જાનકીનું નિર્માણ કરી એની સેવામાં ગોઠવી દે છે.**

ગોદાવરીનો વિશિષ્ઠ અર્થ કરતાં કહ્યું કે ગોદાવરીનાં તટ પર વિનોદ છે, પ્રમોદ છે અને મોદ પણ છે. કારણકે પ્રભુ શ્રીરામે અહીં વસવાટ કર્યો, અને પ્રભુએ પણ પંચવટીમાં વિનોદ, પ્રમોદ, અને મોદનો અનુભવ કર્યાની કથા છે. વિનોદ ક્યારેક તમોગુણી પણ હોય શકે છે, તો પ્રમોદમા રજોગુણની પ્રધાનતા જોવા મળે છે, પણ મોદ બિલકુલ સાત્વિક અને શુદ્ધ આનંદ સ્વરૂપ એટલે પ્રસન્નતાનો ભાવ ધરાવે છે. તુલસીદાસજી તો લખે છે કે ગોદાવરી તો મોદની ખાણ છે. પણ નદીને ખાણ કહેવું એ જરા સાહિત્ય સાથે સુસંગત નથી,ખાણ તો પર્વતમાં હોય! નદીના પટમાં તો નાના મોટા ખાડા પડ્યા હોય,પણ ખાણ કંઈ રીતે હોય શકે! પણ રામ ચરિત માનસ પ્રમાણ આપે છે.

**મોદાકર ગોદાવરી બીપીન**
**સુખદ સબ કાલ,**
**નિર્ભય મુની જપ તપ કરહી**
**પાલક રામ કૃપાલ.**
**ગીધરાજ સે ભેટ ભઈ**
**બહુબિધિ પ્રીતિ બઢાઈ,**
**ગોદાવરી નિકટ પ્રભુ રહે**
**પરન ગૃહ છાઈ.**


ગોદાવરીના તટ પર ભગવાન પર્ણકુટી બનાવીને રહ્યાં ત્યારથી અહીંનો માહોલ બદલાઈ ગયો અને ઋષિમુનિઓ નિર્ભય થઈ ગયા. તુલસીદાસજી લખે છે કે વન ગિરિ નદી તળાવ, બધું રોજ સુશોભિત થયું હોય એવું દિસે છે.

**જબ તે રામ કિન્હ તહં બાસા,**
**સુખી ભયે મુની બીતી ત્રાસા,**
**ગીરિ બન નદી તાલ છબી છાયે,**
**દિન દિન પ્રતિ અતિ હોહિં સુહાયે.**

ટૂંકમાં ગોદાવરી એ એક એવો પ્રવાહ છે જેમાંથી પર્વતની માફક મણી નીકળે છે, અને આ વાત ગોસ્વામીજી ઉત્તરકાંડના રૂપકમાં કહે છે.

**પાવન પર્વત બેદ પુરાના,**
**રામકથા રૂચીરાકર નાના.**

ભક્તિમણિ ત્યાંથી પ્રગટ થાય છે, પર્વતની ખાણમાંથી મણિ કોલસાને હીરા નીકળે છે, પરંતુ આ તો પ્રવાહ છે, અહીં મણિ નહીં પણ મોદ નીકળે છે. અહીં તો મોદ, વિનોદ અને પ્રમોદ, એટલે કે વિશ્રામની અનુભૂતિ થાય છે. તુલસીદાસજી આ ચાર પંક્તિ ટાંકીને કહે છે કે મહાત્માઓ નિર્ભય થઈ ગયાં, અને પક્ષી મૃગ સર્વજીવ આનંદિત થઈને રહે છે.



**ચિત્રકૂટ રઘુનંદનું છાયે,**
**સમાચાર સુની સુની મુનિ આયે.**

સીતાને સમાહિત જ કરવા હોય તો ગોદાવરી જેવી શીતલ ગોદમાં સમાહિત કરો, જડ નહીં પરંતુ જીવંત પ્રવાહમાં સમાહિત કરો, દેશની સીતા બળે નહીં, એ આવશ્યક છે એટલા માટે માનસની સીતાને સમજવી બહુ જરૂરી છે. સીતાજીના બે સ્વરૂપ રામચરિત માનસમાંથી પ્રાપ્ત થાય છે એક તો તુલસીદાસજી એ જેનું વર્ણન કર્યું છે એ લીલા વાળી સીતા અને બીજી જે રામના મુખેથી જેનો પરિચય પ્રાપ્ત થાય છે તે આદ્યશક્તિ પરાઅંબા મા ભગવતી જાનકી. તુલસીદાસજી લખે છે,

**જનક સુતા જગ જનની જાનકી,**
**અતિશય પ્રિય કરુણા નિધાન કી.**

પરંતુ જે રામને અત્યંત પ્રિય છે એવી સીતાનો પ્રભુ રામ કઈ રીતે પરિચય આપે છે તે જોઈએ.

**આદિ શક્તિ જેહી જગ ઉપજાયા,**
**સો અવતરી મોરી યહ માયા.**

નૈમિશારણ્યમાં ગોમતીના તટ પર મનુ અને શતરુપા એ વર્ષો સુધી તપ કર્યું અને ભગવાન એમની સમક્ષ થયા, એમની સાથે મા સીતા પણ હતા. એમનો પરિચય આપતા તેમણે કહ્યું કે આ પરાઅંબા છે, આદિ શક્તિ છે, સર્જક પરાઅંબા છે. કવિ કાગબાપુની રચના સોનલ મા આભ કપાળી ભજા તન ભેડિયા વાળી''નું સ્મરણ કરે છે. જાનકી તો આદિ શક્તિ છે અને અદભુત શક્તિ ધરાવે છે જ, પરંતુ રામ કહે છે કે હું કંઈ જ કરતો નથી, આ બધું જ સીતા કરે છે. રામ જે કહેવા માંગે છે, તે એ જ સીતાની વાત છે, જે કરે છે બધું જ છતાં અહંકાર કરતી નથી. એટલે કે આપણે તો જરાક અમથું કામ કરીએ અને લોકો આપણી પીઠ થાબડી કે પ્રશંસા કરે એવું ઈચ્છતા હોઈએ છીએ. જાનકી એ મા આદ્યશક્તિના સ્વરૂપમાં સમગ્ર સૃષ્ટિની રચના કરી, પણ ક્યારેય એ વાતનો અહમ કર્યો નથી! પણ એનો મહિમા ઠાકુર જાણે જ છે.

**વિભવ ભેદ કછું કોઉ ન જાના,**
**સકલ જનક કર કરહી બખાના.**

જ્યારે બીજો વનવાસનો પ્રસંગ આવે છે જ્યારે પ્રભુ શ્રીરામ માતા સીતાને સમજાવે છે કે તેનું કર્તવ્ય અહીં રહી, સાસુની સેવા કરવાનું છે, વનમાં આવવા માટેનું નહીં! પરંતુ આપણે સૌ જાણીએ છીએ, તેમ સીતાજી ભગવાન રામ સાથે વનમાં જાય છે, પણ પાછળથી તેને ખૂબ જ પસ્તાવો થાય છે કે, મારા ભગવાને કહ્યું અને મેં તેની આજ્ઞા માની નહીં! આથી તે દરેક સાસુમા માટે એક જાનકીનું નિર્માણ કરી એની સેવામાં ગોઠવી દે છે, અયોધ્યા કાંડમા રાજા દશરથની ૭૦૦ રાણીઓનો ઉલ્લેખ જોવા મળે છે, અને એ રીતે જાનકી દરેકની સેવામાં ઉપલબ્ધ થાય છે! અને આ છે મા આદિ શક્તિ જાનકીની પરમશક્તિનું ઉદાહરણ. પરંતુ પોતે સમર્થ હોવા છતાં એના સામર્થ્યના એને ક્યાંય વખાણ કર્યા નથી, એ જ તેની ખાસિયત છે. પ્રભુ કહે ત્યારે અગ્નિમાં સમાઈ જાય છે, હનુમાનજીના હૃદયમાં સમાઈ જાય છે, ક્યારેક પર્વતમાં છુપાઈ જાય છે, અરે છોડો રાવણ જેવા દુશ્મનના હૃદયમાં પણ સ્થાન મેળવી લે છે, અને છતાં આદ્યશક્તિ દાસી બનીને રામના ચરણોમાં રહે છે. તો ગોદાવરી એવી ગોદ છે જે સૌને પોતાનામાં આવરી અને વિનોદ પ્રમોદ અને મોદ કરાવે છે. મારી રીતે પણ ગાદી કરતા ગોદનું મહત્વ વધારે છે. ગોદમાં શીતળતાનો અનુભવ થાય છે, જ્યારે ગાદી એક સળગતો અંગાર હોય છે. વ્યાસપીઠ માટે સૌથી સારી ગોદ એટલે સદગુરુની ગોદ છે. સત્સંગ એ સંતોની ગોદ છે, તો શાસ્ત્ર એ ઋષિમુનિઓની ગોદ છે. કથાના ક્રમમાં આગળ વધતાં એમણે કહ્યું કે આપણે નામ મહિમાનો સંક્ષિપ્તમાં ગાન કર્યું હતું, અને અને ત્યારબાદ માનસના ચાર ઘાટ પર કથા ચાલી રહી છે એનો ઉલ્લેખ કર્યો. પાર્વતી જિજ્ઞાસા વ્યક્ત કરે, એ રીતે રામ કથાનો પ્રારંભ બતાવ્યો છે. ભગવાન શંકર પાર્વતીજીને રામ જન્મના પાંચ કારણો બતાવે છે, અને એ પાંચેય કારણથી આપણે પરિચિત છીએ. રાવણ કુંભકર્ણ અને વિભિષણ એ ખૂબ તપ કર્યું, અને વરદાન પ્રાપ્ત કર્યા. રાવણે વરદાનનાં બળે સમગ્ર સૃષ્ટિ પર ખૂબ જ અત્યાચાર કર્યો, અને પૃથ્વી વ્યાકુળ થઈ ગઈ. તે કામધેનુ રૂપ ધારણ કરી દેવતાઓ પાસે ગઈ, અને પોતાના દુઃખનું કારણ બતાવ્યું. દેવતાઓ પૃથ્વીને લઈને બ્રહ્માજી પાસે જાય છે, અને બધાં ત્યાંથી જ પ્રભુને પોકાર કરે છે, ત્યારે આકાશવાણી થઈ અને તેમણે પોતાના અવતાર રૂપેનાં જન્મની વાત કરી. રાજા દશરથ અત્યંત બુદ્ધિશાળી અને શક્તિશાળી હતાં, તેમને ત્રણ ત્રણ રાણી હતી છતાં તેમને સંતાન સુખ હતું નહીં, આથી તે પોતાની દ્વિધા લઈને ગુરુદેવ પાસે જાય છે, અને શું પોતાના ભાગ્યમાં પુત્ર સુખ નથી? એવી જિજ્ઞાસા વ્યક્ત કરે છે. કુલગુરુ વશિષ્ઠ તેમને પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવે છે. યજ્ઞના અંતે યજ્ઞ દેવતા પ્રસાદનો ચરુ લઈને પ્રગટ થાય છે. રાજા પોતાની ત્રણેય રાણીઓને આ પ્રસાદ આપે છે, અને એના કારણે કાલ અવધિ સમાપ્ત થતા રઘુકુલમની રામ કૌશલ્યાના અંકમાંથી પ્રગટ થાય છે.

**ભય પ્રગટ કૃપાલા દિન દયાળા**
**કૌશલ્યા હિતકારી,**
**હર્ષિત મહતારી મુનિ મન હારી**
**અદભુત રૂપ બિચારી.**

પરમાત્માના દિવ્ય વિગ્રહના મા કૌશલ્યએ દર્શન કર્યા અને માતા ઈશવરને બાળક બનતા શીખવાડીને પછી રડવાનું કહે છે. ભક્તિનું આ સામર્થ્ય છે કે તે વિરાટને વામન બનાવી શકે છે.ભગવાન બાળક બની જાય છે, અને બાળકની જેમ રડવા લાગે છે, તેના રડવાનો અવાજ સાંભળીને અન્ય રાણીઓ તેમજ દાસીઓ દોડી આવે છે, અને ભગવાનના જન્મની વધાઈ આપે છે. આમ દશરથ નંદન રામના જન્મની કથા કરી પૂજ્ય બાપુ પણ માનસ ગોદાવરીનાં પાંચમા દિવસની કથાને વિરામ આપે છે.

**જીવ જ્યારે ચારે બાજુથી નિરા ધાર બને છે ત્યારે તે પ્રભુને શરણે જાય છે, પૂર્વજન્મોના સંસ્કારો અને સત્કર્મો હોય તો પ્રભુનું શરણ સૂઝે છે**

# યોગ્યતાઓ કર્મોમાંથી જન્મે છે બાકી જન્મથી તો દરેક મનુષ્ય શૂન્ય જ હોય છે !!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**તુલસી અને કમળ પરમાત્માને પ્રિય છે, પરમાત્માની નાભિમાંથી કમળ નીકળ્યું છે, કમળ બ્રહ્માજીની સૃષ્ટિનું નથી, તે કમળનો પ્રભુ એ સ્વીકાર કર્યો, સુદર્શન ચક્રથી ભગવાને મગરને માર્યો, સુદર્શનચક્ર એટલે જ્ઞાનચક્ર કાળનો નાશ જ્ઞાન ચક્રથી જ થાય છે, એવું જ્ઞાન કે સર્વમાં ભગવાન દેખાય, જેને બ્રહ્મ દૃષ્ટિ પ્રાપ્ત થાય છેતે જ્યાં જાય ત્યાં તેને પરમાત્મા નાં દર્શન થાય છે.**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનનમાં જોઈએ તો જે સંસાર સરોવરમાં મનુષ્ય ક્રીડા કરે છે ત્યાં જ કાળ રહે છે. જન્મની સાથે જ માણસ કાળને લઈને આવેલો છે. કાળ આવે છે ત્યારે પગને પહેલાં પકડે છે.પગની શક્તિ ક્ષીણ થાય ત્યારે માનજો કે કાળે પકડયા છે.પરંતુ ગભરાશો નહીં. એનો પણ ઉપાય છે.ગજેન્દ્રે બતાવ્યો છે તેભાગવત સ્મરણમાં લાગી જવું.કાળ જ્યારે પકડે ત્યારે કાળની પકડમાંથીસ્ત્રી કે પુત્ર કોઈ છોડાવી શકે નહીં. સ્ત્રી-પુત્રની સાથે સંસાર સમુદ્રમાં રમવા રહ્યા ને ભાન ભૂલ્યા એટલે તો કાળ- મગરે પગ પકડ્યો. હવે એ સ્ત્રી- પુત્ર કેમ કરી છોડાવી શકે? એ તો ઊલટા દૂર ભાગી જાય છે. હાથીનું સંકટ જોઈ હાથણીઓ ભયથી આઘી ખસી ગઈ. હાથી એકલપંડે લડે છે. હાથી-મગરનું આ યુદ્ધ કેવું ચાલ્યું! એટલે કે ખૂબ લાંબું ચાલ્યું. આ બતાવે છે કે, વાસના જીતવી બહુ અઘરી છે. તે એકદમ હરિના શરણે મનને જવા દેતી નથી. પોતાનાજોરે તે જીતવા માગે છે, પણ તે તો હવે ગજેન્દ્ર એકલો પડયો. એકલો પડે ત્યારે જ્ઞાન જાગ્રત થાય છે. હવે એને ભાન થયું કે, વાસના કેવળ ફસાવે છે. તેના ટેકે રહેવાય નહીં. જીવ નિર્બળ બને છે ત્યારે તે ઈશ્વરને શરણે જાય છે. નિર્બળ કે બળ રામ છે. દ્રૌપદીએ મોઢાથી સાડીનો છેડો પકડેલો ત્યાં સુધી દ્વારિકાનાથ વ્હારે ધાતા નથી પણ જે ઘડીએ દ્રૌપદીએ છેડો છોડી દીધોને શ્રી કૃષ્ણને બોલાવ્યા તે જ ઘડીએ પ્રભુ વહારે ધાય છે. જીવ મૃત્યુ પથારીમાં એકલો પડે છે ત્યારે તેની દશા ગજેન્દ્ર જેવી થાય છે. અંતકાળે મનુષ્ય ગભરાય છે કે મારું શું થશે? જ્યાં ગયા પછી પાછું આવવાનું છે,તેવી મુસાફરીની મનુષ્ય પારાવાર તૈયારી કરે છે. પણ જ્યાં ગયા પછી પાછું આવવાનું જ નથી,તેવી મોટી મુસાફરીની કોઈ અગાઉથીતૈયારી કરતું નથી. એ પરમ આશ્ચર્યની વાત છે. મૃત્યુ પથારી ઉપર પડેલો મનુષ્ય હાય હાય કરે છે.હાયહાય કરે હવે શું વળવાનું?હરિહરિ કરો તો કાંઈ વળે? કાંઈ શું, બધું વળે! ખરા દિલથી હરિ હરિ કરો તો! ગજેન્દ્ર એકલો પડયો ત્યારે તેને ખાતરી થઈ કે, ઈશ્વર વિના મારું કોઈ નથી. સગાંસંબંધી બધાં કહેવાનાં છે.જે બધાને માટે આખી જિંદગી ભોગ આપ્યો તે સર્વ છોડીને ચાલ્યા જાય છે. એટલે હવે ગજેન્દ્ર ઈશ્વરની સ્તુતિ કરે છે.આ ગજેન્દ્રસ્તુતિ અને ગજેન્દ્ર મોક્ષનો પાઠ રોજ કરવા જેવો છે, જેથી અજ્ઞાનનો નાશ થાય અને મરણ સુધરે. કાળ-મગર મને પકડવા ટાંપી રહ્યો છે એમ સમજી આ સ્તુતિ કરવી. જીવ જ્યારે ચારે બાજુથી નિરા ધાર બને છે ત્યારે તે પ્રભુને શરણે જાય છે. પૂર્વજન્મોના સંસ્કારો અને સત્કર્મો હોય તો પ્રભુનું શરણ સૂઝે છે. ગજેન્દ્ર પ્રાર્થના કરે છે કે,હે વિવિધ રૂપવાળા, અજ્ઞેય ચરિત્ર વાળા પ્રભુ, મારી રક્ષા કરો! હે પ્રભુ, તમે અવિદ્યાના ફાંસામાં ફસાયેલ જીવને જો તે શરણે



આવે તો ફાંસો કાપી નાખી બચાવો છો. તમે અત્યંત દયાળુ છો ને દયા કરવામાં કદી આળસ કરતા નથી.જીવમાત્રના તમે અંતર્યામી છો. તમે સર્વના નિયંતા છો. તમને હું પ્રણામ કરું છું. હું પશુ છું. કાળના પાશમાં ફસાયો છું. મને કાળથી બચાવો. જ્યાં કાળ ન હોય ત્યાં મને લઈ જાવ. જ્યાં કાળનો પ્રવેશ નથી એવા તમારા ધામમાં મને લઈ જાઓ. હે પ્રભુ, હું જાણું છું કે, આપની કૃપા અને આપનું શરણ એ જ બચવાનો એક માત્ર ઉપાય છે. હે નાથ, મારી ઉપર કૃપા કરો. તમે શરણાગતનું રક્ષણ કરનાર છો. તમે મારી રક્ષા કરો! હું તમારે શરણે છું. ગજેન્દ્ર આ પ્રમાણે દુઃખથી આદ્ર બનીને શ્રીહરિની સ્તુતિ કરે છે. આ સ્તુતિનો પાઠ મનુષ્યને સંકટ માંથી મુક્ત કરે છે.તમે જ ગજેન્દ્ર છો ને કાળ-મગરના જડબામાં પડ્યા છો એમ સમજી પાઠ કરશો તો તેનો ચમત્કાર તરત દેખાશે. આ સ્તુતિ નો પાઠ કરનારને ખરાબ વિચારો નહીં આવે.ગજેન્દ્ર પ્રાર્થના કરે છે કે, હવે નાશ ન થાય તેવું દિવ્ય શરીર મને આપો.કારણ કે આ નાશવંત લૌકિક શરીર કેવળ બોજારૂપ છે ને વ્યર્થ છે. માટે કૃપા કરી મને અવિનાશી તેજોમય શરીર આપો હેગોવિંદ,હે નારાયણ હું દીન તમારી પ્રાર્થના કરું છું. કાળના મુખમાંથી મને છોડાવો. હવે પરમાત્માને ઉતાવળ થઈ. તે દોડતા આવ્યા. ગજરાજને બચાવવાની ભગવાન સિવાય કોઈની તાકાત નથી. દેવો ત્યાં લાચાર છે. નિરાધારનો આધાર ભગવાન છે.ગજેન્દ્રે જોયું કે, ભગવાન દોડતા આવ્યા છે. ગજેન્દ્રે સરોવરમાંથી એક કમળ ઊંચકી તે ભગવાનને અર્પણ કર્યું. તુલસી અને કમળ પરમાત્માને પ્રિય છે. પરમાત્માની નાભિમાંથી કમળ નીકળ્યું છે.કમળ બ્રહ્માજી ની સૃષ્ટિનું નથી.તે કમળનો પ્રભુ એ સ્વીકાર કર્યો.સુદર્શન ચક્રથી ભગવાને મગરને માર્યો. સુદર્શનચક્ર એટલે જ્ઞાનચક્ર કાળનો નાશ જ્ઞાન ચક્રથી જ થાય છે.એવું જ્ઞાન કે સર્વમાં ભગવાન દેખાય.જેને બ્રહ્મ દૃષ્ટિ પ્રાપ્ત થાય છેતે જ્યાં જાય ત્યાં તેને પરમાત્મા નાં દર્શન થાય છે. બ્રહ્મજ્ઞાની ઘણા મળશે, પણ શુકદેવજી જેવી બ્રહ્મદૃષ્ટિ રાખનાર ઓછા મળશે. આવા જ્ઞાનીને સંસાર બાધક થતો નથી. અજ્ઞાનીને સંસાર બાધક થાય છે. આ જ્ઞાન એટલે ચોપડીનું જ્ઞાન નહીં, પણ અંતરમાં ઊગેલું જ્ઞાન. આ જ્ઞાન તમને અજ્ઞાનમાંથી છોડાવશે. અજ્ઞાનની પકડમાંથી છૂટવાનું છે. સર્વમાં ભગવદર્શન તેજ સુદર્શન. ભગવાન સિવાય જગતમાં જેના દર્શન કરવા-પ્રિય થાવું એવું સુદર્શન કોણ છે? એનો બીજો અર્થએ પણ થાય કે, તમારી દૃષ્ટિ સુદર્શન થશે;સારી થશે એટલે સર્વમાં તમને ભગવાન દેખાશે, તો તમે કાળના મુખમાંથી છૂટી જશો. સર્વમાં શ્રીકૃષ્ણનાં દર્શન કરો તો કાળ મારી શકશે નહીં. ભગવાને ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો, તેમ જે જીવ ભગવાનને શરણે જશે તેનો ઉદ્ધાર થશે. પૂર્વજન્મમાં આ ગજેન્દ્ર ઈન્દ્રધુમ્ન નામનો રાજા હતો. રાજા ધ્યાનમાં બેઠો હતો. ત્યાં અગસ્ત્ય મુનિ આવ્યા. ઊભા થઈ રાજાએ મુનિનો સત્કાર કર્યો નહીં. તેથી મુનિને લાગ્યું કે,રાજા મારું અપ માન કરે છે ભગવાન કરતાં પણ ભગવાનના ભક્તોનો વધારે માન રાખજો પથ્થરની મૂર્તિમાં સદભાવ રાખવાથી ચેતન થાય છે તો ચેતનમાં સદભાવ રાખવાથી ઈશ્વરની પ્રાપ્તિ કેમ ન થાય અગત્સ્ય મહારાજને ખોટું લાગ્યું તેમણે શાપ આપ્યો કે તું જડ જેમ બેસી રહ્યો તેથી તને પશુનો જડ અવતાર મળો પૂર્વ જન્મમાં ગજેન્દ્રે ખૂબ ભજન કરેલું એટલે ગજેન્દ્ર યોનીમાં તેને પ્રભુ યાદ આવ્યા.એક જન્મમાં જે સંસ્કાર મનમાં દૃઢ થાય તે બીજા જન્મમાં સ્વભાવ બની પ્રગટ થાય છે. ગજેન્દ્રની ગત જન્મની ભક્તિ આ જન્મે શ્રદ્ધા રૂપે પ્રગટ થઈ. શુકદેવજી હવે સમુદ્ર મંથનની કથા કહે છે, હે રાજન! એક સમયે ઈન્દ્રને દુર્વાસા ઋષિ સામે મળ્યા.દુર્વાસાએ પુષ્પમાળા ઈન્દ્રને અર્પણ કરી, પરંતુ ઈન્દ્ર સંપત્તિમાં સાનભાન ભૂલ્યો હતો.એટલે સંતે મળેલી માળા તેણે હાથીની સૂંઢ ઉપર ફેંકી.હાથી તે પગ તળે કચડવા લાગ્યો. દુર્વાસાને લાગ્યું કે, ઈન્દ્ર મારું અપમાન કરે છે. મારું એકલાનું નહીં, પણ પુષ્પમાં રહેલાનું અપમાન કરે છે.તેથી તેમણે ઈન્દ્રને શ્રાપ આપ્યો કે, તું દરિદ્ર થઈશ. સંપત્તિમાં સાનભાન ભૂલ્યો છે તે દરિદ્ર ન થાય ત્યાં સુધી તેને સાનભાન આવતું નથી. તે પછી સ્વર્ગનું રાજ્ય દૈત્યોને મળે છે. દેવો ભગવાનને શરણે ગયા. અમને અમારું રાજ્ય પાછું મળે તેવું કરો. ભગવાને આજ્ઞા આપી કે, તમે સમુદ્રમંથન કરો. તેમાંથી અમૃત નીકળશે તે હું તમને પીવડાવીશ. તમે અમર થશો, પરંતુ આ મોટું કામ કરે છે. તેમાં દૈત્યોનો પણ સાથ લેજો. દૈત્યો આમ તો દેવોની મદદમાં ન આવે, પણ એક તો દેવોએ તેમનાં વખાણ કર્યાં તેથી ફુલાયા ને બીજું અમૃતની લાલચ લાગી એટલે દેવોની સાથે જોડાયા. હવે દેવો અને દૈત્યો અમૃત મેળવવા સમુદ્રનું મંથન કરવા લાગ્યા. મંદરાચળ પર્વતની રવઈ બનાવવામાં આવી અને વાસુકી નાગનું દોરડું બનાવ્યું ને મંથન શરૂ કર્યું.સંસાર એ જ સમુદ્ર છે. સંસારસમુદ્રનું મંથન કરી જ્ઞાનરૂપી અને ભક્તિરૂપી અમૃત મેળવવાનું છે. જીવને ખરેખર અમર બનાવે તેવું તે એ એક જ અમૃત છે.

### ઓટીટી પર હિસાબ બરાબર થશે રિલીઝ થશે

# નવું આલ્બમ વિધાઉટ પ્રિજ્યુડિસ લોન્ચ કર્યું

**આફ્રોપોપ-ભારતીય પોપનું મિશ્રણ કરીને, આ આલ્બમ એક બોલ્ડ નવી સોનિક દિશા રજૂ કરે છે**

પ્રખ્યાત ગાયક-ગીતકાર ગુરુ રંધાવાએ વોર્નર મ્યુઝિક ઈન્ડિયાના સહયોગથી તેમના ખૂબ જ અપેક્ષિત નવા આલ્બમ, વિધાઉટ પ્રિજ્યુડિસની જાહેરાત કરી છે. તેમની કારકિર્દીમાં એક નવો અધ્યાય શરૂ કરીને, આ આલ્બમ તેમના કલાત્મક ઉત્ક્રાંતિ અને વૈશ્વિક આકર્ષણને પ્રદર્શિત કરવા માટે તૈયાર છે. આ ભાગીદારી અંગે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા ગુરુએ કહ્યું, ‘‘આ આલ્બમ ફક્ત મારા જ નહીં, પરંતુ હું જે સંગીત બનાવવા માંગુ છું અને જે પ્રેક્ષકો સાથે હું જોડાવા માંગુ છું તેના ઉત્ક્રાંતિનું પ્રતિનિધિત્વ કરે છે. વિધાઉટ પ્રિજ્યુડિસ અવરોધોને તોડવા અને મારા મૂળ સાથે સાચા રહીને વૈશ્વિક પ્રેક્ષકો સાથે વાત કરતા તાજા અવાજોને સ્વીકારવા વિશે છે. વોર્નર મ્યુઝિક ઈન્ડિયા મારી સાથે હોવાથી, હું આ સફર શરૂ કરવા અને મારા ચાહકો માટે ખરેખર કંઈક ખાસ લાવવા માટે રોમાંચિત છું.’’ વોર્નર મ્યુઝિક ઈન્ડિયા અને સાર્કના મેનેજિંગ ડિરેક્ટર જય મહેતાએ સંગીત ઉદ્યોગ પર ગુરુના પ્રભાવની પ્રશંસા કરતા કહ્યું, ‘‘ગુરુ રંધાવાએ પંજાબી સંગીતને વૈશ્વિક સ્તરે પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, અને આ આલ્બમ તેમની સફરમાં એક નવા રોમાંચક તબક્કાને ચિહ્નિત કરે છે. અમે તેમના કલાત્મક દ્રષ્ટિકોણને ટેકો આપવા માટે પ્રતિબદ્ધ છીએ, સાથે સાથે તેમને સંગીત, જીવંત અનુભવો અને ચાહકોની સંલગ્નતામાં એક સુવ્યવસ્થિત બ્રાન્ડ બનાવવામાં મદદ કરીએ છીએ.’’ ૨૦૨૩ પછી ગુરુના પ્રથમ સ્ટુડિયો આલ્બમ, વિધાઉટ પ્રિજ્યુડિસમાં નવ આકર્ષક ટ્રેક છે, જેમાં સ્નેપબેક, સિર્રા, ન્યૂ એજ, કતલ, ફ્રોમ એજીસ, જાનેમન, કીથે વાસદે ને, સરે કનેક્શન અને ગલ્લાન બટ્ટનનો સમાવેશ થાય છે.




### ગૌરી ખાન સિદ્ધાર્થ-કિયારાનું ઘર ડિઝાઇન કરશે

# સિદ્ધાર્થ સાથે કિયારા ઘર શોધવા નીકળી


**કિયારા વિશે વાત કરીએ તો, ચહેરા પર માસ્ક પહેર્યો હતો, પરંતુ તે ખૂબ સુંદર દેખાતી હતી**

કિયારા અડવાણી ટૂંક સમયમાં માતા બનવાની છે. તેણી અને પતિ સિદ્ધાર્થ મલ્હોત્રાએ પણ નવા મહેમાનના સ્વાગત માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. લગ્નના અઢી વર્ષ પછી, સિદ્ધાર્થ-કિયારા તેમના પહેલા બાળકના માતા-પિતા બનવા જઈ રહ્યા છે, અને તેઓ ખૂબ જ ઉત્સાહિત છે. પરંતુ એવું લાગે છે કે કિયારા અને સિદ્ધાર્થ કાં તો નવા ઘરમાં બાળકનું સ્વાગત કરશે, અથવા ડિલિવરી પછી તેઓ નવા ઘરમાં શિફ્ટ થઈ જશે. ખરેખર, તાજેતરમાં કિયારા અને સિદ્ધાર્થ નવા ઘરની શોધમાં જોવા મળ્યા હતા.સોશિયલ મીડિયા પર એક વીડિયો સામે આવ્યો છે જેમાં ગર્ભવતી કિયારા અડવાણી પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે એક નિર્માણાધીન ઈમારતમાંથી બહાર આવતી જોવા મળી રહી છે. ગૌરી ખાન પણ જોવા મળી હતી, જે એક ઈન્ટિરિયર ડિઝાઈનર છે.શાહરૂખ ખાનની પત્ની ગૌરીએ અત્યાર સુધીમાં ઘણા ફિલ્મ સ્ટાર્સ અને સેલિબ્રિટીઝના ઘર ડિઝાઈન કર્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગૌરી સિદ્ધાર્થ અને કિયારાના નવા ઘરને પણ ડિઝાઈન કરશે. કિયારા અડવાણી વિશે વાત કરીએ તો, તેણીએ ચહેરા પર માસ્ક પહેર્યો હતો, પરંતુ તે ખૂબ જ સુંદર દેખાતી હતી. તેની ગર્ભાવસ્થાનો ચમકારો સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. તેણે ગુલાબી રંગના ઢીલા શર્ટથી પોતાનો બેબી બમ્પ છુપાવ્યો હતો. કિયારા અડવાણી વિશે વાત કરીએ તો, તેણીએ ચહેરા પર માસ્ક પહેર્યો હતો, પરંતુ તે ખૂબ જ સુંદર દેખાતી હતી આ સમય દરમિયાન, સિદ્ધાર્થ તેની પત્ની કિયારાની સંભાળ રાખી રહ્યો હતોકિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ ૨૮ ફેબ્રુઆરીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં ચાહકોને આ ખુશખબર આપી હતી. તેમણે ઈન્સ્ટાગ્રામ પર બાળકના મોજાંના ફોટા શેર કર્યા હતા.



### આગામી ફિલ્મનું નામ ‘પેદ્દી’ છે

# રામ ચરણના જન્મદિવસ પર આરસી ૧૬નો ફર્સ્ટ લૂક રીવીલ કરાયો




**પહેલા પોસ્ટરમાં, રામ ચરણ લાંબા વાળ, વધેલી દાઢી અને મોંમાં સળગતી બીડી સાથે જોવા મળે છે**

સાઉથ સુપરસ્ટાર રામ ચરણ આજે પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યા છે. આ ખાસ પ્રસંગે અભિનેતાએ ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા છે. રામ ચરણની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ આરસી૧૬ નું શીર્ષક તેમના જન્મદિવસ પર જાહેર કરવામાં આવ્યું. આ સાથે, ફિલ્મના અભિનેતાનો પહેલો લુક પણ બહાર આવ્યો છે. રામ ચરણની આગામી ફિલ્મનું નામ ‘પેદ્દી’ છે. ફિલ્મમાંથી સુપરસ્ટારના બે પોસ્ટર પણ રિલીઝ કરવામાં આવ્યા છે. પહેલા પોસ્ટરમાં, રામ ચરણ લાંબા વાળ, વધેલી દાઢી અને મોંમાં સળગતી બીડી સાથે જોવા મળે છે. આ દરમિયાન તેની આંખોમાં ગુસ્સો પણ દેખાય છે. ‘પેદ્દી’ના બીજા પોસ્ટરમાં, રામ ચરણ લાલ અને વાદળી રંગના પટ્ટાવાળા શર્ટ પહેરેલા જોવા મળે છે. આ દરમિયાન તેના હાથમાં કોઈ હથિયાર પણ દેખાય છે. રામ ચરણના આ લુકને જોઈને કેટલાક ચાહકો ખૂબ પ્રભાવિત થયા છે, તો કેટલાક ચાહકો તેને પુષ્પાની નકલ કહી રહ્યા છે. ફિલ્મ ‘પેદ્દી’માં રામ ચરણ સાથે અભિનેત્રી જાહ્નવી કપૂર મુખ્ય અભિનેત્રી તરીકે જોવા મળશે. આ ઉપરાંત, શિવ રાજકુમાર પણ આ ફિલ્મનો ભાગ હશે. ‘પેદ્દી’ ફિલ્મ માયથ્રી મુવીઝના બેનર હેઠળ બનાવવામાં આવી છે અને તેનું દિગ્દર્શન બુચી બાબુ સના દ્વારા કરવામાં આવ્યું છે. હાલમાં, ફિલ્મની રિલીઝ તારીખ અંગે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી.

# ‘બાહુબલી’ ફેમ પ્રભાસ હવે બનશે કરોડપતિનો જમાઈ

**પ્રભાસના પ્રેમ સંબંધો અને અભિનેત્રી અનુષ્કા સાથેના ગુપ્ત સંબંધોના સમાચાર પણ ખૂબ ચર્ચામાં રહ્યા છે**

સિનેમા સ્ટાર્સનું અંગત જીવન હંમેશા સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય રહે છે. ખાસ કરીને, સ્ટાર્સની પ્રેમકથાઓ અને લગ્નના મુદ્દાઓ ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બને છે. લગ્નની વાત આવે ત્યારે ટોલીવૂડના હીરો પ્રભાસનું નામ ટોચ પર હોય છે એમાં કોઈ અતિશયોક્તિ નથી.કૃષ્ણમ રાજુના અભિનય વારસદાર તરીકે ફિલ્મી દુનિયામાં પ્રવેશ કરનાર પ્રભાસે પોતાની ખાસ ઓળખ બનાવી છે. ધીમે ધીમે તે આગળ વધ્યો અને સમગ્ર ભારતમાં સ્ટાર બન્યો. ‘બાહુબલી’ જેવી ફિલ્મોથી તેમણે વિશ્વભરમાં ચાહકોનો મોટો વર્ગ બનાવ્યો. પરંતુ પ્રભાસના લગ્નનો મામલો એક અલગ જ સ્તરે છે.એક રિપોર્ટ પ્રમાણે દરેકની નજર ટોલીવૂડના આ સૌથી યોગ્ય બેચલર પર છે જે લગ્ન ન કરવાને કારણે ૪૦ વર્ષથી વધુ ઉંમરના છે. પ્રભાસના પ્રેમ સંબંધો અને અભિનેત્રી અનુષ્કા સાથેના ગુપ્ત સંબંધોના સમાચાર પણ ખૂબ ચર્ચામાં રહ્યા છે.પ્રભાસ અને અનુષ્કાના લગ્નના સમાચાર ઘણા સમયથી આવી રહ્યા છે. અનુષ્કા અને પ્રભાસે આ અહેવાલોને નકારી કાઢ્યા હોવા છતાં, અફવાઓ



અટકવાનું નામ નથી લઈ રહી. આ દરમિયાન,સ્ટારના પરિવાર તરફથી વધુ એક મોટા સમાચાર આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પ્રભાસના લગ્ન નક્કી થઈ ગયા છે અને આ બધું ગુપ્ત રીતે થઈ રહ્યું છે.પરંતુ પ્રભાસ અનુષ્કા સાથે લગ્ન નથી કરી રહ્યો. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે હૈદરાબાદના એક મોટા ઉદ્યોગપતિની પુત્રી સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે. શ્રીમંત પરિવારની છોકરીને જોયા પછી કૃષ્ણમ રાજુની પત્ની શ્યામલા દેવીએ પ્રભાસના લગ્નની તૈયારીઓ શરૂ કરી દીધી હોવાના સમાચાર વાયરલ થઈ રહ્યા છે.પ્રભાસ ૪૫ વર્ષનો થઈ ગયો છે અને તેથી તેના લગ્ન હવે કન્ફર્મ થવાની શક્યતા છે.બીજી બાજુ, પ્રભાસ તેની ફિલ્મોમાં વ્યસ્ત છે. તાજેતરમાં જ તેણે ‘કલ્કી’ ફિલ્મ કરી છે અને હવે તે ‘ધ રાજાસાબ’ અને ‘ફૌજી’ ફિલ્મોમાં કામ કરી રહ્યો છે. સતત શૂટિંગમાં વ્યસ્ત પ્રભાસ ટૂંક સમયમાં બીજી મોટી ફિલ્મ ‘સ્પિરિટ’ના સેટ પર પગ મૂકવાનો છે. ઉગાદીના અવસરે આ પ્રોજેક્ટ શરૂ કરવાની યોજના છે. દિગ્દર્શક સંદીપ રેડ્ડીએ સ્ક્રિપ્ટ અને સંગીતનું કામ લગભગ પૂર્ણ કરી લીધું છે, તેથી તેમણે કોઈપણ વિલંબ કર્યા વિના ફિલ્મ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. જોકે, નિયમિત શૂટિંગ શરૂ થવામાં થોડો સમય લાગી શકે છે સિનેમા સ્ટાર્સનું અંગત જીવન હંમેશા સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય રહે છે. ખાસ કરીને, સ્ટાર્સની પ્રેમકથાઓ અને લગ્નના મુદ્દાઓ ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બને છે.

### સલમાનની ‘સિકંદર’ વર્ષની સૌથી મોટી ફિલ્મોમાંની એક છે

# સિકંદરનું શહેનશાહી ઓપનીંગઃ એડવાન્સ બુકિંગમાં જ ૬.૧૧ કરોડની કમાણી થઈ

સલમાન ખાનની ‘સિકંદર’ વર્ષની સૌથી મોટી ફિલ્મોમાંની એક છે. ચાહકો આ રાજકીય એક્શન થ્રિલર ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તાજેતરમાં જ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું હતું જેને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે અને આ સાથે ‘સિકંદર’ની ચર્ચા પણ ચરમસીમાએ પહોંચી ગઈ છે. દરમિયાન, સલમાન ખાન સ્ટારર ફિલ્મનું એડવાન્સ બુકિંગ પણ મંગળવાર એટલે કે ૨૫ માર્ચથી શરૂ થઈ ગયું છે. ફિલ્મના પહેલા દિવસના શોને જોવા માટે લોકોમાં ભારે ઉત્સાહ છે અને આ સાથે, એડવાન્સ બુકિંગ શરૂ થતાંની સાથે જ તેની ટિકિટો પણ ઝડપથી પ્રી-સોલ્ડ થઈ રહી છે.સલમાન ખાનની ‘સિકંદર’ ફિલ્મ રિલીઝ થાય તે પહેલા જ દર્શકોમાં તેનો ક્રેઝ ચરમસીમાએ છે. ઈદના અવસર પર, સલમાન પોતાની ફિલ્મ સાથે સિનેમાઘરોમાં ધૂમ મચાવશે, ભાઈજાનની ફિલ્મની રિલીઝ ચાહકો માટે કોઈ ઉજવણીથી ઓછી નથી. આ બધા વચ્ચે, ‘સિકંદર’નું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયું છે અને ફિલ્મના પ્રી-ટિકિટ વેચાણના પ્રારંભિક આંકડા પણ આવી ગયા છે, જેને જોઈને સ્પષ્ટ લાગે છે કે સલમાન ખાનની ફિલ્મ શરૂઆતના દિવસે કમાણીના તમામ રેકોર્ડ તોડી શકે છે અને વર્ષની સૌથી મોટી ઓપનર ફિલ્મનો રેકોર્ડ બનાવી શકે છે. રસપ્રદ વાત એ છે કે ‘સિકંદર’ એ થોડા કલાકોમાં જ એડવાન્સ બુકિંગમાં કરોડોનો આંકડો પાર કરી લીધો છે.સિકંદરની ૬૭ હજાર ૧૮૨ ટિકિટ હિન્દી ૨ડી ફોર્મેટમાં વેચાઈ હતી. આઈમેક્સ ૨ડી માં ફિલ્મની ૪૫ હજાર ૯૪ ટિકિટ વેચાઈ ગઈ છે. આ સાથે, દેશભરમાં થોડા કલાકોમાં જ ફિલ્મની ૬૭૨૭૬ ટિકિટો પ્રી-સોલ્ડ થઈ ગઈ છે. આ ફિલ્મે બ્લોક સીટો વિના એડવાન્સ બુકિંગમાં ૧.૯૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે. બ્લોક સીટો સાથે, ‘સિકંદર’ એ અત્યાર સુધીમાં એડવાન્સ બુકિંગમાં ૬.૧૧ કરોડ રૂપિયાની કમાણી કરી ચૂકી છે. એ.આર. મુરુગાદોસ દ્વારા દિગ્દર્શિત ‘સિકંદર’માં સલમાન ખાન, રશ્મિકા મંદન્ના, કાજલ અગ્રવાલ, સત્યરાજ, શરમન જોશી અને પ્રતીક બબ્બર જેવા સ્ટાર્સ છે. આ ફિલ્મ સાથે, સલમાન ખાન ૨૦૧૪ ની બ્લોકબસ્ટર ફિલ્મ કિક પછી ફરીથી નિર્માતા સાજિદ નડિયાદવાલા સાથે કામ કરી રહ્યો છે. આ ફિલ્મ ૩૦ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે.




### ૨૪ માર્ચે દિગ્ગજ એક્ટર સની દેઓલની ફિલ્મ ‘જાટ’નું ટ્રેલર રિલીઝ થયું

# સલમાન પર સની દેઓલ ભારે પડે તો નવાઈ નહી



**બોલિવૂડના દિગ્ગજ એક્ટર સની દેઓલની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘જાટ’ ૧૦ એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે**

બોલિવૂડના દિગ્ગજ એક્ટર સની દેઓલની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘જાટ’ ૧૦ એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મનું ટ્રેલર પણ ૨૪ માર્ચે રિલીઝ થયું હતું અને ૨૪ કલાકમાં તેના વ્યૂઝ ૧૪ મિલિયનને વટાવી ગયા છે. ટ્રેલર રિલીઝ થતાંની સાથે જ સની દેઓલ સોશિયલ મીડિયા પર સતત ટ્રેન્ડ કરી રહ્યો છે. ૩૦ માર્ચ, ૨૦૨૫ના રોજ, એટલે કે ઈદના અવસરે, બોલિવૂડના ‘ભાઈજાન’ સલમાન ખાનની ફિલ્મ ‘સિકંદર’ સિનેમાઘરોમાં આવવા જઈ રહી છે. તેમજ ૨૪ માર્ચે સની દેઓલની ફિલ્મ ‘જાટ’નું ટ્રેલર રિલીઝ થયું, જેના પછી તે સોશિયલ મીડિયા પર સતત ટ્રેન્ડ કરી રહ્યું છે. સલમાનની ફિલ્મ ‘સિકંદર’ ૪ દિવસ પછી રિલીઝ થવા જઈ રહી છે, આ દરમિયાન સની દેઓલની ફિલ્મ ‘જાટ’ની ચર્ચા તેજ થઈ ગઈ છે. ફિલ્મનું ટ્રેલર જોયા પછી, લોકો યુટ્યુબ પર કોમેન્ટ બોક્સમાં લખી રહ્યા છે કે સની દેઓલ બધાનો રેકોર્ડ તોડવાના છે.કેટલાક લોકોએ ટિપ્પણી કરી છે કે ‘સન્ની પાજીએ ખૂબ જ સારું કામ કર્યું છે, એક્શન સીન અને ડાયલોગ ડિલિવરી ખૂબ જ ચર્ચામાં રહેશે.’ આવા એક્શન દ્રશ્યો તમને ચોંકાવી દેશે. તેમજ કેટલાક લોકો કહે છે કે સની દેઓલ સામે સલમાન, શાહરૂખ અને આમિર કંઈ નથી.સની દેઓલની ફિલ્મ ‘જાટ’નું ટ્રેલર ‘સિકંદર’ના ટ્રેલર કરતાં વધુ પસંદ કરવામાં આવી રહ્યું છે. એવું બની શકે છે કે ‘સિકંદર’ થિયેટરોમાં રિલીઝ થયાના ૧૦ દિવસની અંદર, ‘જાટ’ બોક્સ ઓફિસ પર કબજો કરી લે. આવી સ્થિતિમાં, સલમાન પાસે ફક્ત ૧૦ દિવસ બાકી છે, એટલે કે ‘સિકંદર’ ૧૦ દિવસમાં ગમે તેટલી કમાણી કરી શકે છે, ત્યારબાદ સની દેઓલની ગર્જના સંભળાશે.સની દેઓલનું નામ હજુ પણ બોલિવૂડના દિગ્ગજ કલાકારોની યાદીમાં સામેલ છે. સની દેઓલ છેલ્લા ૪ દાયકાથી સતત ફિલ્મોમાં કામ કરી રહ્યા છે, જોકે તેમની ફિલ્મી કારકિર્દી ઉતાર-ચઢાવથી ભરેલી રહી છે.જોકે ૨૦૦૧માં આવેલી તેમની ફિલ્મ ‘ગદર’ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત થઈ હતી, પરંતુ આ ફિલ્મ પછી તેમની કારકિર્દી સતત પતન તરફ આગળ વધતી ગઈ. ‘ગદર’ પછી તેમને ફક્ત ફ્લોપ અને ડિઝાસ્ટર ફિલ્મો જ મળી.તેમજ, વર્ષ ૨૦૨૩માં તેમણે બોક્સ ઓફિસ પર એક એવી ફિલ્મ આપી, જેણે તેનું ખોવાયેલું સ્ટારડમ પાછું લાવ્યું અને તે ફિલ્મનું નામ ‘ગદર ૨’ હતું.

# ‘મેનિયાક’ ગીત પર પ્રતિબંધ મૂકવાની અરજી ફગાવાઈ

**અરજદાર લવકુશ કુમારના વકીલે દલીલ કરી હતી કે ગીતના શબ્દો મહિલાઓને જાતીય પદાર્થો તરીકે રજૂ કરે છે**



હની સિંહના ગીત મેનિયાક સામે એક અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે ભોજપુરી ભાષામાં અશ્લીલતાને પ્રોત્સાહન આપે છે. જોકે, દિલ્હી હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી છે. અરજદાર લવકુશ કુમારે આરોપ લગાવ્યો હતો કે આ ગીતમાં ભોજપુરી ભાષાનો ઉપયોગ કરીને મહિલાઓનું જાતીય શોષણ કરવામાં આવ્યું છે અને અશ્લીલતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.સુનાવણી દરમિયાન, દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડીકે ઉપાધ્યાય અને ન્યાયાધીશ તુષાર રાવ ગેડેલાની બેન્ચે કડક ટિપ્પણી કરી અને કહ્યું કે અશ્લીલતાનો કોઈ ધર્મ નથી હોતો. આ કોઈ પણ શરતો વિના અશ્લીલતા છે. ભોજપુરી ભાષાને અશ્લીલતા સાથે જોડીને ન જોવી જોઈએ.અરજદારના વકીલે દલીલ કરી હતી કે ગીતના શબ્દો મહિલાઓને જાતીય પદાર્થો તરીકે રજૂ કરે છે અને દ્વિ અર્થવાળા શબ્દોનો ઉપયોગ કરે છે, જેનાથી લિંગ ભેદભાવને પ્રોત્સાહન મળે છે. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે અરજી સુનાવણી માટે સ્વીકાર્ય નથી કારણ કે તેમાં એક ખાનગી વ્યક્તિ સામે રાહતની માંગ કરવામાં આવી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે રિટ ફક્ત રાજ્ય અથવા તેના કોઈપણ સાધન સામે જારી કરી શકાય છે, કોઈ ખાનગી વ્યક્તિ વિરુદ્ધ નહીં. જોકે, કોર્ટે અરજદારને સૂચન કર્યું કે જો તેને લાગે કે તે કાયદેસરનો ગુનો છે તો તે તેની સામે ફરિયાદ નોંધાવી શકે છે. કોર્ટે કહ્યું કે જો આ ગુનો છે અને કોગ્નિઝેબલ છે... તો ફરિયાદ દાખલ કરો. જો પોલીસ ફરિયાદ નોંધે નહીં તો આગળની કાનૂની કાર્યવાહી કરો. કોર્ટની આ ટિપ્પણી બાદ, લવકુશ કુમારે દિલ્હી હાઈકોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી. આ નિર્ણયથી હની સિંહને મોટી રાહત મળી છે અને તેમના ગીત ‘મેનિયાક’ પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં.



# અદાણી ગ્રીન એનર્જીને UPPCL તરફથી ૨૫ વર્ષ માટે સૌર ઉર્જાનો ઓર્ડર મળ્યો

## AGELની કાર્યરત ઉત્પાદન ક્ષમતા વધીને ૧૩,૭૦૦.૩ મેગાવોટ

| અમદાવાદ, તા.૨૮ |

અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL) ના કાર્યકારી પોર્ટફોલિયોમાં સતત વધારો થઈ રહ્યો છે. AGELને ૪૦૦ મેગાવોટ સૌર ઉર્જાનો મોટો ઓર્ડર મળ્યો છે. અદાણી ગ્રીન એનર્જીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અદાણી રિન્યુએબલ એનર્જી હોલ્ડિંગ ટ્વેલ્વ લિમિટેડ (AREH12L) ને ઉત્તરપ્રદેશમાંથી ૪૦૦ મેગાવોટ સૌર ઉર્જા પુરવઠા માટેનો મોટો ઓર્ડર મળ્યો છે. AREH12 ને ઉત્તરપ્રદેશ પાવર કોર્પોરેશન લિમિટેડ (UPPCL) તરફથી ગ્રીડ-કનેક્ટેડ સોલાર પીવી પાવર પ્રોજેક્ટમાંથી સૌર ઉર્જાના પુરવઠા માટે લેટર ઓફ એવોર્ડ (LOA) પ્રાપ્ત થયો છે. આ સમાચાર બાદ અદાણી ગ્રીનના શેરમાં વધારો જોવા મળ્યો.

રાજસ્થાનમાં અદાણી ગ્રુપ જોધપુરના ભાડલા ખાતે ૫૦૦ મેગાવોટનો સોલાર પાર્ક અને જેસલમેરના ફતેહગઢ ખાતે ૧,૫૦૦ મેગાવોટનો સોલાર પાર્ક વિકસાવી રહ્યું છે. ફતેહગઢ સોલાર પાર્ક ૯૯૮૧ એકર વિસ્તારમાં ફેલાયેલો હશે અને તેની કુલ ક્ષમતા ૧૫૦૦ મેગાવોટ હશે. UPPCL માટે ૨૫ વર્ષના સમયગાળા માટે પ્રતિ કિલોવોટ કલાક રૂ. ૨.૫૭ ના દરે તેને વિકસાવવામાં આવશે. આ સમાચાર બાદ અદાણી ગ્રીનના શેરમાં વધારો જોવા મળ્યો.

અદાણી ગ્રીન એનર્જી લિમિટેડે શુક્રવારે પેટાકંપની અદાણી રિન્યુએબલ એનર્જી ફિફ્ટી સેવન લિમિટેડ દ્વારા ગુજરાતના ખાવડા ખાતે ૨૧૨.૫૦ મેગાવોટનો સૌર ઉર્જા પ્રોજેક્ટ શરૂ કર્યો



છે. સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગ મુજબ હવે અદાણી ગ્રીનની કુલ ઓપરેશનલ રિન્યુએબલ ઉત્પાદન ક્ષમતા વધીને ૧૩,૭૦૦.૩ મેગાવોટ થઈ ગઈ છે.

તાજેતરમાં પ્રકાશિત અહેવાલ મુજબ અદાણી ગ્રીન એનર્જીની પેટાકંપની અદાણી ગ્રીન એનર્જી ટ્વેન્ટી ફોર લિમિટેડે રાજસ્થાનના ભીમસર ખાતે પણ ૨૫૦ મેગાવોટનો સૌર ઉર્જા પ્રોજેક્ટ શરૂ કર્યો છે. અગાઉ ૧૧ માર્ચે છર્ઈન્એ પેટાકંપની અદાણી સોલર એનર્જી એપી એટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આંધ્રપ્રદેશના કડપ્પા ખાતે ૨૫૦ મેગાવોટનો બીજો સૌર ઉર્જા પ્રોજેક્ટ શરૂ કર્યો છે. ગયા મહિને, કંપનીએ રેકોર્ડ ૧૨,૦૦૦ મેગાવોટ ઓપરેશનલ પોર્ટફોલિયોને વટાવી દીધો હતો. ભારતની પ્રથમ અને એકમાત્ર રિન્યુએબલ ઉર્જા કંપનીએ આ સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

અદાણી ગ્રીન કચ્છ જિલ્લાના ખાવડા ખાતે ઉજ્જડ જમીન પર ૩૦,૦૦૦ મેગાવોટનો વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ ઉર્જા પ્લાન્ટ વિકસાવી રહી છે. ૫૩૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો પ્લાન્ટ પેરિસ કરતા પાંચ ગણા કદનો અને મુંબઈ શહેર જેટલો મોટો છે.

# વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં બ્લોકને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થશે

| અમદાવાદ, તા.૨૮ |

રાજકોટ ડિવિઝનના વિરમગામ સુરેન્દ્રનગર સેક્શનમાં લીલાપુર રોડ-કેસરિયા રોડ સ્ટેશનો વચ્ચે સ્થિત બ્રિજ નંબર ૨૪ માટે હાલના સ્ટીલ ગર્ડરની જગ્યાએ PSC સ્લેબની જોગવાઈનું કામ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા કરવામાં આવશે. આ બ્લોકને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે. વિગતો નીચે મુજબ છેઃ-

રદ કરાયેલી ટ્રેનોઃ

૧) ૨૮.૦૩.૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ રદ રહેશે.

૨) ૩૦.૦૩.૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ રદ રહેશે.

આંશિક રીતે રદ થયેલી ટ્રેનોઃ

૧) ૨૯.૦૩.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ વેરાવળથી ઉપડશે અને સુરેન્દ્રનગર સુધી જશે અને સુરેન્દ્રનગરથી તેને ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ તરીકે ચલાવવામાં આવશે.

૨) ૨૯.૦૩.૨૦૨૫ ના રોજ, ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ અને ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ બંને ટ્રેનો સુરેન્દ્રનગર-ગાંધીનગર કેપિટલ-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

માર્ગમાં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનોઃ

૧) ૨૮.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૬૧૪ કોઈમ્બતુર-રાજકોટ એક્સપ્રેસ માર્ગમાં એક કલાક મોડી થશે.

૨) ૨૯.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૩૩૭ ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૪૦ મિનિટ મોડી થશે.

ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# આણંદના અમૂલ ખાતે ૫૪માં રાષ્ટ્રીય સલામતી સપ્તાહની ઉજવણી કરાઈ

## આણંદ અમૂલ ખાતે ૫૪માં સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી




| (માહિતી) આણંદ, તા.૨૮ |

આ સપ્તાહ દરમિયાન સલામતી અંગે પ્રશ્નોત્તરી, અગ્નિ સામક નો ઉપયોગ, ઈમરજન્સી મોકડ્રીલ, અંગે વિશેષ જાણકારી આપવામાં આવી હતી. આ સપ્તાહ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

અમુલ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના મદદનીશ નિયામકશ્રી રીનાબેન રાઠવા અને અમૂલના અધિકારીઓ ના હસ્તે કર્મચારીઓને રાષ્ટ્રીય સલામતી સપ્તાહ અંતર્ગત વિવિધ જાણકારી આપવામાં આવી હતી અને સ્પર્ધામાં ભાગ લેનાર કર્મચારીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ રાષ્ટ્રીય સલામતી સપ્તાહ દરમિયાન યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં અમૂલના કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# સુરત જિલ્લાના મહુવા તાલુકાના વાછાવડ ગામના આત્મનિર્ભર આદિવાસી યુવાન પ્રદિપભાઇ પટેલ

## બારમા ધોરણ સુધી ભણેલો આદિવાસી યુવાન પશુપાલન થકી મહિને રૂ.૩૦ હજારની આવક મેળવી રહ્યો છે

| (માહિતી) સુરત, તા.૨૮ |

ખેડૂતો ખેતીની સાથોસાથ પશુપાલનનો વ્યવસાય કરીને ઉત્તમ કમાણી કરી રહ્યા છે. પશુપાલકો સદ્ધર બને તે માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલી છે. ચાફ કટર યોજના પણ આ પૈકીની એક યોજના છે, જેની સહાયથી પશુઓના ઘાસનું સરળતાથી કટિંગ કરી શકાય છે. યોગ્ય સાઈઝમાં કટિંગ કરેલું ઘાસ પશુઓ સરળતાથી ખાઈ શકે છે. સુરત જિલ્લાના મહુવા તાલુકાના વાછાવડ ગામના પશુપાલન કરતા આદિવાસી યુવાન પ્રદિપભાઈ રમણભાઈ પટેલને ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની ચાફ કટર યોજના હેઠળ રૂ.૩૫ હજારના ચાફ કટર મશીનનો લાભ મળ્યો છે. પશુપાલન થકી આત્મનિર્ભર બનેલા પ્રદિપભાઈ પટેલ જણાવે છે કે, મારો પરિવાર પશુપાલન અને ખેતી વ્યવસાય સાથે જોડાયેલો છે, હું પણ ધો. ૧૨ સુધી અભ્યાસ કર્યા બાદ આ ક્ષેત્રમાં જોડાયો. હાલમાં હું સાત પશુઓ વડે વાછાવડ ગામની દુધ ડેરીમાં દર મહિને રૂ.૩૦ હજારનું દુધ ભરૂ છું. જેનાથી મારા પરિવારનું ગુજરાન સુખમય રીતે ચાલી રહ્યું છે.

સરકારની સાધન સહાયથી ધંધામાં પ્રગતિ થઈ છે એમ જણાવી પ્રદિપભાઈ ઉમેરે છે છે કે, મને અન્ય પશુપાલક મિત્રો પાસેથી જાણકારી મળી કે માંડવી ટ્રાયબલ સબ પ્લાનની કચેરી દ્વારા ઘાસ કાપવાના મશીનની સહાય મળી શકે છે. આ



કચેરીમાં રૂબરૂ જઈને માહિતી મેળવી, ફોર્મ ભરીને જરૂરી દસ્તાવેજો જમા કર્યા. ટૂંક સમયમાં મને ઘાસ કાપવાના મશીન પર રૂ. ૩૫ હજારની ૭૫% સહાય મળી, જેથી માત્ર રૂ. ૩ હજારમાં ઘાસ કટર મશીન મળ્યું. સરકારની આ યોજનાએ મને પશુપાલનમાં વધુ મહેનત કરવાની પ્રેરણા આપી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ઘાસ કાપવાના મશીનથી ઘણો ફાયદો છે. અગાઉ વાઢેલા ઘાસને સીધું પશુઓને નીરવાથી ખૂબ બગાડ થતો હતો. તેમજ ઘાસને હાથથી કાપતા હતા, જેના પરિણામે ઘાસ વેસ્ટેજ જતું હતું. હવે મશીન દ્વારા ઘાસ કાપવાના કારણે ઘાસ બારીક ટુકડાઓમાં વહેંચાઈ જતા બગાડ નહિવત થાય છે. મશીનની મદદથી પશુઓને યોગ્ય સમયે અને સરળતાથી ઘાસ ખવડાવી શકાય છે, જેના પરિણામે દુધ-ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ છે એમ જણાવી મશીનની સહાય બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઝાલોદના ગરાડુ ખાતે આદિવાસી સમાજનું ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ |

દાહોદ આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે અહીં મોટા પ્રમાણમાં આદિવાસીઓ વસવાટ કરે છે. આદિવાસી સમાજમાં હાલ પણ ઘણા કુરિવાજો તેમજ અંધશ્રદ્ધાં પ્રમાણે અમુક વર્ગ જીવન જીવી રહેલ છે ત્યારે સમાજ માંથી કુરિવાજ દૂર થાય તે હેતુથી ચિંતન શિબિરનું આયોજન ઝાલોદ ગરાડુ ખાતે કરવામાં આવ્યું. દાહોદ જિલ્લાના આસપાસ અને રાજસ્થાન, મધ્યપ્રદેશના લોકો મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો અને આગેવાનો હાજર રહ્યા હતા. જેમાં. રાજકીય, શૈક્ષણિક અને સામાજિક મુદ્દાઓને લઈને ચર્ચા કરવામાં આવી. સમાજમાં તમામ લોકો જુના કુરિવાજો છોડી અને આગળ વધે અને સમાજમાં પોતાનું નામ રોશન કરે તે હેતુ થી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો હાજર રહ્યા હતા અને સમાજના આગેવાનો પણ હાજર રહ્યા તેમજ સમાજને સાચી દિશા આપી વધુ પ્રગતિ કરે તે માટે ભાર મુકવામાં આવ્યો હતો.

# પંચમહાલ જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમા ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાઈ આવતા જયેશભાઈ પટેલ

(પ્રતિનિધી)

| દેવગઢ બારીઆ, તા.૨૮ |

પંચમહાલ જીલ્લા સહકારી સંઘ ચૂંટણી યોજાઈ હતી જેમાં ગોધરા ગોધરા ના માજી સાંસદ તથા માજી નાયબ વાણિજ્ય કેન્દ્રીય મંત્રી સ્વ.શાંતિલાલ પટેલના મોટા પુત્ર જયેશભાઈ શાંતિલાલ પટેલ દ્વારા ઉમેદવારી નોંધાવવામાં આવી હતી જેમાં જયેશભાઈ પટેલની બિનહરીફ વિજેતા તરીકે જાહેરાત થઈ હતી બિનહરીફ વિજેતા જાહેર થતા દેવગઢ બારીઆ ના સ્વ મહેશભાઈ અગ્રવાલ ના પરિવાર અને દેવગઢ બારીઆ તાલુકા પંચાયત



ના માજી પ્રમુખ અને પંચમહાલ જિલ્લા કેળવણી મંડળ પ્રમુખ શ્રી નટવર સિંહ ચૌહાણ અજય અગ્રવાલ પ્રતિષભાઈ અગ્રવાલ રઘુવીરસિહ ચૌહાણ દ્વારા શુભેરછાઓ પાઠવવા માં આવી હતી.

# પારડીના સુખેશ ગામમાં ખેડૂતોને તાડપત્રી અને ઈલેક્ટ્રીક પંખા વિતરણનો કાર્યક્રમ યોજાયો

| (માહિતી) વલસાડ, તા.૨૮ |

વલસાડ જિલ્લા પંચાયત સંચાલિત ખેતીવાડી શાખા દ્વારા ટ્રાયબલ સબ પ્લાન ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ ખેડૂતોને તાડપત્રી અને પંખા વિતરણ કરવાનો કાર્યક્રમ પારડીના સુખેશ ગામે પારડી તાલુકા પંચાયતના પ્રમુખશ્રી દક્ષેશ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ દક્ષેશભાઈ પટેલે ખેડૂતોને સંબોધીને જણાવ્યું કે, આજે જે ખેડૂતોને લાભ મળ્યો છે તે ખેડૂતોએ પોતાના ગામના કે ફળિયાના વંચિત ખેડૂતોને પણ આ યોજના હેઠળ તાડપત્રી અને ઈલેક્ટ્રીક પંખાનો લાભ મળે તે માટે પ્રયાસ કરવાના રહેશે. જેથી ''સૌનો સાથ, સૌનો વિકાસ''નું સૂત્ર ખરા અર્થમાં સાર્થક થઈ શકે. જિલ્લા ખેતીવાડી અધિકારી એ.કે.ગરાસિયાએ લાભાર્થીઓને યોજનાની માહિતી આપી હતી. જેમાં જણાવ્યું કે, જિલ્લામાં કુલ ૩૦૦ તાડપત્રી અને ૧૦૦ ઈલેક્ટ્રીક પંખાનું વિતરણ ખેડૂતોને કરવામાં આવનાર છે. આજે આ કાર્યક્રમમાં ૧૦૦ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. ઈલેક્ટ્રીક પંખો રૂ. ૯૦૯૫નો હોય છે પરંતુ લાભાર્થી પાસે માત્ર રૂ. ૨૫૭૪ લેવાના થાય છે. જ્યારે તાડપત્રીના રૂ. ૨૮૯૮ થાય છે પરંતુ લાભાર્થી પાસે માત્ર રૂ. ૮૨૪ લેવાના થાય છે. ખેડૂતોને તાડપત્રી અને ઈલે. પંખાથી પાકની જાળવણી અને સાફ સફાઈ કરવી સરળ બનશે.

# ચૈત્રી નવરાત્રીને લઈને શ્રી આરાસુરી અંબાજી મંદિર ખાતે આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરાયો

| (માહિતી) પાલનપુર, તા.૨૮ |

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે કે, આગામી ચૈત્રી નવરાત્રી નિમિત્તે આરતી-દર્શનના સમયમાં ફેરફાર થવાથી શ્રી અંબાજી માતા મંદિર અંબાજીમાં યાત્રાળુઓને સગવડતા ખાતર આરતી તથા દર્શનનો સમય નીચે મુજબનો રહેશે જેની જાહેર જનતાને નોંધ લેવા વિનંતી કરાઈ છે.

તા.૩૦/૦૩/૨૦૨૫ ના ચૈત્ર સુદ - ૧ (એકમ) રવિવારના ઘટસ્થાપન સવારે ૦૯:૧૫ કલાકે કરવામાં આવશે. જેમાં આરતી સવારે ૦૭:૦૦ થી ૦૭:૩૦, દર્શન સવારે ૦૭:૩૦ થી ૧૧:૩૦, રાજભોગ બપોરે ૧૨:૦૦ કલાકે, દર્શન બપોર ૧૨:૩૦ થી ૧૬:૩૦, આરતી સાંજે ૧૯:૦૦ થી ૧૯:૩૦, દર્શન સાંજે ૧૯:૩૦ થી ૨૧:૦૦ વાગ્યા સુધીનો સમય રહેશે. તા.૦૫/૦૪/૨૦૨૫ના ચૈત્ર સુદ-૮ (આઠમ)ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ વાગ્યાનો રહેશે. તા.૧૨/૦૪/૨૦૨૫ના ચૈત્ર સુદ-૧૫ (પુનમ)ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ વાગ્યાનો રહેશે તેમજ તા.૦૬/૦૪/૨૦૨૫થી મંદિરના દર્શન અને આરતીનો સમય રાબેતા મુજબ રહેશે. તમામ ભક્તજનોને વિનંતી છે કે, તેઓ ઉપરોક્ત સમય મુજબ દર્શન માટે આગમન કરે તેમ જણાવ્યું છે.

# ખેડા જિલ્લા આરોગ્ય શાખા ખાતે પ્રિનેટલ ડાયગ્નોસ્ટીક ટેકનીક એક્ટ અન્વયે એડવાઈઝરી કમીટીની મીટીંગ યોજાઈ

| (માહિતી) નડિયાદ, તા.૨૮ |

ખેડા જિલ્લા આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત નડિયાદ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી વી. એ. ધ્રુવેની અધ્યક્ષતામાં પ્રિનેટલ ડાયગ્નોસ્ટીક ટેકનીક એક્ટ અન્વયે એડવાઈઝરી કમીટીની મીટીંગ યોજાઈ. આ મીટીંગમાં પીસી પીએનડીટી એક્ટ અંતર્ગત રજીસ્ટ્રેશન માટે આવેલ સોનોગ્રાફીના નવીન તથા રીન્યુઅલ અરજીઓની મંજુરી બાબતે, સેક્સ રેસિયો સંતુલન કરવા અને છેલ્લી મીટીંગની મીનીટ્સ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ મીટીંગમાં મુખ્ય આર.સી.એચ.ઓશ્રી



ડો.એ.એ.પઠાન, સી.ડી.એમ.ઓ શ્રી ડો. કવિતા શાહ,કાનુની નિષ્ણાંત શ્રી કિંજલ આર.બારોટ, ડો. રવિત પટેલ, સ્ત્રી રોગ નીષ્ણાંત ડો.અશ્વીન ધોરી, સામાજિક કાયકર શ્રી ભૌતિક બી.પટેલ હાજર રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે અન્યોની પ્રશંસા કરીને ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

તમારા આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની સંભાળ લો અને પરિસ્થિતિને ઠંડી પાડો. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.

**કર્ક (ડ,હ) :**

આજે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે. તમને જો એમ લાગતું હોય કે મહત્વના કામ તમે અન્યોની મદદ વિના પણ પાર પાડી શકો છો તમારી મોટી ગેરસમજ થાય છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે કોઈ હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા.જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**તુલા (ર,ત) :**

આજે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે અને તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે. તમારી સમયસરની મદદ કોઈકને દુર્ભાગ્યનો અનુભવ કરવામાંથી બચાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદૃશ્ય થઈ જશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધોમાં મજબૂતી આવશે?

ચાલુ નાણાકીય વર્ષ માટે GDPના ૪.૮ ટકા હોવાનો અંદાજ

# સરકાર FY26ના પ્રથમ છ માસમાં રૂપિયા ૮ લાખ કરોડનું ઋણ લેશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કેન્દ્ર સરકાર ૨૦૨૫-૨૬ના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળા દરમિયાન તેની મહેસૂલ ખાધને પહોંચી વળવા માટે મુદતી બોન્ડ મારફત રૂ.૮ લાખ કરોડનું જંગી ઋણ લેશે. સરકારે આગામી નાણાકીય વર્ષ દરમિયાન બજારમાંથી કુલ રૂ.૧૪.૮૨ લાખ કરોડનું ઋણ લેવાનો બજેટમાં અંદાજ વ્યક્ત કર્યો હતો. આમાંથી રૂ.૮ લાખ કરોડ અથવા કુલમાંથી ૫૪ ટકા ઋણ વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં લેવામાં આવશે. નાણા મંત્રાલયે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે રૂ.૮ લાખ કરોડનું ઋણ લેવા માટે સરકાર બજારમાં મુદતી સિક્યોરિટીનું વેચાણ કરશે. તેમાં રૂ.૧૦,૦૦૦ કરોડના સોવરિન ગ્રીન બોન્ડ્સનો પણ સમાવેશ થાય છે. નાણામંત્રી નિર્મલા સીતારામને આગામી નાણાકીય વર્ષમાં મહેસૂલ ખાધને પહોંચી વળવા માટે ડેટેડ સિક્યોરિટીઝ જારી કરીને રૂ.૧૪.૮૨ લાખ કરોડનું ઋણ લેવાની બજેટમાં દરખાસ્ત કરી હતી. ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં સરકારની રાજકોષીય ખાધ GDPના ૪.૪ ટકા રહેવાનો અંદાજ છે, જે ચાલુ નાણાકીય વર્ષ માટે GDPના ૪.૮ ટકા હોવાનો અંદાજ છે. ૨૦૨૫-૨૬ માટે સરકારની રાજકોષીય ખાધ રૂ.૧૫,૬૮,૯૩૬ કરોડ રહેવાનો અંદાજ છે.રાજકોષીય ખાધને પહોંચી વળવા માટે મુદતી સિક્યોરિટી મારફતનું ચોખ્ખું બજાર ઋણ આશરે રૂ.૧૧.૫૪ લાખ કરોડ છે. બાકીની રકમ નાના બચતો અને બીજા માધ્યમો મારફત એકત્ર કરાશે. સીતારામને બજેટ ભાષણમાં જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬માં સરકારની ઋણ સિવાયની કુલ આવક રૂ.૩૪.૯૬ કરોડ અને કુલ ખર્ચ રૂ.૫૦.૬૫ કરોડ રહેવાનો અંદાજ છે. ટેક્સ મારફતની કુલ આવક રૂ.૨૮.૩૭ લાખ કરોડ રહેવાનો અંદાજ છે.

ભીડે બંગાળના મુખ્યમંત્રીને અટકાવીને તીખા પ્રશ્નો પૂછ્યા

# ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભાષણ દરમિયાન હોબાળો

## ‘મને બોલવા દો’ તમે મારું નહીં, પણ તમારી સંસ્થાનું અપમાન કરી રહ્યા છો, હું જ્યાં પણ જાઉં છું ત્યાં આ લોકો આવું જ કરે છે : મમતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ઓક્સફર્ડ યુનિવર્સિટીના કેલોગ કોલેજમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભાષણ દરમિયાન ભારે હોબાળો થયો હતો. સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI) ના વિદ્યાર્થી નેતાઓએ ‘પાછા જાઓ’ (Go back) ના નારા લગાવ્યા અને આર.જી. ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું, અને આરજી કરમેડિકલ કોલેજને લગતા મુદ્દાઓ પર પ્રશ્નો પૂછ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં મમતા બેનર્જીએ કહ્યું, ‘આ મામલો કોર્ટમાં છે, આ મામલો કેન્દ્ર સરકાર પાસે છે.’ અહીં રાજકારણ ન કરો, આ પ્લેટફોર્મ રાજકારણ માટે નથી. તમે



જૂઠું બોલી રહ્યા છો, આને રાજકીય પ્લેટફોર્મ ન બનાવો. તમે બંગાળ જાઓ અને તમારા પક્ષને વધુ મજબૂત બનાવો.આ દરમિયાન, મમતા બેનર્જીએ ભીડને એક ફોટો બતાવ્યો અને કહ્યું કે તમે મારી આ તસવીર જુઓ, મને કેવી રીતે મારવાનો પ્રયાસ કરવામાં આવ્યો. વધુમાં, જ્યારે મમતા બેનર્જીએ દાવો કર્યો કે બંગાળને લાખો કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવો મળ્યા છે, ત્યારે એક દર્શકે તેમને ચોક્કસ રોકાણોના નામ આપવા કહ્યું હતું. જે પ્રશ્ન પર, મમતાએ જવાબ આપ્યો, ‘‘ઘણા બધા છે...’’ તેમણે વધુ વિગતવાર વાત કરે તે પહેલાં, અન્ય લોકોએ તે શખ્સને ચૂપ રહેવા કહ્યું, અને દલીલ કરી કે આ કોઈ પ્રેસ કોન્ફરન્સ નથી.મમતા બેનર્જીએ કહ્યું કે તેમને પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરવાની તક આપવી જોઈએ. તેણે કહ્યું, ‘મને બોલવા દો.’ તમે મારું નહીં, પણ તમારી સંસ્થાનું અપમાન કરી રહ્યા છો.



મુસ્લિમ શ્રદ્ધાળુઓ પવિત્ર રમઝાન મહિનાના છેલ્લા શુક્રવારે જેને ‘‘જમાત-ઉલ-વિદા’’ તરીકે ઓળખવામાં આવે છે. ૨૮ માર્ચ, ૨૦૨૫ ના રોજ જૂની દિલ્હીની જામા મસ્જિદમાં નમાઝ અદા કરી હતી.

રાતા સમુદ્રના કિનારે એક ટુરિસ્ટ સબમરીન ડૂબી

# ઈજિપ્તમાં ૪૪ પેસેન્જરને લઈ જતી સબમરિન ડૂબી, છ લોકોના મોત

## આ ટુરિસ્ટ સબમરિન સમુદ્રમાં ૭૨ ફૂટની ઊંડાઈ સુધી જઈ શકે છે પરંતુ કોઈ અજાણ્યા કારણોવશ તે પાણીમાં ગરકાવ થઈ હતી

। (એજન્સી) ઈજિપ્ત, તા.૨૮ ।

ઈજિપ્તના હર્ગહાડા શહેરમાં રાતા સમુદ્રના કિનારે આજે એક ટુરિસ્ટ સબમરીન ડૂબી ગઈ છે. આ ભયાવહ ઘટનામાં ઓછામાં ઓછા છ લોકોના મોત અને નવ ઘાયલ થવાની આશંકા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, આ ઘટના બાદ આશરે ૨૯ લોકોને બચાવવામાં આવ્યા છે. જેમાં ચાર ગંભીર રૂપે ઘાયલ છે. તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઈજિપ્તના હર્ગહાડા શહેરના તટ પર અચાનક પાણીમાં ગરકાવ થયેલી આ ટુરિસ્ટ સબમરીનનું નામ સિંદબાદ હતું. જેમાં ૪૪ લોકો સવાર હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લેતાં ઘાયલોને તુરંત હોસ્પિટલ પહોંચાડવા માટે ૨૧ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવી છે. સિંદબાદ સબમરીનમાં કુલ ૪૪ પેસેન્જર જુદા-જુદા દેશના હતાં. જે ઈજિપ્તના રાતા સમુદ્રની ઊંડાઈમાં કોરલ રિફસ અને ટ્રોપિકલ માછલીઓ નિહાળવા માટે આવ્યા હતા. આ ટુરિસ્ટ સબમરિન સમુદ્રમાં ૭૨ ફૂટની ઊંડાઈ સુધી જઈ શકે છે. પરંતુ કોઈ અજાણ્યા કારણોવશ તે પાણીમાં ગરકાવ થઈ હતી. પ્રારંભિક ધોરણે મિકેનિકલ ખામીના કારણે સબમરીન ડૂબી હોવાનું તારણ કાઢવામાં આવ્યું છે. વધુ તપાસ ચાલુ છે.ચાર મહિના પહેલાં રાતા સમુદ્રમાં ટુરિસ્ટ યાટ ડૂબી હતી. તે સમયે પણ સ્થાનિક સત્તાધીશોએ દરિયામાં કરંટ વધ્યો હોવાની ચેતવણી આપી હતી.

યુઝર્સ હવે આ ફીચર્સનો લાભ ઉઠાવી શકશે

# ડિજિટલ પેમેન્ટને વધુ સુલભ બનાવવા BHIM ૩.૦ લોન્ચ

## BHIM એપમાં ત્રીજી અપડેટ યુઝર્સ, બિઝનેસ અને બેન્કોની સુવિધાને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૮ ।

ડિજિટલ પેમેન્ટને વધુ સુલભ અને સરળ બનાવવાના ઉદ્દેશ સાથે નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સતત તેમાં ટેક્નોલોજિકલ સુધારાઓ કરી રહ્યા છે. BHIM એપને વધુ સુલબ બનાવતાં NPCIએ BHIM ૩.૦ લોન્ચ કરી છે. જેમાં પેમેન્ટ કરવા ઉપરાંત ખર્ચાઓને મેનેજ કરવું પહેલાં કરતાં પણ વધુ સરળ અને સ્માર્ટ થયું છે. BHIM એપમાં ત્રીજી અપ ડેટ યુઝર્સ, બિઝનેસ અને બેક્રોની સુવિધાને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવી છે. બિલ રજૂ કરવાની સુવિધાઃ હવે તમે મિત્રો




અને પરિવાર સાથે ખર્ચ વહેંચી શકો છો. ઘરનું બાડું હોય, ખાણી-પીણીનું બિલ હોય અથવા કોઈ ગ્રુપ શોપિંગ હોય હવે BHIM ૩.૦માં સ્પ્લિટ પેમેન્ટ કરવાની સુવિધા આપવામાં આવી છે. જેનાથી હિસાબ કરવો સરળ બનશે. ફેમિલી મોડઃ હે તમે તમારા પરિવારના સભ્યોને જોડી તેમના ખર્ચાઓ પર નજર રાખી શકશો.

અમેરિકી દૂતાવાસે શેડ્યુલિંગ નીતિઓનું ઉલ્લંઘન ગણાવ્યું

# ભારતમાં US વિઝા એપોઇન્ટમેન્ટમાં કૌભાંડ! બોટ્સ દ્વારા બુક કરાયેલા ૨૦૦૦ સ્લોટ રદ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮ ।

અમેરિકાએ ભારતમાં વિઝા એપોઈન્ટમેન્ટ બુકિંગમાં હેરાફેરી કરતા બોટ્સ સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. યુએસ એમ્બેસીએ વિઝા ઈન્ટરવ્યુ માટે બોટ્સ દ્વારા બુક કરાયેલી લગભગ ૨,૦૦૦ વિઝા એપોઈન્ટમેન્ટ રદ કરી છે. યુએસ અમેરિકાએ આને શેડ્યુલિંગ નીતિઓનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. US દૂતાવાસે X પર જણાવ્યું હતું કે, એજન્ટો અને વચેટિયાઓ દ્વારા કરવામાં આવતી આવી પ્રવૃત્તિઓ પ્રત્યે અમારી પાસે ‘ઝીરો ટોલરન્સ પોલિસી’ છે. અમે આ એપોઈન્ટમેન્ટ રદ કરી રહ્યા છીએ અને લિંક્ડ




એકાઉન્ટ્સ માટે શેડ્યૂલિંગ સર્વિસિસ સ્થગિત કરી રહ્યા છીએ. ભૂતકાળમાં યુએસ વિઝા એપોઈન્ટમેન્ટ મેળવવાની પ્રક્રિયામાં મોટા પાયે છેતરપિંડીના અહેવાલો આવ્યા છે. સામાન્ય નાગરિકો માટે સમયસર એપોઈન્ટમેન્ટ મેળવવી ખૂબ જ મુશ્કેલ હોય છે, જ્યારે એજન્ટોને મોટી રકમ ચૂકવવા પર વહેલી તારીખ મળે છે. નામ ન આપવાની શરતે એક વ્યક્તિએ જણાવ્યું હતું કે, ‘અમે અમારા બાળકના યુએસ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે વિઝા ઈન્ટરવ્યૂની તારીખ મેળવવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈ સ્લોટ ઉપલબ્ધ નહોતા. આખરે, અમારે એક એજન્ટને ~૩૦,૦૦૦ ચૂકવવા પડ્યા અને તાત્કાલિક એપોઈન્ટમેન્ટ મળી ગઈ.’હાલમાં યુએસ બિઝનેસ અને ટુરિસ્ટ વિઝા (B1/B2) માટે એપોઈન્ટમેન્ટ મેળવવામાં છ મહિનાથી વધુ સમય લાગી રહ્યો છે. પરંતુ એજન્ટોને ~૩૦,૦૦૦થી ૩૫,૦૦૦ ચૂકવીને ફક્ત એક મહિનામાં જ એપોઈન્ટમેન્ટ મેળવી શકાય છે.

# ડીપોર્ટ કરાયેલા શીખોને પાઘડી ઉતારવા અમે સૂચના આપી ન હોતીઃ અમેરિકા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ગત મહિને અમેરિકાએ ત્રણ મિલિટરી ફ્લાઈટમાં ભારતીયોને ડિપોર્ટ કર્યા હતા. ડીપોર્ટની પ્રક્રિયા દરમિયાન અમેરિકાએ ભારતીયો સાથે ક્રૂરતા આચરી હોવાના આક્ષેપો થયા હતા અને આ મામલે નિષ્ક્રિયતા બદલ કેન્દ્ર સરકારની પણ ટીકા થઈ હતી. કેન્દ્ર સરકારે આ મામલે અમેરિકા સમક્ષ વાંધો ઊઠાવ્યો હતો, જેના પગલે અમેરિકાએ ખુલાસો કર્યો હતો કે, કોઈ ભારતીયને તેમના માથા પરથી ધાર્મિક ચિહ્ન હટાવવા સૂચના અપાઈ ન હોતી. અમેરિકાએ ભારતીયોને આપેલા ભોજન તથા ધાર્મિક અસહિષ્ણુતા બદલ દેશભરમાં પ્રસરેલા નારાજગીના માહોલ સંદર્ભે રાજ્યકક્ષાના વિદેશમંત્રી કિર્તિ વરધાનસિંઘે રાજ્યસભામાં જણાવ્યું હતું કે, અમેરિકાએ શીખોને પાઘડી ઉતારવા અને મહિલા-બાળકોને બેડીઓમાં જકડીને ભારત ડીપોર્ટ કર્યા હોવાના અહેવાલો ચિંતાજનક હતા.

પંજાબના નાણામંત્રી હરપાલ સિંહ ચીમા જાહેરાત કરી

# પહેલીવાર ડ્રગ્સના કેટલા બંધાણી છે, તેની વસ્તી ગણતરી કરાશે

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૮ ।

પંજાબ સરકારે ડ્રગ્સના વ્યસનની સમસ્યાનો સામનો કરવા માટે એક ઐતિહાસિક પગલું ભરવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં પહેલી વાર ડ્રગ્સના વ્યસન પર એક વ્યાપક વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે, જેનો ઉદ્દેશ્ય ડ્રગ્સના વ્યસનના વ્યાપ, વ્યસન મુક્તિ કેન્દ્રોના ઉપયોગ અને અસરગ્રસ્ત લોકોની સામાજિક-આર્થિક સ્થિતિ અંગે સચોટ ડેટા એકત્રિત કરવાનો છે. બુધવારે પંજાબના નાણામંત્રી હરપાલ સિંહ ચીમાએ વિધાનસભામાં તેમના બજેટ ભાષણ દરમિયાન આ જાહેરાત કરી હતી. નાણામંત્રીએ કહ્યું, ‘‘અમે આગામી નાણાકીય વર્ષમાં પંજાબમાં સૌપ્રથમ ‘ડ્રગ સેન્સસ’ કરવાનું નક્કી કર્યું છે. આ સેન્સસ રાજ્યના દરેક ઘરને આવરી લેશે અને ડ્રગ વ્યસનના વ્યાપ, વ્યસન મુક્તિ કેન્દ્રોના ઉપયોગ અને લોકોની સામાજિક-આર્થિક સ્થિતિનો ડેટા એકત્રિત કરશે.’’ તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ ડેટાનો ઉપયોગ ડ્રગ વ્યસનની સમસ્યાને દૂર કરવા માટે અસરકારક અને વૈજ્ઞાનિક વ્યૂહરચના તૈયાર કરવા માટે કરવામાં આવશે. સરકારે આ પહેલ માટે ૧૫૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. પંજાબમાં લાંબા સમયથી ડ્રગ્સના વ્યસનની સમસ્યા એક ગંભીર પડકાર રહી છે. રાજ્ય પાકિસ્તાન સાથે સરહદ ધરાવતું હોવાથી ડ્રગ્સની હેરાફેરી એક મોટી સમસ્યા છે. આ વસ્તી ગણતરી દ્વારા, સરકારનો ઉદ્દેશ્ય ડ્રગ્સના દુરુપયોગના ફેલાવાને સમજવાનો અને તેના ચાલી રહેલા ‘ડ્રગ્સ સામે યુદ્ધ’ અભિયાનને મજબૂત બનાવવાનો છે.

વિશેષ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિશાલા ખાતે ગુજરાતી રંગમંચના ૧૧ કલાકારોને સન્માનિત કરાયા

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદ સ્થિત વિશાલા રેસ્ટોરન્ટ ખાતે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી થઇ

। (માહિતી) ગાંધીનગર ।

વિશ્વ રંગભૂમિ દિવસે અમદાવાદ સ્થિત વિશાલાને ૪૮માં વર્ષ પ્રવેશ કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, છેલ્લા ૫ દાયકાથી વિશાલાએ ગુજરાતના કલા-સંસ્કૃતિ-કસબને જાળવવાનો ઉપક્રમ સર્જ્યો છે એ ખૂબ જ સરાહનીય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલો ‘વિકાસ ભી વિરાસત ભી’નો મંત્રને આ કાર્યક્રમ થકી સાકાર થયો છે. વિશ્વ રંગભૂમિ દિવસના અવસરે કલા-પરંપરા સાથે જોડાયેલા કલાકારોને સન્માનિત કરવાનો અવસર મને મળ્યો છે. એટલું જ નહિ, આજનો આ સન્માન સમારોહ દરેક કલાકાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક અવસર પણ છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે, ‘વિચાર ચેરિટેબલ ટ્રસ્ટ, પ્રસિદ્ધ વાસણ મ્યુઝિયમ, નિર્માણાધીન ખુરશી મ્યુઝિયમ, ગાંધીમિત્ર એવોર્ડનું વિતરણ સાથે વિશ્વ રંગભૂમિ દિનની ઉજવણીનું આયોજન કરવું એ વિશાલાની પરંપરા રહી છે. આ સાથે વિશાલા દ્વારા રંગભૂમિના કલાકારોના સન્માન કરવામાં આવી રહ્યું છે એ પણ એક સરાહનીય પહેલ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ આયોજન બદલ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ તેમજ ટીમ વિશાલાને અભિનંદન પણ પાઠવ્યા હતા. રંગભૂમિના યોગદાન વિશે વાત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે





કહ્યું કે, નાટક એવી સક્ષમ કલા છે જે મનોરંજનથી ઉપર ઊઠીને સમાજમાં ક્રાન્તિ ફેલાવી શકે છે. દેશમાં સુધારાની ચળવળ હોય, સ્વતંત્રતાનો સંગ્રામ હોય કે પછી જનજાગૃતિ હોય, રંગભૂમિના કલાકારોએ હંમેશાં સમાજ માટે મોટી જવાબદારીઓ નિભાવી છે અને સમાજમાં ક્રાન્તિકારી પરિવર્તનો લાવવામાં રંગભૂમિએ ખુબ મોટું યોગદાન આપ્યું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલા વિવિધ અભિયાનો અંગે વાત કરતા કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સશક્ત-સ્વસ્થ વિકસિત ભારતના નિર્માણની નેમ રાખી છે અને સ્વચ્છ ભારત અભિયાન, જળસંરક્ષણ માટે કેચ ધ રેઈન, પર્યાવરણ-જાળવણી માટે એક પેડ માં કે નામ અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે મેદસ્વીતા-મુક્ત ભારતનું આહવાન કર્યું છે ત્યારે સૌ કલાકાર આ અભિયાનોને નાટક, સ્ટ્રીટ-પ્લે, સ્કીટ જેવા પ્રયોગોથી વધુને વધુ લોકો સુધી પહોંચાડશે અને વિકસિત ગુજરાત દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ અવસરે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાતી રંગમંચના ૧૧ પ્રખર કલાકારો જેમ કે, શ્રી રાગિની શાહ, શ્રી હરીશ ભિમાણી, શ્રી સિધ્ધાર્થ રાંદેરિયા, શ્રી જૈમિની ત્રિવેદી

શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ, શ્રી દીપ્તિ જોષી બ્રહ્મભટ્ટ, શ્રી જપસ્વીની શુક્લ, શ્રી વિહંગ મહેતા, શ્રી સતીશ દેસાઈ, શ્રી એસ.એ. કાદરી, શ્રી સ્મિતા શર્મા તેમજ યુવા કલાકારો શ્રી કરણ પટેલ અને શ્રી જીયા ભટ્ટને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે ગુજરાતી રંગભૂમિના જાણીતા કલાકાર પદ્મશ્રી તુષાર શુક્લ તેમજ કલાગુરુ ઈલાક્ષી ઠાકોરનુ પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સન્માનિત થયેલા કલાકારો તેમજ સૌને વિશ્વ રંગભૂમિ દિનની સૌને શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આ પ્રસંગે વિશાલના ઓનર શ્રી સુરેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, ૨૭મી માર્ચ વિશ્વ રંગભૂમિ દિવસ અને વિશાલા થીમ રેસ્ટોરન્ટનો જન્મદિવસ એક યોગાનુયોગ છે. આ નિમિત્તે પીઢ તથા યુવા કલાકારોને વધાવવા અને એના સાથે મળી ભોજન કરવાનો એક અવસર તૈયાર કરી વિચાર ટ્રસ્ટ અને વિશાલા દ્વારા કલાકારો માટેનું એવોર્ડ સમારોહનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, વિચાર ટ્રસ્ટ અને વિશાલા છેલ્લા સતત ૧૨ વર્ષથી એવોર્ડ સમારોહનું આયોજન કરતું આવ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશાલામાં આવેલા સંગ્રહાલયની મુલાકાત લીધી હતી તેમજ કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલું મયુર નૃત્ય પણ નિહાળ્યું હતું આ અવસરે શ્રી પૂર્વ શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી જીતુભાઈ વાઘાણી, વિશાલા તેમજ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારો, રંગમંચના કલાકારો અને સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### BISની ટીમે બાવળાના એમેઝોન વેરહાઉસમાં પાડ્યા દરોડા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદમાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના અધિકારીઓની ટીમ દ્વારા ગઈકાલે ગુરુવારે (૨૭ માર્ચ, ૨૦૨૫) બાવળાના રાજોડા ગામ ખાતે આવેલાં મેસર્સ એમેઝોન સેલર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં BISની ટીમે એમેઝોન વેરહાઉસ માંથી ૫૮૩૪ બિનપ્રમાણિત ઉત્પાદનો જપ્ત કર્યા હતા. અમદાવાદના બાવળાના રાજોડા ગામ ખાતે આવેલા મેસર્સ એમેઝોન સેલર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડમાં ઘરેલું ઉપયોગ માટે ૫૬૩ ઈન્સ્યુલેટેડ ફ્લાસ્ક, ફૂડ પેકેજિંગ માટે ૩૫૩૬ એલ્યુમિનિયમ ફોઈલ, ૭૭૯ ડોમેસ્ટિક સ્ટેનલેસ સ્ટીલ વેક્યૂમ ફ્લાસ્ક/બોટલ, ૧૫૨ પ્લાસ્ટિક ફીડિંગ બોટલ, ૬૧૩ ઈલેક્ટ્રિક રમકડાં અને ૧૯૧ નોન-ઈલેક્ટ્રિક રમકડાં સહિત કુલ ૫૮૩૪ કન્ઝ્યુમર ગૂડ્ઝ ફરજિયાત મૈંજી સ્ટાન્ડર્ડ માર્ક વિના સંગ્રહિત હોવાનું જાણવા મળ્યું હતું.

### મેડિકલ ગ્રાઉન્ડ પર ત્રણ મહિનાના મળ્યા હંગામી જામીન

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

દુષ્કર્મ કેસ મામલે આસારામને ગુજરાત હાઈકોર્ટથી મોટી રાહત મળી છે. મેડિકલ ગ્રાઉન્ડ પર આસારામને ત્રણ મહિનાના હંગામી જામીન મળ્યા છે. ગુજરાત હાઈકોર્ટમાં શુક્રવારે (૨૫ માર્ચ, ૨૦૨૫) સુનાવણી હાથ ધરાઈ હતી. જણાવી દઈએ કે, આસારામે છ મહિનાના કાયમી જામીન માગ્યા હતા. આસારામના વચગાળાના જામીન ૩૧ માર્ચે પૂરા થઈ રહ્યા છે, જે મેડિકલ ગ્રાઉન્ડ પર લેવાયા હતા. જામીનને આગળ વધારવા કે નહીં તેના પર ગુજરાત હાઈકોર્ટના બે જજના મંતવ્ય અલગ અલગ રહ્યા હતા. એક જજે ત્રણ મહિના માટે જામીન આપવા મંતવ્ય આપ્યું હતું. જ્યારે બીજા જજનો નિર્ણય અલગ હતો. જેથી ખંડિત ચુકાદો આપ્યો હતો. ત્યારબાદ ચીફ જસ્ટિસ બીરેન વૈષ્ણવ સમક્ષ આસારામના વકીલે રજૂઆત કરી હતી. ગુજરાત હાઈકોર્ટના જજ એ.એસ. સુપેહિયાને આસારામની જામીન અરજી રિફર કરાઈ હતી.

### દારૂનો ખોટો કેસ કરવાની ધમકી આપી લાંચ લેનારો કોન્સ્ટેબલ ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

દારૂનો ખોટો કેસ કરવાની ધમકી આપીને એક વ્યક્તિ પાસેથી રૂ.૧૫૦૦ ની લાંચ લેતા નારોલ પોલીસ સ્ટેશનનો હેડ કોન્સ્ટેબલ છટકાની જાળમાં ફસાઈ ગયો હતો. આ કેસની વિગત મુજબ ફરીયાદી પહેલા દારૂનો ધંધો કરતાં હતા અને છેલ્લા ચારેક માસથી ફરીયાદી એ દારૂનો ધંધો બંધ કરી દીધો હતો. બીજીતરફ નારોલ પોલીસ સ્ટેશનનો હેડ કોન્સ્ટેબલ વનરાજસિંગ વી.વાળા ફરીયાદી પાસે રૂ.૨૫૦૦ ની માંગણી કરેલ અને જો ફરીયાદી પૈસા ના આપે તો દારૂના ખોટા કેસ કરવાની ધમકી આપી હતી.





તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર

આજ રોજ સંતરામપુર તાલુકા હેલ્થ કચેરી સંતરામપુર દ્વારા આયોજીત આશા ફેસીલેટર અને આશાઓનું સંમેલન સંતરામપુર/કડાણાનું સંતરામપુર ખાતે નગરપાલિકા ટાઉન હોલમાં યોજવામાં આવેલ. જેમાં સંતરામપુર તાલુકાના અધ્યક્ષ શ્રી અધિકારીશ્રી જે.કે પટેલ સાહેબ અને ટીએચઓશ્રી સંતરામપુર તાલુકાના સંજય પટેલ સાહેબ તથા ટી. એસ. એસ. પ્રવીણ સાહેબ સાથે સહ કર્મચારીશ્રીઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા અને આશાઓને પ્રોત્સાહિત કરી શ્રેષ્ઠ કામગીરી બદલ આશા ફેસીલેટર અને આશાઓને સન્માનિત કરવામાં આવી હતી. તેમજ વિવિધ માહિતી ઉપરોક્ત અધિકારીશ્રીઓ અને સહ કર્મચારીશ્રી MPHW અને FHW સુપરવાઈઝર દ્વારા તેલ સિકલસેલ ટીબી રક્તપિત વેક્સિનેશન અને કુટુંબ નિયોજનની ચર્ચાઓ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

#### અમદાવાદના ચાંદખેડામાં ભયાનક અકસ્માત

## બસની પાછળ ઘૂસી જતાં કારનું પડીકું વળી ગયું, એકનું મોત

### આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે જ્યારે અન્ય એક હજુ કારમાં જ ફસાયેલો હોવાની જાણકારી મળી રહી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આજે સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયાની માહિતી સામે આવી રહી છે. અહીં એક બસ અને મોંઘેરી એસયુવી કાર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. માહિતી મુજબ એએમટીએસની બસના પાછળના ભાગમાં એસયુવી કાર ઘૂસી જતાં કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે જ્યારે અન્ય એક હજુ કારમાં જ ફસાયેલો હોવાની જાણકારી મળી રહી છે જેની હાલત ગંભીર છે. સ્થાનિકોનો દાવો છે કે અકસ્માત સર્જનાર કારચાલકે એક બાઈકને પણ ટક્કર મારી હતી. પ્રાથમિક તપાસમાં જાણકારી મળી છે કે કારચાલકની બાજુમાં બેઠેલા વ્યક્તિનું મોત નીપજ્યું છે જ્યારે ડ્રાઈવર કારમાં ફસાઈ ગયો હતો જેને ગંભીર ઈજાઓ થઈ છે અને તેને બહાર કાઢવાના પ્રયાસ હાથ ધરાયા હતા. માહિતી અનુસાર પૂરઝડપે કાર દોડી રહી હતી તે સમયે બાજુમાં



એક લક્ઝરી બસ અને એએમટીએસની બસ પણ આવી જતા કારચાલક મુંઝાઈ ગયો અને કારને કાબૂમાં ન કરી શક્યો જેના કારણે કાર એએમટીએસ બસના પાછળના ભાગમાં ધડાકાભેર ઘૂસી ગઈ હતી.

#### વધુ એક મોંઘવારીનો માર!

## ગુજરાત ST બસના ભાડામાં એક ઝાટકે ૧૦ ટકાનો વધારો

### મધ્યરાત્રિથી નવા ભાડાં લાગુ : આ નિર્ણયથી રાજ્યના લાખો મુસાફરોના ખિસ્સા પર સીધી અસર થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

ગુજરાતની જનતાના માથે વધુ એક મોંઘવારીનો માર પડ્યો છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મોટો નિર્ણય લેવાયો છે. એસટી નિગમ દ્વારા બસ સેવાનાં ભાડામાં ૧૦ ટકાનો વધારો ઝીંકી દેવાયો છે, તેથી આજે મધ્યરાત્રિથી નવા ભાડાં લાગુ થશે. એસટી નિગમના આ નિર્ણયથી રાજ્યના લાખો મુસાફરોના ખિસ્સા પર સીધી અસર થશે. જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૪ બાદ વર્ષ ૨૦૨૩માં વિવિધ કારણોસર નિગમનું આર્થિક ભારણ ખુબ જ વધ્યું હોવાથી રાજ્યમાં બસની ટિકિટના ભાવમાં પ્રતિ કિ.મી ૨૫ ટકાનો વધારો કરાયો હતો. ત્યારબાદ હવે વર્ષ ૨૦૨૫માં બસ ભાડામાં ભાવ વધારો કરાયો છે. ગુજરાત ST વિભાગ દ્વારા જણાવાયું છે કે, નિગમની તમામ સર્વિસોના મુસાફર ભાડામાં ફેરફાર કરવાની સત્તા એનાયત હતી, જે અનુસંધાને વર્ષ ૨૦૧૪ બાદ વર્ષ ૨૦૨૩માં એટલે કે ૧૦ વર્ષ બાદ ૧૮% જેટલો ભાડા વધારો કરવાનો થતો હતો, પરંતુ મુસાફરોને એકી સાથે ભારણ ન પડે તે ધ્યાને લઈ તબ્બકાવાર ભાડા વધારોનો નિર્ણય કર્યો હતો. જે પૈકી ૧ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ૨૫% ભાડા વધારાનો અમલ કરવામાં આવ્યો છે. નિગમની પરિવહન સેવાઓ વધુ મજબુત અને સુવિધાયુક્ત બને તે ધ્યાને લઈ ભાડા વધારામાં ફેરફાર કરવાની સત્તાઓ અનુસાર નિગમના સંચાલક મંડળ દ્વારા નિગમની સર્વિસોમાં ૨૮ માર્ચ ૨૦૨૫ની મધ્યરાત્રિથી એટલે કે તારીખ ૨૯ માર્ચ ૨૦૨૫થી ૧૦% ભાડા વધારો કરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો છે. જેમાં લોકલ સર્વિસોમાં કુલ મુસાફરો પૈકી ૮૫% મુસાફરો (દરરોજ અંદાજીત ૧૦ લાખ જેટલા) ૪૮ કી.મી. સુધીની મુસાફરી કરે છે જેમાં માત્ર રૂ.૧/- થી રૂ.૪/- સુધીનો નજીવો ભાડા વધારો થવા પામે છે. જેવી રાજયના લોકલ સર્વિસોમાં મુસાફરી કરતા મુસાફરીને ભાડા વધારાથી નહિવત આકાર થવા પામશે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ની ST દૈનિક ૮૦૦૦ થી વધુ બસો થકી ૩૨ લાખથી વધુ કી.મી.નું અંતર કાપી ૨૭ લાખ મુસાફરોને અસરકારક જાહેર પરિવહનની સુવિધાઓ પૂરી પાડે છે.

## મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદ ખાતે હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન



। અમદાવાદ, તા.૨૮ ।

પશ્ચિમ રેલ્વે ના મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદ ખાતે ૨૭ અને ૨૮ માર્ચ ૨૦૨૫ ના રોજ વાર્ષિક હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય કર્મચારીઓ ના આરોગ્ય ની નિયમિત તપાસ કરાવવાનો અને તેમને જરૂરી સલાહ અને તબીબી સુવિધાઓ પૂરી પાડવાનો હતો. આ સાથે ક્ષય રોગ (ટીબી) પર એક શૈક્ષણિક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કર્મચારીઓને આ ગંભીર રોગના લક્ષણો, નિવારણ અને સમયસર સારવારના મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.

કેમ્પમાં ૧૭૫ રેલવે કર્મચારીઓની વિગતવાર તપાસ કરવામાં આવી હતી. ડૉક્ટરે તેમને હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને અન્ય સામાન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે તપાસ્યા અને જરૂરી સલાહ આપી. આ કેમ્પમાં હાઈ બ્લડ પ્રેશરના ૮ નવા કેસ અને ડાયાબિટીસના ૩ નવા કેસ નોંધાયા હતા અને ૧૫ રેલ્વે કર્મચારીઓના ઈસીજી કરવામાં આવ્યા હતા. આ દરમિયાન, ખાસ કરીને ડાયાબિટીસ અને હૃદય સંબંધિત રોગોને રોકવા માટે યોગ્ય આહાર, નિયમિત કસરત અને દવાઓના યોગ્ય ઉપયોગ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, કર્મચારીઓને જરૂરી દવાઓ ભવિષ્યમાં આરોગ્ય સંભાળ માટે સૂચનો પણ પૂરા પાડવામાં આવ્યા હતા.

આ આરોગ્ય તપાસ કેમ્પનું આસિસ્ટન્ટ ડિવિઝનલ મેડિકલ ઓફિસર (એડીએમઓ) ડૉ. અર્થ અને હેલ્થ યુનિટ અમદાવાદ ના સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

## રક્ષિતની કાર ૧૨૦ની સ્પીડે દોડી રહી હતી, જર્મનીથી રિપોર્ટ આવ્યાનો દાવો

। (એજન્સી) વડોદરા, તા.૨૮ ।

વડોદરાના કારેલીબાગના બહુચર્ચિત રક્ષિત ચૌરસિયા હિટ એન્ડ રન કેસમાં નવો ખુલાસો સામે આવ્યો છે. જોકે હજુ સુધી આ દાવાની પુષ્ટી થઈ શકી નથી. માહિતી અનુસાર આરોપી રક્ષિત ચોરસિયાની કારનો જર્મનીથી રિપોર્ટ આવી ગયો હોવાની વિગતો ચર્ચામાં છે. પરંતુ હજુ સુધી પોલીસ દ્વારા આ મામલે કોઈ કન્ફર્મેશન આપવામાં આવી નથી. માહિતી અનુસાર આમ્રપાલી કોમ્પ્લેક્સ પાસે હોળીની રાતે ફુલસ્પીડે ધસી આવેલી કારે ત્રણ સ્કૂટરને અડફેટમાં લેતાં આઠ જણા ફંગોળાયા હતા અને તેમાં હેમાલી પટેલ નામની મહિલાનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને અંજામ આપતી વખતે રક્ષિતની કારની ઝડપ ૧૨૦ થી ૧૩૦ની વચ્ચે હોવાનો દાવો કરાયો છે. એવો દાવો છે કે પોલીસને આ મામલે જર્મનીની ફોક્સવેગન કંપની દ્વારા રિપોર્ટ મોકલી દેવામાં આવ્યો છે પરંતુ આ રિપોર્ટ હજુ જાહેર કરાયો નથી. આ બનાવમાં વારાણસીના વતની અને નિઝામપુરામાં રહેતા રક્ષિત રવિશ ચોરસિયાની ધરપકડ કરવામાં આવી હતી.જ્યારે, તેની પાસે બેઠેલા કારમાલિકના પુત્ર પ્રાંશુ રાજેશ ચૌહાણ(ભાયલી) તેમજ બંને જણા જેને મળીને આવ્યા તે સુરેશ ભરવાડ (કિશનવાડી)ના બ્લડ તેમજ કારની સ્પીડના રિપોર્ટ માટે પોલીસે કાર્યવાહી કરી હતી.આ પૈકી રક્ષિતની કારનો રિપોર્ટ આવી ગયો હોવાની ચર્ચા છે. જેમાં તેની સ્પીડ ૧૨૦ થી ૧૩૦ જેટલી હોવાની માહિતી છે. જો કે, કારેલીબાગના પીઆઈ એચ એમ વ્યાસે આવો કોઈ રિપોર્ટ હજી મળ્યો નથી તેમ કહ્યું હતું. જ્યારે, ડીસીપી પન્ના મોમાયાએ કહ્યું હતું કે,અમે રિપોર્ટ વહેલા મળે તે માટે સતત તપાસમાં છીએ.

#### હરિયાણા અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા

## પોલીસકર્મીના પાર્થિવ દેહને ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ સંસ્કાર કરાયા

### પીએઆઇ જે.પી.સોલંકીને ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઇજાઓ થઇ હતી હાલમાં તેઓ સારવાર હેઠળ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ અને ત્રણ પોલીસકર્મી પોક્સોના ગુનાની તપાસ માટે પંજાબ જતા હતા. જ્યાં બુધવારે (૨૬ માર્ચ) હરિયાણાના ડબવાલી ખાતે ભારતમાલા રોડ ઉપર પોલીસને બોલેરો અને ટ્રક અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ પોલીસકર્મીના ઘટનાસ્થળ જ મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે પીએઆઈ, જે.પી.સોલંકીને ગંભીર ઈજાઓ થઈ હતી હાલમાં તે સારવાર હેઠળ છે. આ ત્રણેય મૃતકના પાર્થિવ દેહને અમદાવાદમાં લાવવામાં આવ્યાં હતાં અને પોલીસ કમિશનર સહિતના પોલીસકર્મીઓ અને મૃતકોના પરિવારજનો દ્વારા તમામ મૃતકોને પુષ્પાંજલિ અર્પણ કરાયા બાદ પાર્થિવ દેહને તેઓના ઘરે લઈ જવામાં આવ્યાં હતાં. મૃતક પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામિતના મૃતદેહને એમ્બ્યુલન્સમાં તાપી ખાતે લઈ જવામાં આવ્યો છે. તાપી ખાતે જિલ્લા પોલીસ વડા દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ સંસ્કાર કરાયા છે. આ ઉપરાંત ડ્રાઈવર ઘનશ્યામ ભરવાડ અને હોમગાર્ડ રવિન્દ્રસિંહ ક્ષત્રીયના પાર્થિવ દેહને પણ સિટીએમ અને સિંગરવા તેઓના ઘરે લઈ જવાયા છે. બંનેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનમાં પોક્સોનો ગુનો નોંધાયો હતો, આ કેસમાં આરોપી પંજાબમાં છૂપાયો હોવાની માહિતી આધારે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને નવા નરોડા ખાતે રહેતા પીએસઆઈ જયેન્દ્રસિંહ પ્રવીણસિંહ સોલંકી તથા અમરાઈવાડી જુની પોલીસ લાઈનમાં રહેતા પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામીત અને રામોલ ભરવાડ વાસમાં રહેતા ઘનશ્યામભાઈ ભરવાડ તેમજ ઓઢવ સિંગરવા ગામમાં રહેતા હોમગાર્ડ જવાન રવિન્દ્રસિંહ ક્ષત્રિય સાથે પોલીસની બોલેરા ગાડી લઈને તપાસ માટે પંજાબ જવા રવાના થયા હતા. જ્યાં બોલોરે કાર સાથે હરિયાણા સિરસા જિલ્લાના ડબવાલી ખાતે ભારત માલા રોડ ઉપરથી પસાર થતાં હતા. આ દરમિયાન પૂર ઝડપે આવી રહેલી સ્ટેશનરી ભરેલી ટ્રકના ચાલકે ટક્કર મારતાં ગુજરાત પોલીસની બોલેરો ગાડીને કચ્ચરઘાણ વળી ગયો હતો. જેના કારણે કારમાં સવાર હોમગાર્ડ સહિત ત્રણ પોલીસકર્મીના સ્થળ ઉપર મૃત્યુ થયા હતા

